# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम् ।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 12 ◆ પ્રકરણ : 08 ◆ સળંગ અંક : 140 26 નવેમ્બર 2006 વાર્ષિક લવાજમ : £ 25 / £ 40


## બ્રિટન - ત્યારે અને આજે : એક શ્વેત અંગ્રેજની નજરે ...

○ રજનીકાંત જે. મહેતા

'ચાળીસ વર્ષ જે હું નથી કરી શક્યો તે આજે કરી રહ્યો છું. બર્મિંગમ નજીક ડન્સફર્ડ રોડની ટેકરી તરફ હું જઈ રહ્યો છું. સાવ સાધારણ લોકોનાં સાવ નાનાં ઘરોવાળો આ રસ્તો હતો. જિંદગીનાં પહેલાં સત્તર વર્ષ મેં જ્યાં કાઢ્યાં છે તે આ રસ્તો છે.'

ડેવીડ ગ્રીટન નામના એક શ્વેત અંગ્રેજે વાતની શરૂઆત કરી. પછી કહે :

આજે તે રહેઠાણ માટે સારી જગ્યા ગણાય છે. જૂનાં પાડોશી પૉલીન જે હજી ત્યાં રહે છે તે કહે છે : 'આજે અહીં ઘણાં એશિયન લોકો રહે છે અને અમે સૌ એક બીજાં સાથે હળીમળીને રહીએ છીએ. તે સૌનાં બાળકો પસાર થાય છે ત્યારે અમને હસીને વિનયપૂર્વક 'હલૉ' કહે છે. બાજુમાં જ એક મિલનસાર સ્ત્રી રહે છે - અમે નિયમિત મળીએ છીએ અને એકબીજાંને નાતાલના ને ઈદના કાર્ડ પણ મોકલીએ છીએ.'

પૉલીનના પાડોશમાં રહેતી ૩૯ વર્ષની સ્ત્રી તસ્લિમા અકબર આનંદથી કહે છે : 'મને આ વિસ્તાર ગમ્યો કારણ કે જુદા જુદા વર્ણના અને ઉંમરના લોકો અહીં રહે છે. એક બાજુએ પૉલીન છે જે ઉમદા વ્યક્તિ છે અને બીજી તરફ મળતાવડો સાયમન. હળીમળીને રહેવામાં એક અનેરો આનંદ છે.'

આવી વાતો ચાળીસ વર્ષ પૂર્વે સાંભળવામાં આવી શકી હોત, તેવો વિચાર સુધ્ધાં ન કરી શકાય.

ચાળીસ વર્ષ પહેલાં અમે બર્મિંગમ નજીક સ્મેથવિક બરૉમાં આવેલા બૅરવુડ વિસ્તારમાં રહેતા. તે સમયે સ્મેથવિક રંગદ્વેષનો ગઢ ગણાતો. તેનો વિચાર કરતાં તે સમય અને કાળ કેટલો વિસ્ફોટક હતો તેનો વિચાર પુનઃ જન્મ્યો. પચાસના દાયકાના છેલ્લાં વર્ષોમાં શ્વેત પ્રજામાં વધતા જતા અસંતોષનો આછો પાતળો અહેસાસ શરૂ થયો હતો - કારણ ? પરદેશી વસાહતી - મુખ્યત્વે એશિયનો અને કેરેબિયનોનું આ દેશમાં વસવાટ અને વ્યવસાય અર્થે આગમનનો પ્રારંભ. કેરેબિયનો મુખ્યત્વે બસ કન્ડકટર અને ડ્રાયવરો થયા. એશિયનો - ઘણાં ખરા પંજાબથી આવતા પુરુષો - સ્મેથવિક વિસ્તારની ફાઉન્ડ્રીઓમાં મોટર ઉદ્યોગ માટે 'કાસ્ટીંગ્સ' બનાવવા જોડાયા. આ આર્થિક વસાહતીનું એક સ્પષ્ટ લક્ષ્યાંક હતું : ઝડપથી પૈસા કમાઈ મોટી બચત કરવી અને પોતાનાં કુટુંબોને શક્ય તેટલાં વહેલાં બોલાવી લેવાં. આ કારણે દિવસના સોળ-સોળ કલાકની ડબલ શિફ્ટમાં આ પુરુષો કામ કરતા અને એક એક નાના ઘરમાં દસથી વીસ લોકો સાથે રહી, શક્ય તેટલું કરકસરભર્યું જીવન જીવતા.

---

*"ટાઈમ્સ" મેગેઝીનમાં, ગઈ સદીના છઠ્ઠા દાયકામાં, ડેવીડ ગ્રીટન નામની એક વ્યક્તિને થયેલા અનુભવો પર આધારિત એક લેખ, થોડાક સમય પહેલાં, પ્રગટ થયો હતો. મૂળ અંગ્રેજી લેખનું રૂપાંતર અહીં રજનીકાન્તભાઈએ આપ્યું છે. ચોમેર પથરાયાં એકલગંધાપણાં, અસહિષ્ણુતા તેમ જ વિશ્વવ્યાપક ગ્રાહકવાદના અંધકારના આ જમાનામાં, ક્યાંક આપણને પણ મનને મંદિરિયે ઝાલર બજાવતાં બજાવતાં વિચાર કરવાનું અહીં ઠેકાણું મળે, એમ ય બને.*

---

મારી દૃષ્ટિએ આ સ્વયં-સહાયનો ઉમદા દાખલો હતો, પરંતુ તે સમયે ઘણાંખરા શ્વેત લોકો આને વિપરિત પરિસ્થિતિ ગણતાં. એશિયનો ગંદકીભર્યા વાતાવરણમાં રહે છે અને તેમની રસોઈમાંથી વિચિત્ર ગંધ આવે છે (આજે તે જ 'વિચિત્ર ગંધ'વાળી ચિકન ટીકા મસાલા શ્વેત લોકો આનંદથી આરોગે છે !). આ નવા આગંતુકોથી ઘરોના ભાવ ગગડી જશે - એશિયનો રસ્તા પર થૂકે છે તેથી ટી.બી.નો રોગ ફેલાશે - આવા આવા અનેક વિચારોએ ધીમે ધીમે શ્વેત પ્રજામાં ઘર કર્યું હતું.



**તસ્લિમા અકબર અને પૉલીન**

નવા વસાહતીઓએ શરૂઆતમાં મધ્ય સ્મેથવિકના સસ્તા વિસ્તારોમાં ઘર લીધાં, પરંતુ સમયાંતરે બૅરવુડનાં કહેવાતાં સારાં ઘરોમાં પણ આવી વસ્યા છે. આ જ કારણે મારા પિતાએ પણ ત્યાંથી બીજે ઘર લેવાનો વિચાર કર્યો અને મારા ને મારા પિતા વચ્ચે પ્રથમ ઘર્ષણ થયું. તે સમયે હું ૧૫ વર્ષનો હતો અને મુક્ત વિચારો અને શિક્ષણ માટે જાણીતી કીંગ એડવર્ડ્સ સ્કૂલમાં અભ્યાસ કરતો. મને મારા પિતાના અમુક વિચારોથી ત્રાસ ઊપજતો.

આમ તો મારા પિતા બહારની દુનિયા સાથેના વ્યવહારમાં વિનમ્રતા અને વિવેકમાં માનનારા હતા અને ગમે તેને મળે - ભલે, પછી તે એશિયન વ્યક્તિ હોય - તેને પણ સારી રીતે બોલાવતા. પરંતુ અંતરમાં આ પરિસ્થિતિથી ક્રોધિત જ હતા. તેમણે યુધ્ધ દરમિયાન રૉયલ ઍર ફૉર્સમાં સેવાઓ આપી હતી અને તેઓ મક્કમપણે માનતા કે જે દેશ અને પ્રજા માટે તેઓ જાન આપી દેવા તૈયાર હતા, તે દેશ, આ નવા વસાહતીઓનો અવશ્ય નહોતો.

અમારી વચ્ચે ઘણી વાર વિચારોનું ઘર્ષણ ઉદભવતું. હું તેમને પૂછતો : 'લોકોનું તેમના રંગ

# ઓપિનિયન

- 'ઓપિનિયન' ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- 'ઓપિનિયન'ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે. સરનામાંમાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરત જાણ કરવી.
- 'ઓપિનિયન'માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- 'ઓપિનિયન'ના ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

## લવાજમના દર

- વાર્ષિક લવાજમ આ દેશ માટે£૨૫ તેમ જ પરદેશ માટે £૪૦ છે. છૂટક નકલ :£૨.૫૦ . 'Parivaar Communications'ને નામે ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ મોકલવો.

**લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**



'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY, Middlesex,
HA0 2JZ [U.K.]
Tel.: [+44] 020 - 8902 0993

**ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું**

Villa Bellevue
30, Avantikabai Gokhale Street
Opera House, MUMBAI - 400 004
Tel.: [022] 2386 2843
Fax.: [022] 2826 1155 / 2826 1166
e.mail : bharti_parekh@hotmail.com

**સંપર્ક : ભારતીબહેન પારેખ**



£ ૪૦નો મની ઑર્ડર, ચેક કે રોકડા "Vipool Kalyani" ને નામે જ મોકલવા

**ગ્રાહક પત્રિકા**

Name: ........................................

Address: ........................................

........................................

........................................

Post Code: ........................

Telephone: ............................

Subscription: £25 / £40

Date: ....................


અથવા જાતને આધારે મૂલ્યાંકન કરવું શું યોગ્ય છે ?' મારા પિતા કાંઈ મૂર્ખ ન હતા. તેથી વિચારોને વાળીને મને પૂછતા : 'પણ દીકરા, તારે આ સાવ નાના ઘરમાંથી નીકળીને બીજી મોટી સારી જગ્યાએ નથી જવું ?' હું થોડીક ક્ષણ વિચારમાં પડી જતો કારણ કે અમારી નાની જગ્યામાં મારી શાળાના મિત્રો જેઓ વિશાળ ઘરોમાં રહેતા, તેમને નિમંત્રિત કરી ન શકતો. પરંતુ પિતાના રંગદ્વેષી વિચારો સાથે સંમત થવું મને અઘરું જ નહીં - અશક્ય લાગતું.

એક દિવસ મારા પિતાએ કોઈને પણ જણાવ્યા વગર નિર્ણય લઈ જ લીધો : 'મને આ એશિયનો અને કેરેબિયનો ગમતા જ નથી અને તે બધા આપણી નજીક રહે તે તો સાવ ગમતું નથી.' એમ કહી દૂર નવું ઘર લઈને જ રહ્યા.

આવા જ વિચારો અનેક મોટા ભાગના શ્વેતરંગી લોકોમાં હતા. કાઉન્સિલરો અને રાજકારણીઓમાં હતા. તે સર્વેનો એક જ સૂર હતો : 'આ પ્રજા અભણ છે, ગમાર છે. તેઓ અંગ્રેજી સમજતા નથી. આખા સરસ વિસ્તારને તેઓ એક ગંદકીભરી વસ્તી બનાવી દે છે.' એક વ્યક્તિએ તો સ્થાનિક સાપ્તાહિકમાં એમ પણ લખ્યું કે અમુક શ્વેત સ્ત્રીઓ આ પ્રજાના પુરુષો સાથે સંબંધ ધરાવે છે તે ય એક મોટો ખતરો છે.

સ્થાનિક ક્લબો અને પબોમાં ઘણી વખત આ વસાહતીઓને પ્રવેશ ન મળતો - પબોના માલિકો કારણ આપતા કે 'આ વસાહતીઓને અમારી ટૉયલેટનો ઉપયોગ કેમ કરવો તેની ય ખબર નથી.'

૧૯૬૪માં ૧૩ વર્ષે હૅરલ્ડ વિલ્સનના નેતાપદ હેઠળ લેબર પક્ષ ફરી સત્તારૂઢ થશે તેવા એંધાણ હતા. ટોરી ઉમેદવાર ગ્રિફિથ્સે ફરી ઝેર ઓકવાનું શરૂ કર્યું : If you want a nigger for a neighbour, vote Labour. (ઘેરા બદામિયા રંગના લોકોને આડોશપાડોશમાં તમારે ઘાલવા હોય તો લેબરને મત આલજો.)

આખા દેશમાં લેબર પક્ષ ચૂંટાયો, પરંતુ અમારા સ્મેથવિકમાં તો રંગદ્વેષી ટોરી ગ્રિફિથ્સ સફળ થયો. પાર્લામેન્ટમાં હેરલ્ડ વિલ્સને વડા પ્રધાન તરીકેના પ્રથમ વક્તવ્યમાં કહ્યું, 'ગ્રિફિથ્સ જેવા લોકોને 'parliamentary leper' (રક્તપિતિયા સાંસદ) તરીકે જ ઓળખી શકાશે.' આમ સમગ્ર દેશની નજરમાં અમારું સ્મેથવિક ક્ષેત્ર આ રીતે સાવ નામોશીભર્યાં નીચલાં સ્થાને પહોંચી ગયું.

મારું સ્મેથવિક હવે રહ્યું નથી - તેનો સમાવેશ એક મોટા બરૉમાં થઈ ગયો છે. છતાં અમુક જૂનાં લોકોએ સ્મેથવિકના 'ઇતિહાસ'ને જીવિત રાખવાના આશયથી એક નાનું મ્યુઝિયમ બનાવ્યું છે. મને આશ્ચર્ય ન થયું કે ત્યાં ક્યાં ય ૧૯૬૩-૬૪ના ભયાનક રંગદ્વેષી વાતાવરણનો ઉલ્લેખ નથી.

આજે અવશ્ય ઘણા ફેરફારો થયા છે. છતાં તે આખા વિસ્તારને હજી પણ ખરેખર બહુમુખી કે બહુ-સાંસ્કૃતિક કહી ન શકાય. ફક્ત શ્વેત - અશ્વેત વચ્ચે આ પ્રકારની વિચાર વિભિન્નતા છે તેવું નથી. શીખો અને હિન્દુઓ મુસ્લિમોનો બહુ વિશ્વાસ કરતા નથી. આ લાગણી અન્યોન્ય છે; કેરેબિયન પ્રજા એશિયન પ્રજાનો અવિશ્વાસ કરે છે અને આજે ખરેખર તો શ્વેત - અશ્વેતના પ્રશ્ન કરતાં આ એક સમસ્યા છે તેવું લાગે છે.

હકીકતમાં, ચાળીસ વર્ષ બાદની મારી આ મુલાકાતમાં મને સ્મેથવિક વિસ્તારમાં આશાવાદનો ભાસ થયો. નવાં વિશાળ અને સારાં ઘરો નજરે પડ્યાં, જેની બહાર થોડીક BMW અને મર્સિડિસ ગાડીઓ જોઈ. વસાહતી પ્રજાની આર્થિક પ્રગતિ થઈ છે તેનું આ બાહ્ય સ્વરૂપ હતું. સ્મેથવિક હાઈ સ્ટ્રીટ પરનું વિશાળ ગુરુ નાનક ગુરુદ્વારા અને ત્યાર બાદ એશિયન લોકોનો બહોળો વેપાર કરતાં સ્ટોર અને સુપર મારકેટો; સુંદર કપડાંઓમાં સજ્જ એશિયન સ્ત્રીઓ અને બાળકો સ્મેથવિક વિસ્તારની સમૃદ્ધિ દર્શાવતાં હતાં. ક્યાં આ દૃશ્ય અને ક્યાં ચાળીસ વર્ષ પૂર્વેની ખખડધજ્જ હાઈ સ્ટ્રીટ. બ્લૂગેટ પબ જ્યાં એશિયન લોકો જઈ શકતા ન હતા તે આજે સૂરજિત સિંઘ દેવુની માલિકીનું મોટું અને સરસ રેસ્ટોરાં છે.

મારી જૂની પ્રાથમિક શાળા બૅરવુડ પ્રાયમરીની મુલાકાતે મને વધુ આનંદિત કર્યો. જૂના વખતની અંધારી ઓરડીઓને બદલે આજે નવા પ્રકાશમય વર્ગો છે; દિવાલો પર કલાત્મક ચિત્રો છે; શાળામાં નાતાલ સાથે દિવાળી અને ઈદના તહેવારો ઉમંગભેર ઉજવાય છે.

શાળાના ૫૨૫ વિદ્યાર્થીઓમાં ૫૦ ટકા ઉપરાંત વિદ્યાર્થીઓ એશિયન અને કેરેબિયન છે. નાનાં નાનાં જૂથ જેમાં દરેક વર્ણનાં હસતાં બાળકો હતાં તેવાં ચોમેર દેખાયાં - શિક્ષકોનાં જૂથ પણ તે જ પ્રકારનાં. શાળાના 'કેચમેન્ટ એરિયા'માં હજી થોડી સામાજિક અને આર્થિક મુશ્કેલી અને અસમાનતા હોવા છતાં Ofsted સંસ્થાએ શાળાનો રિપોર્ટ 'સંતોષકારક અને પ્રગતિ કરતી શાળા'ની મહત્ત્વની નોંધ સાથે

# કીકસાઈડ

□ સૂચિ વ્યાસ

એયને છેક ફિલાના છેવાડે, ફ્રેન્કલિન મૉલ પછી, ડાબી બાજુએ, છેલ્લાં ૩૦ વર્ષથી કીકસાઈડ અનેક ગુજરાતીઓનું - દેશીઓનું નિવાસસ્થાન બની ગયું છે. તમે જો 'એર ઈન્ડિયા'માં દેશમાંથી ન્યૂ યૉર્ક આવતા હો, ત્યારે વાતુ વાતુમાં સાંભળ્યું જ હશે : 'ક્યાં જાઓ છો ?', 'ઓહ, ફિલા જાવ છો ?', 'એમ ! ક્યાં રે'વાનું છે, ફિલામાં ?', 'અમારો ભાઈ ત્યાં કીકસાઈડમાં જ રહે છે.', 'લ્યો, કરો વાત ! અમારા મામાનો દીકરો ભાઈ ત્યાં જ રહે છે.'

કીકસાઈડ ખાલી ફિલામાં જ જાણીતું નથી. ... એ તો છેક આકાશમાં ઉડતાં ઉડતાં પણ કાને પડે એવું રૂડું ને રંગીલું રહેણાંકનું સ્થાન છે. અમેરિકામાં આવાં અનેક રહેણાંકનાં સ્થાનો છે. એડીસન જાઓ અને 'હિલટોપ' કાને ન પડે એવું બને જ નહીં. એમ થાય તો તમારો ફેરો અફળ ગયો માનવો !

કોઈ પણ સ્થાન મગજમાં વસી જાય ત્યારે એમાં તેની સાથે સંકળાયેલ અમુક વ્યક્તિઓ મુખ્ય ભાગ ભજવે છે. કીકસાઈડના બેતાજ બાદશાહ ઉષાકાન્ત રિંડાણી અને તેમના કુટુંબીજનો છે. રિંડાણી કુટુંબ છેલ્લાં ૨૦ વર્ષથી કીકસાઈડમાં રહે છે. કાનમાં એક વાત કહું ? તમારી તાકાત નથી કે ઉષાકાન્તભાઈ અને તેમની ત્રણ બહેનો - બાળાબેન, વીરબાળાબેન અને પુષ્પાબેનની રજા વગર તમે કીકસાઈડમાં પગ મૂકી શકો.

બાળાબહેન - વીરબાળાબહેન વાય.ડબલ્યુ.સી.એ. (યંગ વીમેન્સ ક્રિશ્ચિયન ઍસોસિયેશન) દ્વારા અઠવાડિયાના સાતે સાત દિવસ બાળકો અને વડીલો માટે વિધવિધ પ્રવૃત્તિઓ કરે છે. નાનાં બાળકોને ગુજરાતી વાંચતાં લખતાં શીખવાડે છે. અત્યાર સુધીમાં પચાસ બાળકો કડકડાટ વાંચતાં લખતાં શીખી ગયાં છે. અંગ્રેજીનું ડીંટિયું પણ આવડતું ન હોય તેવા વૃધ્ધો કે યુવાનોને અંગ્રેજી શીખવે છે. અત્યાર સુધીમાં મોટી ઉંમરનાં પિસ્તાળીસ સ્ત્રી-પુરુષોને અમેરિકન નાગરિકત્વની પરીક્ષાઓમાં પાસ કરાવ્યાં છે. બાળાબહેનના શબ્દોમાં જ કહું તો, 'આ કીકસાઈડમાં હું 'બાળાબા' તરીકે ઓળખાઉં છું. અમે ત્રણેય બહેનો અને ભઈલો હવે ઘરડાં થઈ ગયાં છીએ. ગ્રોસરી, લૉન્ડ્રી, શાકભાજી માટે પ્રોડ્યુસ જંક્શન, એ બધે, ચાલતાં જ જઈ શકાય છે. કોઈની સાડાબારી નથી. આડોશપાડોશનાં લોકો ભાવથી મદદરૂપ બની રહે છે. વળી, ગુજરાતી સિવાયનાં જાપાનીસ, રશિયન અને આરબ લોકો પણ ભાઈચારો દેખાડે છે. મારાં માતુશ્રીએ આ જ ઘરમાં દેહ છોડ્યો હતો. અને એમ જ હું પણ કીકસાઈડના પ્રેમમાં, અહીંયાં જ, મારી જિંદગીની છેલ્લી કર્મભૂમિ ઉપર, દેહ છોડીશ - મને એ બાબત ખૂબ જ શાંતિ છે.'

બાળાબહેનની આગેવાની હેઠળ કીકસાઈડના નિવાસીઓ અનેક સ્થળોએ ફરવા જાય છે - નાયગરાથી માંડીને ફ્લોરિડા સુધીના પ્રવાસો બસોબસો આડોશીપાડોશીઓ સાથે યોજાય છે. બબ્બે બસો ભરીને કીકસાઈડના ગુજરાતીઓ પેન્સિલવેનિયાની 'વ્રજભૂમિ'એ છાશવારે ચક્કર મારે છે.

કીકસાઈડ જાણે કે અચાનક જ ગુજરાતમાં આવી ચડ્યાનો અનુભવ કરાવે છે. ૧૫૨ મકાનોમાં ૨,૦૩૨ કુટુંબોનો સમાવેશ થાય છે. એમાં

---

આપ્યો હતો. શાળાના ઉપાચાર્ય પૅટ્રીસ મૅરેડીથ જે શાળામાં ૧૭ વર્ષથી કામ કરે છે તેમણે ભારપૂર્વક કહ્યું હતું : 'આ એક સારી શાળા છે અને અમારી શક્તિ વિદ્યાર્થીઓનાં, બહુ-સાંસ્કૃતિક[multi-cultural] મૂળમાં છે.'

બીજી તરફ, હજી, ૧૯૬૮ના ઈનોક પૉવેલના 'લોહીની નદીઓ'વાળા ભાષણને કારણે 'બ્રિટિશ નેશનલ પાર્ટી'નામે જમણેરી પક્ષને કાઉન્સિલમાં ચારેક સીટ પ્રાપ્ત થઈ છે. તેમ છતાં, લેબર પક્ષ સંચાલિત સ્મેથવિક કાઉન્સિલના ૭૨ સભ્યોમાં લેબર પક્ષની ૫૦ સીટોમાં ૧૨ સભ્યો એશિયન છે, તે નોંધપાત્ર છે.

પંજાબથી આવેલા તરસેમ (ઉજાગર સિંઘ) કીંગ ૧૯૯૭માં બ્રિટનના પ્રથમ એશિયન કાઉન્સિલ નેતા બન્યા હતા. આજે તેઓ હાઉસ ઑફ લૉર્ડ્સમાં (લૉર્ડ કીંગ ઑફ વેસ્ટ બ્રૉમીચ નામે) બિરાજે છે અને એશિયન પ્રજા માટે એક ઉત્તમ 'રોલ મૉડલ' પુરવાર થયા છે. પરંતુ ૧૯૬૦માં જ્યારે તેઓ પ્રથમ વાર બ્રિટન આવ્યા ત્યારે પંજાબ યુનિવર્સિટીના મેથ્સ અને ફિઝીક્સના સ્નાતક હોવા છતાં તેમને બસ કન્ડક્ટરની નોકરી પણ મળી નહોતી. જે કામ કોઈ પણ શ્વેત કામગાર કરવા ઈચ્છતો નહોતો તેવું કામ તેમણે ફાઉન્ડ્રીમાં કર્યું હતું. તે દરમિયાન ફાઉન્ડ્રીની કેન્ટીનમાં એક એશિયન તરીકે તેમને પ્રવેશ મળ્યો નહોતો ત્યારે તેમણે તેના વિરોધ રૂપે રાજીનામું આપી દીધું હતું.

ત્યાર બાદ તેમણે મેનેજમેન્ટ અને શિક્ષણની ડિગ્રી પ્રાપ્ત કરીને પોતાના એશિયન ભાઈભાંડુંઓને મદદ કરવાનો નિર્ણય લીધો હતો. ચૂંટણીઓમાં લેબર પક્ષના ઉમેદવાર તરીકે જીતવાની આશા વગર તેમને ઊભા રાખવામાં આવ્યા હતા, પરંતુ બહુ જ મોટી બહુમતીથી તેઓ ચૂંટાઈ આવ્યા હતા. ત્યાર બાદ, કદી તેમણે પાછું વાળી ને જોયું નથી.

તેઓ કહે છે : 'હા. તે વખતે રંગદ્વેષ હતો, પરંતુ અમારી સંસ્કૃતિમાં કોઈનો પણ દોષ ન જોવો તેવું અમે શીખ્યા છીએ. તે સમયે મને થતું કે જો મને અહીં ન ગમે તો હું તો પોતાના વતન પરત જઈ શકું, પરંતુ આવા જ સંજોગોમાં શ્વેત લોકો ક્યાં જઈ શકે ?!'

અંતમાં, ડેવીડ ગ્રીટન કહે છે :

હા, ૧૯૬૭માં યુનિવર્સિટીનાં શિક્ષણ બાદ, હું મારા પિતાના વિશાળ ઘરમાં પિતા સાથે રહેવા ગયો હતો.

પિતાએ કહ્યું : આપણી બાજુમાં બે ભારતીય એશિયન કુટુંબો રહેવા આવ્યાં છે.

મેં પૂછ્યું : તો હવે શું કરશો ?

જવાબ : કાંઈ જ નહીં; બન્ને કુટુંબો બહુ સારાં છે.

અને પછી મારી જાણમાં આવ્યું કે એક કુટુંબના વડા બહુ મોટા સર્જન હતા અને બીજા હતા જનરલ પ્રેક્ટિશનર (જી.પી.).

જરાક અચકાઈને મારી સામે જોઈ ને મારા પિતાએ ઉમેર્યું : આ વાત તો જુદી જ છે ને !

એટલે મને થાય છે કે કદાચ મારા પિતાના મનમાં રંગદ્વેષ[racial prejudice] નહીં હોય; વર્ગદ્વેષ [class prejudice] હોઈ શકે ! ... કોને ખબર ?

[18, Leigh Court, Byron Hill Road, HARROW-ON-THE-HILL, Middlesex, HA2 0HZ, U.K.]

લગભગ એકાદ હજાર ગુજરાતી કુટુંબોનો આંકડો નીકળે. પ્રત્યેક વ્યક્તિએ પોતાનાં મનમાં વસેલી ગુજરાતની યાદને કીકસાઈડમાં વાસ્તવિક નિરૂપણ આપ્યું છે. જુદા જુદા ખૂણાઓમાં તમને સુરત, વડોદરા, નડિયાદ, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ કે મુંબઈના ખાર, પારલા, સાંતાક્રૂઝ, ઘાટકોપરના ભણકારા, હોંકારા, પડકારા સંભળાય અને તમારા સ્મૃતિપટ પર એની યાદો તાજી થાય. તમે કીકસાઈડમાં પ્રવેશો કે તરત જ ઢોકળાં, તુવેરની દાળ, ભીંડાનું શાક, ગરમ ગરમ રોટલી, કઢી, ભજિયાંની સુગંધ તમારાં રોમેરોમ ઊભાં કરી નાખે. ... બાપુ, જલસા પડી જાય ! કીકસાઈડની અડોઅડ અડીખમ પાથમાર્ક ઊભો છે, ચોવીસ કલાક ખુલ્લો ! એની બાજુમાં જ દેશી ગ્રોસરી સ્ટોર 'મહાલક્ષ્મી'. સાવ એ જ લાઈનમાં લોન્ડ્રોમેટ અને પાછાં બે ડગલાં ચાલો એટલે ગુજરાત ડેન્ટિસ્ટની ક્લિનિક.

---

*ઉત્તમ ગજ્જર અને હરનિશ જાની ઈન્ટરનેટી ગુજરાતી સાપ્તાહિક "સન્ડે ઈ-મહેફિલ"ની પૂર્તિમાં, ૩૦ જુલાઈ ૨૦૦૬ના, લખતા હતા : 'ફિલાડલ્ફિયામાં સૂચિ વ્યાસ એક મળવા જેવું માણસ છે.' તે નિજાનંદે મસ્ત. શરીર ફિલાડેલ્ફિયામાં અને હૈયું રાજકોટમાં.*

*આ ઈન્ટરનેટી સાપ્તાહિકીમાંથી સદભાવે લીધા એ લેખની જેમ, અન્ય વિસ્તારોમાં રહેતાં વાચકો ય પોતપોતાના વિધવિધ ચોપાસની વિગતો આમ લખે, વર્ણવે તો એક સરસ નિબંધ-સાહિત્ય જોગવી શકાય તેમ છે.*

---

બાળાબહેનની જેમ જ આમ બીજી બાજુ દિનુભાઈ દેસાઈનો દરબાર છે. સિનિયર સિટીઝન પુરુષોની એક મંડળી જુદી છે. દિનુભાઈ, દિનુકાકા કે દિનુદાદાનાં હૂલામણાં નામથી જાણીતા છે. દિનુકાકા અને માસી આમ તો દીકરા સાથે રહેતાં હતાં, પણ દીકરાની બદલી શિકાગો થતાં દીકરો વહુ શિકાગો ગયાં. સોશિયલ સિક્યોરિટી, મેડિકલ કાર્ડ અને મેડિકલ ટ્રીટમેન્ટના કારણે દિનુભાઈને ફિલામાં રહેવું પડ્યું. મોટી ઉંમર, અનેક માંદગીઓ, અંગ્રેજીનું અજ્ઞાન, કાર-વાહનનો ન કોઈ શોખ અને પાછો પારકો પરદેશ ! દરેક મૂંઝવણ, મુશ્કેલીઓ વચ્ચે દિનુકાકા અને માસી ૧૯૯૨માં કીકસાઈડ રહેવા આવ્યાં. એમના શબ્દોમાં કહું તો, 'કીકસાઈડ તો અમારું અયોધ્યા છે. અહીંયાં કોઈ ભય નથી. બારણાં ખુલ્લાં રાખી સૂઈ જઈએ છીએ. તમારાં માસીને કેન્સર છે. મને હૃદયની તકલીફ છે. અનેક ઑપરેશનો, હૉસ્પિટલો, ડૉક્ટરો અને બધી મુશ્કેલીઓ વચ્ચે આરામથી જો જીવી શકતાં હોઈએ તો એ કીકસાઈડની હૂંફને જ આભારી છે. આડોશીપાડોશીઓ સતત હોંશે મદદ કરે છે. મારું સાચું કુટુંબ કીકસાઈડ જ છે. સાંજે મારી ઉંમરનાં અમે વીસપચીસ ભાઈઓ પાથમાર્કના પાર્કીંગમાં મળીએ છીએ. ત્યારે લોકો હસીને કહે છે કે દિનુકાકા નડિયાદની ભાગોળે ગયા છે. છેલ્લાં નવ વર્ષમાં હું ખરા અર્થમાં ગુજરાતી અમેરિકન થઈ ગયો છું.'

આમાં, ત્રીજી બાજુ નજર ફેરવો તો ... જુવાન ... જિંદગીને સફળતાથી હંફાવતા મધુભાઈ અને પ્રકાશભાઈને મળીને મનમાં થાય છે રંગીન છે, મજેદાર છે, પ્રેમાળ છે, હસમુખા છે, વહાલા લાગે તેવા છે - ટૂંકામાં, આપણા છે. પ્રકાશ શાહ છેલ્લાં દશ વર્ષથી કીકસાઈડમાં હોંશીલા કાર્યકર છે. એમની 'રામપ્યારી' ગાડીમાં સૌનો સામાન, કબાટો, તીજોરીઓ ઘર ભેગાં થાય છે. પ્રકાશભાઈ બધાને મફત રાઈડ આપે છે. કોઈ દી' કોઈનો એક પૈસો પણ સ્વીકારતા નથી. પ્રકાશભાઈના વહાલા, હૂંફાળા, ઉષ્માભર્યા અનુભવોની અસર 'વ્હાઈમેન'નાં નામે ઓળખાતા મધુભાઈ ઉપર એવી તો ઉપસી આવી છે કે વ્હાઈટમેન પણ હવે કીકસાઈડના પ્રેમમાં છે. મધુભાઈ છેલ્લાં પાંચ વર્ષથી કીકસાઈડમાં રહે છે. જેમણે ૧૯૮૩થી પોતાની માનાં મૃત્યુ પછી સફેદ વસ્ત્રો ધારણ કર્યાં છે - એમને સફેદાઈનું ભૂત એવું ચડ્યું છે કે પૂછો ન વાત. એ વ્હાઈમેન પર બીજાં દસ પાનાંનો લેખ લખી શકાય તેમ છે ! કીકસાઈડના લોકો કહે છે કે કીકસાઈડ અમારા માટે કીકસાઈડ છે, પણ વ્હાઈટમેન માટે તો તે વ્હાઈટસાઈડ છે.

વ્હાઈમેનના શબ્દોમાં કહું તો, 'હું કીકસાઈડના પ્રેમમાં છું. હું હવે બીજે મકાન લઈ શકું એમ છું, પણ મારે ક્યારે ય ક્યાં ય નથી જવું. મારા રંગીલા સ્વભાવથી હું સૌનો દોસ્તાર છું. સાંજ પડ્યે મારે ઘરે લગભગ વીસ પચીસ દોસ્તારોનો ડાયરો મળે છે. અમે ચાપાણી કે આઈસક્રીમ ખાઈને ગપ્પા મારીએ છીએ. અમેરિકનોને તો માનસિક ટેન્શનના ઉપાય માટે આવા સપોર્ટ ગ્રુપમાં પૈસા આપી જવું પડે છે. અમારે મફતમાં જલસા જ જલસા છે - અને ઢગલો પ્રેમ અને હૂંફ મળે છે. અહીં ઘરની આજુબાજુ જ તમામ વ્યવસ્થા - પાથમાર્ક, ગુજરાતી 'હાકભાજી' વેચતી ઈન્ડિયન ગ્રોસરી, ગુજરાતી બાબરી પાડી આપતો ઈન્ડિયન હજામ, જીભ કઢાવી ગુજરાતીમાં 'આ ... આ ... આ ...' બોલાવી ગળું તપાસતો દાક્તર, આઠ જુદી જુદી જાતનાં ફાસ્ટ ફૂડ રેસ્ટોરાં, મૉલ અને ગણ્યા ગણાય નહીં એટલા દોસ્તારો ... જિંદગીમાં બીજું શું જોઈએ ?'

કીકસાઈડમાં એકલા, મોટી ઉંમરના વિધુર પુરુષો અને અમુક એકલી યુવાન સ્ત્રીઓ પોતાનાં બાળકોને આસાનીથી મોટાં કરી શકે છે. કીકસાઈડમાં સહજ મળતી એક બીજાની મદદથી જ આ શક્ય બને.

કીકસાઈડમાં તમારી આવક પ્રમાણે ભાડું ભરવાનું હોય છે. અહીંયાં રહેવા આવો એટલે વીસપચીસ દિવસમાં આજુબાજુમાં આવેલી ફેક્ટરીમાં નોકરી મળી જાય છે. કામે જવા રાઈડની પણ વ્યવસ્થા થઈ જાય છે અને ઉંમર પ્રમાણે દોસ્તાર ભાઈબંધ પણ મળી રહે છે. આમ અમેરિકાની અદ્યતન સગવડ સાથે ગુજરાતી પાડોશનું ટોટલ ઈન્ફ્રા-સ્ટ્રક્ચર અહીં મળી રહે છે.

મનમાં બે ઘડી ઈર્ષ્યા આવી જાય, કે માળું, સાળું, ખરા જલસા તો કીકસાઈડમાં જ છે !

[8105, Meadow brook Drive, PHILADELPHIA, PA 19111, U.S.A.]

•

બાવન બહારની ગઝલ છે આ
એકસો આઠમી ગઝલ છે આ

શેખજી પાઘડીને સાચવજો
નાચતીકૂદતી ગઝલ છે આ

એકલી મારી કે તારી ક્યાં છે
સાંવરી આપણી ગઝલ છે આ

અષ્ટસૌભાગ્યથી ઓળોઘોળે
અથથી ઈતિ લગી ગઝલ છે આ

ઝળહળાં ઝળહળાં નરૂતસરૂત
સાંઈ, ગંગાસતી ગઝલ છે આ

આ નથી શબ્દનું ઉઠમણું 'અદમ'
જીવતીજાગતી ગઝલ છે આ

**- અદમ ટંકારવી**

(સદભાવ : '૧૦૮ ગઝલો'માંથી)

# કુમારપાળ દેસાઈની પ્રમુખીય ઇનિંગ્ઝ ટાંકણે

○ પ્રકાશ ન. શાહ

નરોત્તમ પલાણ, વર્ષા અડાલજા અને ધીરુ પરીખે ચૂંટણી લડવા અસંમતિ દર્શાવતાં કુમારપાળ દેસાઈ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખપદે નિર્વિરોધ ચુંટાઈ આવ્યાનું જાણ્યું ત્યારે અભિનંદનનો ભાવ જેટલો સહજ હતો એટલી જ ઉત્કટ લાગણી હાલની પરિસ્થિતિમાં આ ગાદીએ બેસનાર પરત્વે અપેક્ષાઓ અને દાયિત્વબોધનીયે છે. એમના ચાહકો અને પ્રશંસકો સહિત પરિષદ પ્રીત્યર્થ વિચારનારા સૌ એમની કાર્યભૂમિકાને આ સંદર્ભમાં જોશે મૂલવશે.

૨૦૦૬નું વરસ, આમ તો ૧૯૦૫માં મળેલા પ્રથમ અધિવેશનની ગણતરીએ ૧૦૧મું વરસ, સાહિત્ય પરિષદના વેબ-પ્રવેશના નવયુગી સંકેત સાથે વિશેષ પડકારઝલ્લું અનુભવાય છે. વળી હજુ અધઝાઝેરો કાર્યકાળ બાકી હોય અને પરિષદપ્રમુખનું નિધન થતાં નવા પ્રમુખની ચૂંટણી જરૂરી બની હોય એવો આ સાંભરણમાં તો કદાચ પહેલો જ પ્રસંગ છે. એમાં પણ છેલ્લી પ્રમુખીય ચૂંટણીમાં જયન્ત પંડ્યા અને બકુલ ત્રિપાઠીની ઉમેદવારીએ એકંદર પરિષદકારણ તેમ જ પરિષદની કાર્યભૂમિકા બાબતે ખેંચાતા આવતા ને ઘોળાતા વિચારોને ખુલ્લાણમાં આણવાનું ઠીક નિમિત્ત પૂરું પાડ્યું હતું, અને એણે નવા પ્રમુખ અને પદાધિકારીઓને એક પ્રકારે એજન્ડા પણ સંપડાવી આપ્યો હતો. બકુલભાઈએ સંપર્ક - સંવાદ - સામેલગીરીને ધોરણે, ક્વચિત્ એમના નિરીહ ઉત્સાહથી ટીકા ને હાંસી વહોરીને પણ, હાથ ધરેલ પ્રયાસોમાં આ પ્રશ્નો પરત્વે સભાનતા વરતાતી હતી : ચંદરયાની આવકાર્ય કામગીરી માટે હરખના બે શબ્દો લખવાની એમની આખરહોંશમાં એમની આ પરિષદ-પ્રીત્યર્થ ભૂમિકા સુપેરે બિંબિત થતી હતી.

અબ હમ અમર ભયે - ખ્યાત એકના એક આનંદઘન પર થીસિસ કરનાર કુમારપાળ દેસાઈએ પૂર્વે પરિષદ - મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળેલો છે અને છેલ્લાં વરસોમાં સીધી જવાબદારીથી વેગળા રહ્યા હોય ત્યારે પણ કારોબારી પર તો રહ્યા જ છે. એટલે પરિષદની પ્રણાલિકાઓ ને પ્રશ્નો વિશે એમને રગ ન હોવાનું કારણ નથી. બહોળો પ્રસાર ધરાવતા અખબારના લોકપ્રિય કટારચી તરીકે, આંતરરાષ્ટ્રીય સરકિટમાં રહેલા પર્યુષણ પ્રવચનકાર તરીકે તેમ ડૉ. ધીરુભાઈ ઠાકરના નેતૃત્વમાં વિશ્વકોશ શી સંસ્થાબાંધણી સાહનાર તરીકે એમની ચોક્કસ છબિ અને સ્વીકૃતિ બનેલી છે જેનો લાભ પરિષદની એમની કામગીરીને મળશે. એક છપ્પનવખારી માણસ આવી મોટી જવાબદારીને અગ્રતાક્રમે ન્યાય આપી શકશે કે કેમ એવી ટિપ્પણી ક્યાંક ક્યાંક સાંભળવા મળે છે, પરંતુ પ્રમુખપદ માટે ચૂંટણી લડવા બાબતે સંમતિ નહીં આપવાનો વિકલ્પ એમણે ન સ્વીકાર્યો ત્યારે આ જવાબદારી વિશે અગાઉથી વિચાર્યું જ હશે. વળી પરિષદના બંધારણ પ્રમાણે રોજિંદો વાસ્તવિક કાર્યબોજ વહીવટી મંત્રી અને એમના સાથી મંત્રીઓનો હોય છે એટલે પ્રમુખની ભૂમિકા ખાસ તો નીતિ વિષયક બાબતો અને ભાવિ પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં હોવાની છે.

જ્યાં સુધી સંસ્થાકારણ - અને - સાહિત્યકારણને અનુલક્ષીને પરિપ્રેક્ષ્ય અને અગ્રતાવિવેકનો સવાલ છે, ૨૦૦૫ અને ૨૦૦૬નાં વરસોમાં "નિરીક્ષક", "આરપાર", "ખેવના" અને "પ્રત્યક્ષ"માં ચાલેલી ચર્ચાઓ દરમિયાન સંખ્યાબંધ મુદ્દાઓ બહાર આવ્યા છે. ક્યાંક આકરી, ક્યાંક અપ્રસ્તુત, ક્યાંક વ્યક્તિગત પ્રકારની કે ક્વચિત્ નિશાનચૂક છતાં આ ચર્ચામાં પરિષદ - પ્રીત્યર્થ એવો અંતઃપ્રવાહ રહેલો છે અને તે સહૃદય પ્રતિસાદનો અધિકારી છે.

હમણાં જે ચાર સામયિકોનાં નામ લીધાં એની સાથે "ઓપિનિયન"નો પણ પાટલો હકસર માંડવો રહે છે. એના તંત્રી વિપુલ કલ્યાણીએ ડાયસ્પોરા અક્ષરસેવીઓને સંયોજીને જયન્ત પંડ્યાની ઉમેદવારી સૂચવવાની પહેલ વાટે તેમ જ મુંબઈ અધિવેશનના મંચ પરથી પ્રશ્નો ઉપસ્થિત કરવા સાથે "ઓપિનિયન"ના ખુલ્લા મંચ થકી થંભેલ મનજળ ડહોળવામાં યોગદાન આપેલું છે. જરી મોડેથી પણ લંડનની અકાદમીના આ મહામંત્રીનો અલાયદો ઉલ્લેખ કરવાનું તત્કાળ નિમિત્ત કુમારપાળ દેસાઈએ પ્રમુખીય મંથન ને મનોરથની રીતે જે વાતો કરી છે એણે પૂરું પાડ્યું છે. ન્યૂ યૉર્કથી પ્રગટ થતા "ગુજરાત ટાઈમ્સ"(૧૦ નવેમ્બર)માં રમેશ તન્ના સાથે વાત કરતાં એમણે કહ્યું છે કે 'વિદેશી સાહિત્યની ગતિવિધિની સાથે, વિદેશમાં વસતા ગુજરાતી સર્જકો સુધી પરિષદ કામ કરે તેમ હું ઈચ્છું છું.' આ એક દાખલો આપવા સાથે એમણે પોતાની ભાવભૂમિકા કેમ જાણે તાજતરની ચર્ચાઓનો સહૃદય પડઘો પાડતા હોય એમ એકદમ સાફ કરી નાખી છે : 'આપણી પરિષદ સૌની પરિષદ એવી ગુજરાતની પરિષદ બને એવો પ્રયાસ કરવા માગું છું.'

આ 'સૌની પરિષદ' બની રહેવું તે શી વસ અને જણસ છે એ જેટલું પકડાશે અને પમાશે અને એ દિશામાં ઈંચ-બ-ઈંચ જેટલું પણ આગળ વધાશે એમાં સૌ અક્ષરસેવીઓનો જયવારો અને પરિષદમંડળની કૃતકૃત્યતા હશે. ૨૦૦૨ના ઘટનાક્રમમાં પરિષદે ગુજરાતના ભાવજગતના સમ્યક પુનર્વસનનો હૃદયભાવ વ્યક્ત કર્યો એમાં સદભિલાષ સાથે એ વાતની સ્વીકૃતિ પણ હતી કે કાંક કશુંક ટાંચું પડ્યું છે. તાજેતરના તેજગઢ વિવાદે પણ ગુજરાતીઓ એટલે કોઈ ચોક્કસ ફિરકો જ તો નહીં ને એવા બ્લુ બ્લડ સંઘાડાની આશંકા જગવી છે એ કહેવાની જરૂર નથી.

ગુજરાતના સાર્વજનિક સંસ્કારજીવનમાં પ્રજાની પોતાની સંસ્થા તરીકે પરિષદ અગાઉનાં કીર્તિમાન જાળવી આગળ વધે તે એકસો એકમાં વરસમાં અપેક્ષિત છે. સ્વાયત્ત સાહિત્ય અકાદમીને સુષુપ્ત ને સ્થગિત જેવી કરી દેવાઈ છે ત્યારે તો પરિષદનું દાયિત્વ ખાસું વધી જાય છે. અકાદમીનો ઉલ્લેખ સાંભરવાનું તત્ક્ષણ નિમિત્ત અલબત્ત કુમારપાળ દેસાઈના હમણાં લગીના અકાદમી-સંધાનનું છે. ઉમાશંકર-દર્શક આદિની તપશ્ચર્યાએ ગુજરાતમાં સરકારી અકાદમીને સ્વાયત્તતાની માંચીએ મૂકી આપી અને એ છેલ્લે ભોળાભાઈ પટેલ ને કુમારપાળ દેસાઈના અધ્યક્ષ - ઉપાધ્યક્ષ તરીકેના નેતૃત્વમાં કાર્યરત હતી. પણ એની મુદ્દત પૂરી થયા પછી સરકારી તંત્રને હજુ સુધી (સહેજે ત્રણેક વરસથી) અકાદમીની નવરચના કરવાની અગ્રતા વસી નથી. સંસ્થાઓએ પ્રતિનિધિઓ મોકલી આપ્યા અને લેખકોની કૉન્સ્ટિટ્યુઅન્સી સરખી ભારતવિરલ જોગવાઈ મુજબની ચૂંટણી પણ થઈ ગઈ. તેમ છતાં, તંત્રે અકાદમીને સ્થગિત રાખી છે. સરકાર તાબેના ખાતા તરીકે તે જરૂર ચાલે છે, પણ પેલી સ્વાયત્તતાનું શું એ કોઈ તો કહો, સાહેબો.

સરકારની (રાજકીય નેતૃત્વને આધીન તંત્રની) આવી તેવી બાબતોમાં કેવી વૃત્તિપ્રવૃત્તિ હોય છે એનો ખયાલ એ વાત પરથી આવે છે કે જ્યારે

# ઉગાઈ કિયામા કીરોઈ ગુવાના

★ વિપુલ કલ્યાણી

ઉગાઈ કિયામા કીરોઈ ગુવાના
થાઈથાયાથી ડંગાઈ થાઆઆઈ
ઉગા બોરોરી ઉરુવા ગિરીરા, ના આન્ડો મારોઈગે હા
થાઈથાયાથી ડંગાઈ થાઆઆઈ
ઉગાઈ આન્ડો ના માહીઓ મારોગીઆ ઉહોરો
થાઈથાયાથી ડંગાઈ થાઆઆઈ
ઉગાઈ મેથોન્ડા ઈરોગીઆ ઈરીઓ ના ઈથાકા ઈરોકોરી કોનોરા
થાઈથાયાથી ડંગાઈ થાઆઆઈ.

★

કેટલાને, ભલા, આ સમજાય ?!

પૂર્વ આફ્રિકાના કેન્યા પર્વતની ચોપાસ વસતી ગિકુયુ લોકોની આ જાહેર પ્રાર્થના છે. એમના મેળાવડાઓના આરંભે, સંમેલનનો પુરોહિત પહેલી પંક્તિ બોલે છે, અને પછી જનસમુદાય બીજી પંક્તિ વાટે મોટેથી તેને સમૂહમાં ઝીલે છે. 'પ્રગતિ', 'સંસ્કૃતિ', 'સંસ્થાનવાદ', ગ્રાહકવાદ'ના બહુમુખી એરુ આભડી જવાને કારણે, આજકાલ, આ હોય, ન ય હોય !!

વારુ, એપ્રિલ ૧૯૩૯ દરમિયાન, નાયરોબીથી 'ગુજરાતી સાહિત્ય ઉત્તેજક મંડળ' પ્રકાશિત, "અરૂણ" નામે એક વાર્ષિકનો બીજો અંક પ્રગટ થયેલો, તે હાલમાં, મિત્ર રમેશભાઈ બાબુભાઈ પટેલના સદ્દભાવે, હાથ આવ્યો છે. મનઃસુખરામ વૈજનાથ દવે તેના તંત્રીપદે હતા. – કેટલાને સાંભરે ? વિરંચીપ્રસાદ ત્રિપાઠી, મોહનભાઈ પટેલ, અમૃતલાલ મહેતા તથા જશભાઈ પટેલ વ્યવસ્થાપક મંડળમાં હતા.

આ અલભ્ય વિરાસત સમા અંકમાં, 'ગિકુયુ જાતિના ધાર્મિક રીતરિવાજો' નામે શિવાભાઈ અમીન અને મોહનભાઈ પટેલને નામે એક સરસ લેખ, પચીસમે પાને પ્રગટ થયો છે. આ બે લેખકોએ આપ્યો આ સમૂહ પ્રાર્થનાનો તરજુમો આ મુજબ છે :

**બોલો, સર્વ આગેવાનો સદ્દબુદ્ધિમાન થાય અને એમનો બોલ એક જ હોય.**

**જય ! ઈશ્વરનો જય હો, સર્વત્ર શાંતિ હો !**

**બોલો, દેશમાં સર્વત્ર શાંતિ રહે અને દેશની વસ્તી વધે.**

**જય ! ઈશ્વરનો જય હો, સર્વત્ર શાંતિ હો.**

**બોલો, જનસમુદાય અને ગાય, બકરાં તથા ઘેટાંનાં ધણ આબાદ અને રોગમુક્ત રહે.**

**જય ! ઈશ્વરનો જય હો, સર્વત્ર શાંતિ હો.**

**બોલો, ખેતરો ખૂબ પાક આપે અને જમીન ફળદ્રુપ રહે.**

**જય ! ઈશ્વરનો જય હો ! સર્વત્ર શાંતિ હો.**

શિવાભાઈ અમીન તથા મોહનભાઈ પટેલના જણાવ્યા મુજબ, પરમેશ્વર માટેની ગિકુયુ લોકોની માન્યતાઓ મુખ્યત્વે આ પ્રમાણે છે :'**ડંગાઈ મોમ્બી વા ઈડો સીઓથે ના મોહેઈ કેરેન્ડે ઈન્ડો સીઓથે**'.- ઈશ્વર એક છે, એણે સર્વ સરજ્યું છે, અને એ સર્વનો પોષક છે.'**ડંગાઈ ન્ડેરે ઈથે કાનાન્ચીના, ન્ડેરે ગેથીઆ કાના ગેથેધ્વા**'.- એને કોઈ પિતા નથી, કોઈ માતા નથી અને કોઈ સખા નથી, એ એકલો જ એકાંતમાં સઘળું સર્જે છે. માનવીનાં સારાં નરસાં કૃત્યો પ્રમાણે ઈશ્વર તેમની ચાહના અગર અવગણના કરે છે. '**ડંગાઈ એઈ હારાગા માટુઈને**'.- ઈશ્વર આકાશમાં રહે છે, પણ જ્યારે ઈશ્વર પૃથ્વીને ત્યાં પધારે છે ત્યારે તેનો વાસ પર્વતો પર થાય છે.

હવે બીજું ચિત્ર જોઈએ.

આદિવાસીઓની બહોળી વસ્તી ધરાવનારાં ભારતના રાજ્યોમાં ગુજરાતનું સ્થાન આગલી હરોળમાં છે. ૧૯૮૧ની વસ્તીગણતરીના આંકડા, 'ગુજરાતી વિશ્વકોશ'ના સદ્દભાવે, હાલ, હાથવગા છે. તેને આધારે કહી શકાય કે ગુજરાતની કુલ વસ્તીમાં ૧૪.૨૩% જેટલા વિવિધ આદિવાસીઓ અહીંતહીં વસે છે. એટલે કે દર સાત વ્યક્તિએ એક આદિવાસી ગુજરાતમાં છે. છેક અંબાજીથી ઉમરગામ સુધીના બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં, ગુજરાતના કુલ ૧૪.૩૧ % જેટલા વિસ્તારમાં આ લોકો પથરાયા છે.

વડોદરા નગરની પૂર્વે, મધ્ય પ્રદેશ રાજ્યની સાખે, છોટા ઉદેપુર તાલુકાનો આદિવાસી વિસ્તાર આવેલો છે. વડોદરાથી ૯૦ કિલોમિટર પૂર્વ દિશામાં આવ્યા તેજગઢ મુકામે, વરસોથી ધૂણી ધખાવીને, ગણેશ દેવી, ભગવાનદાસ પટેલ જેવા મુઠ્ઠી ઊંચેરા અને કર્મઠ કર્મશીલોએ, 'આદિવાસી અકાદમી'ની રચના કરીને, થાણું નાખ્યું છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયના પૂર્વઅધ્યાપક ગણેશ દેવીના કેટલાક ઉચ્ચારણોને કારણે શહેરી જીવન સાથે સંકળાયેલા

---

સંસ્થા-પ્રતિનિધિ તરીકેની કુમારપાળ દેસાઈની નિયુક્તિને વૈધતાને ધોરણે પડકારાઈ અને વિચારાધીન હતી ત્યારે અદાલતે અકાદમીની પ્રક્રિયા રોકવાની જરૂર જોઈ નહોતી તો પણ સરકારે પૂર્ણ જાગૃતિપૂર્વક આલાપ્યો હતો રાગ સુષુપ્તિ. કુમારપાળની નિયુક્તિ વૈધ ઠરી એ વાતને પણ ખાસો સમય પસાર થઈ ગયા છતાં હજુયે એ જ પરિસ્થિતિ છે. ભોળાભાઈ અને કુમારપાળથી માંડીને કે.કા. શાસ્ત્રી અને આ લખનાર સહિત સંખ્યાબંધ લેખકોની લેખી રજૂઆત છતાં હાલે તો સરકાર શાની. લાગે છે, પ્રે-પીટીશનના ગાંધીપૂર્વ તબક્કામાંથી આપણા અક્ષરસેવીઓએ (આ કિસ્સામાં, સવિશષ તો, લેખકોની કોન્સ્ટિટ્યુઅન્સીમાંથી નકો નકો ચુંટાયેલાઓએ) બહાર આવી કંઈક વિશેષ કરવાની જરૂર છે. પરિષદકારણ સાથે સીધો નહીં સંકળાયેલ છતાં આ સવાલ અહીં છેડવા પાછળની ચાલના એ મુદ્દો ઉપસાવવાની છે કે સાહિત્યકારણી માત્રે આજના સરકારી ને બીજાં પ્રતિષ્ઠાનો આપણી જે સામાજિક-સાહિત્યિક-સાંસ્કૃતિક સ્પેસ ગ્રસી જતાં માલૂમ પડે છે તે સાંખી લઈ શકાય નહીં. સ્વાયત્તતા બાબતે આ નિસબતને અકાદમી અને પરિષદના સીમિત સંદર્ભમાં નહીં જોતાં એમાં સૌ સાહિત્યસેવીઓનું (અને તેથી પાંચ કરોડ ગુજરાતીઓનું) શ્રેય રહેલું છે એવી સરળ સાદી, મૂળગામી એટલી જ ફિરકામુક્ત રીતે જોવાની જરૂર છે.

આપણી સ્પેસની, આપણી ભૂમિકાકીય મોકળાશની, એક સર્વસમાવેશક ખુલ્લાપણાની તાકીદની આ ઘડીએ ડિસેમ્બર ૨૦૦૬ના માંડવી જ્ઞાનસત્રમાં કુમારપાળ દેસાઈ પોતાનું પ્રમુખીય પરિપ્રેક્ષ્ય સ્પષ્ટ કરવાની પહેલી વિધિસર તક ઝડપશે, એ આશાઅપેક્ષાએ ભારઝલ્લાં અભિનંદન.

['Prakash', behind Navrangpura Post Office, Navrangpura,
AHMEDABAD - 380 009, India]

બુધ્ધિજીવીઓમાં, હાલમાં, હોહા મચી ગયેલી, તેવાકમાં, આ પ્રાર્થના વાંચવા મળી અને તેમાંથી, જાણે કે, અનન્ય બળ મળતું રહ્યું.

ગુજરાતના પ્રબુધ્ધ વિચારપત્ર "નિરીક્ષક"માં આ વિશે જાહેરમાં એક ચર્ચાસભાનું, જાણે કે, હમણાં હમણાં આયોજન થઈ ગયું. નીરક્ષીરનો વિવેક સ્પષ્ટ રાખતા, તેના છાતીકઢા તંત્રી પ્રકાશ ન. શાહે તો વિવિધ વિચારોને વહેવા દીધા હતા. હવે, મુખ્ય પ્રવાહના એક ઉત્તમ સામયિક, "નવનીત સમર્પણ"ના નવેમ્બર અંકમાં, ખૂલા મનના દિલોજાન સંપાદક દીપક દોશીએ તો પ્રશ્નસભા જ જોગવી આપી છે. એ પૂછતા હતા : *'હાલમાં ગુજરાતમાં અને ગુજરાત બહાર બૌધ્ધિકોમાં ગુજરાતીઓની અસહિષ્ણુતા, મૂલ્યહીનતા અને સ્વાર્થવૃત્તિ ઉપર ખાસો ઊહાપોહ થઈ રહ્યો છે, તેમાં આપને કેટલું તથ્ય લાગે છે ? આત્મપરીક્ષણના કયા મુદ્દા આ અંગે આપને મહત્ત્વના લાગે છે ?'*

આમાંના મોટા ભાગના બુધ્ધિનિષ્ઠ લેખકોની સહિષ્ણુતા, મૂલ્ય માટેની તુલા, સ્વાર્થ-પરમાર્થના કાટલાનાં અવનવાં ચિત્રો ભાળીને અચરજમાં પડી જવાયું છે. એમની ઉપરછલ્લી પંડિતાઈ, સમજણ અને વિદ્વતાની તોલે, આપણે જેમને આદિવાસીઓ, અણઘડ, જંગલી, ગામડિયા કહીને આ કે તે ચોકઠામાં, ડાબા હાથના ખેલરૂપે, સરળતો ગોઠવી દઈએ છીએ તેવા તેવા લોકોની નિષ્ઠા, કર્મઠતા અને સમજણ વધુ પાકટ અને સુસંસ્કૃત ચોમેરે જોવાઅનુભવવા મળે છે. જ્યારે શહેરી જમાતના, થોડુંઘણું ભણેલા આપણે સૌ, વિશેષ વિકૃત, સંકુચિત અને સ્વાર્થી જ લાગીએ છીએ.

સંગીત વાટે વિધેયક ફેરફારની આસ્થા સેવતાં એક જૂથની વાત હમણાં બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશનના સદ્દભાવે જાણવા મળી. રૂબેન કોરોમા આમ તો એક દા શરણાર્થી તરીકે રહેતા હતા, પણ આજકાલ, તે તેમ જ સિયેરા લિયોનના શરણાર્થીઓના બનેલા 'ઑલ સ્ટાર્સ' નામે બેન્ડવાજાના બીજા સભ્યો પંકાયેલા લોકો બની ગયા છે. જ્યાં જ્યાં તે જાય છે ત્યાં ત્યાં ટોળાબંધ લોકો તેમને સાંભળવા એકઠાં થયા જ કરે છે.

બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશનનાં ન્યૂ યૉર્કના પ્રતિનિધિ લેસ્લી જ્યોફ લખે છે તેમ, સિયેરા લિયોનમાંના તે વેળા ફાટી નીકળેલા આંતરવિગ્રહથી તે સૌ ભાગી છૂટ્યા હતા અને આ લોકો બાજુના ગિની નામે દેશની એક છાવણીમાં રહેતા હતા. ત્યાં આ સંગીતકારોનો એકબીજા જોડે મેળ પડ્યો અને પછી તેમનું બેન્ડ-જૂથ ઊભું થઈને રહ્યું.

આ બેન્ડના આગેવાન ગાયક રૂબેન કોરોમા છે. તે કહેતા હતા તેમ, 'આ બધું જાણે કે સ્વપ્નવત્ છે, તેમ છતાં, તે મને ગમે છે.' ગયા ઉનાળે તે લોકો અમેરિકાના પ્રવાસે ગયા ત્યારે જ્યાં ત્યાં હજારો લોકો તેમને સાંભળવા ઉમટી પડતાં હતાં. યુનાઈટેડ સ્ટેટ્સના દખણાદા વિસ્તારમાં એક વાર, ૭૫ હજારની માનવમેદની સામે તેમણે વગાડ્યું હતું. વળી, પાટનગર વૉશિંગ્ટન ડી.સી.ના કેનેડી સેન્ટરમાંના બીજા એક કાર્યક્રમને અંતે, શ્રોતાઓએ ખડે પગે તેમનું અભિવાદન પણ કર્યું હતું.

તેમણે, ટૂંકામાં, શૂન્યમાંથી સર્જન કર્યું છે.'ઓલ સ્ટાર્સ'ના આ કલાકારો ફરી વાર, અમેરિકાના પ્રવાસે હાલ નીકળ્યા છે. નવેમ્બરના અંત સુધી આશરે ૧૯ નગરોમાં તે વિવિધ કાર્યક્રમો રજૂ કરવાના છે.

'અમેરિકીઓ કહે છે, આ પ્રકારની પરિસ્થિતિ સર્જાય છે તેની તેમને જરા પણ ખબર નહોતી,' રૂબેન કરોમા કહેતા રહ્યા. તેમના પિતાની ઘોર હત્યા તેમની ખુદની હાજરી વચ્ચે જ થઈ હતી. વળી, આંતરકલહથી ભાગી છૂટવા પ્રયાસ કરતાં કરતાં તેમની માતાનો દેહ પડ્યો હતો.

બીજી પાસ, આ બેન્ડના ઢોલીએ તેનાં માબાપ, પત્ની અને બાળકની રાક્ષસી હત્યા થતી જોઈઅનુભવી છે. આટલું કમ હોય તેમ તેનો એક હાથ પણ ઊડાવી દેવાયો હતો. બાકી રહ્યા એક હાથે એ ઢોલ બજાવે છે. અને આવું આવું થયા છતાં, આ બેન્ડના સભ્યો કહેતા ફરે છે કે તેમને કોઈ કડવાશ નથી.

'મને ઈજા પહોંચાડી છે તેમના પ્રત્યે પણ નહીં,' બેન્ડના એક સભ્ય અર્હિમ કહી રહ્યા હતા. 'મને તે ક્યાંક જો તે મળી જાય, તો તેની જોડે ય હું હાથ મિલાવું.' તે કહેતા રહ્યા. રૂબેન કરોમા તેની સાથે સહમત થતા હતા. 'અસંખ્ય લોકોની હત્યા કરવાવાળા આજે કેટલા ય જણ સિયેરા લિયોનમાં ટેકસી ફેરવતા જોવા મળે છે. મારું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા જ મારી બાકી રહી જિંદગીનો સારો ઉપયોગ હવે હું કરવા ઈચ્છું છું. ... મારું સંગીત વિધેયક ફેરફાર લાવી શકશે એની મને આસ્થા છે. વળી, સંગીતપ્રેમી લોકો, અમેરિકીઓ અને બીજાઓ પણ વેદના અને પીડા ઓછી કરવા પોતાથી થાય તે કરવાનું પણ રાખશે.'

રાજકારણીઓ ધારે તો જગતભરમાં આચરાતાં રહ્યાં આવા અત્યાચારો તેમ જ વેદના - પીડા રોકી શકાય તેમ છે, તેવી આસ્થા રૂબેન કરોમા સેવે છે. 'આ દાકુરનો જ દાખલો લો. એ હત્યાકાંડ ત્વરિત અટકાવવો જ જોઈએ. ... ભલે, હું હવે શરણાર્થી નથી, પરંતુ શરણાર્થીને કેવી કેવી હાલત અનુભવવી પડતી હોય છે તેની મને જાણકારી અને અનુભવ બંને છે. આ ભણીની કાળજીપૂર્વક ખિદમત જ હવે આપણે સૌએ કરવી રહી.'

આપણા સંગીતગાયકોને, ભલા, આવું ક્યારે સૂઝશે ?

આ સઘળી ચર્ચા બાદ, વાંચવા મળ્યા ગણેશ દેવીના નિવેદનમાં જે સમજણ, વિવેક, કરુણા છે તેને સમજવા માટે, કદાચ, આપણને બીજો ભવ જોઈશે. વિવેકબૃહસ્પતિ ગુજરાતના આપણે, કહેવાતા ભણેલા - બુધ્ધિવાળા મનેખ, અસહિષ્ણુતાનો ભારો જ લઈને આંધળી દોટ જ મૂકીએ છીએ ને ?

સાહિત્ય અને સંગીત લોકોને જોડે છે. ત્યારે સાહિત્યને નામે સક્રિયપણે કામ કરતી સંસ્થાઓએ પણ હવે પોતાનો માંહ્યલો મગન કરવાની આ ઘડી છે. રાજકારણના, ધર્મકારણના, અર્થકારણના તેમ જ સત્તાકારણના તગડા, લોલુપ, લાંચિયા, આગેવાનોના પડખા સેવવાનું છાંડીને હવે એમણે, છેક છેવાડે નજર ટેકવતાં ટેકવતાં, આમ જનતાના પડખા સેવવાનું પ્રથમપહેલાં વિચારવું પડે.

•

## ગઝલ

○ 'આદિલ' મન્સૂરી

**આ જિંદગીની એવી સફર રાખીએ છીએ**
**કે ઊંટ ઉપર આખ્ખું યે ઘર રાખીએ છીએ**
**માથે કફન ને પગમાં કબર રાખીએ છીએ**
**છેલ્લો ઉતારો ક્યાં છે ખબર રાખીએ છીએ**
**જીવનની દોડધામમાં ભૂલ્યા નથી તને**
**તારો ખયાલ આઠે પ્રહર રાખીએ છીએ**
**તારા સિવાય અન્ય બીજું કોઈ પણ નથી**
**એવો ભરોસો તારા ઉપર રાખીએ છીએ**
**નીચે તળેટીમાંના આ ખાડે પડ્યા પડ્યા**
**દૃષ્ટિમાં સૌથી ઊંચું શિખર રાખીએ છીએ**
**અમને ખબર છે ત્યાં નહીં પહોંચી શકાય પણ**
**ત્યાં પહોંચવાના પંથે નજર રાખીએ છીએ**
**ક્યારેક ઉતરી જાય છે પથ્થર હૃદય સુધી**
**થોડીઘણી શબ્દમાં અસર રાખીએ છીએ**
**એને ભલે કળામાં કોઈ સ્થાન ના મળે**
**આદિલ અમે નગણ્ય હુનર રાખીએ છીએ.**

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું

આધુનિક ગુજરાતનું ઘડતર કરવામાં એમણે અદકેરો ફાળો આપ્યો છે. પ્રાધ્યાપક પુરુષોત્તમ ગણેશ માવળંકર એમનું નામ. એ ખુદ એક સંસ્થા રૂપે, નિખર્યા છે. એ જેમ ઉત્તમ અધ્યાપક, મુઠ્ઠી ઊંચેરા વિચારપુરુષ અને કર્મશીલ સાંસદ તેમ એ મજેદાર સંપાદક અને લેખક પણ. "અભ્યાસ" નામનું, એક સામયિક પ્રગટ કરતા. એમાંના એક અંકમાં વાંચ્યો પ્રસંગ સાંભરે છે :

હિંદની સ્વતંત્રતાની લડતના એ દિવસો. અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાની કાર્યકારિણી સમિતિની કોઈ એક સમયે બેઠક મળી હતી. ઘનશ્યામદાસ બિડલા અને એમના પરિવારની ઉદારતા અને સખાવતની પોરસાવતી વાત ગાંધીજી સમિતિને કરતા હતા. એમનું ઉચિત ગૌરવ કરવાનું ગાંધીજીનું, સૂચન હતું. બેઠકમાં સહમતી જ હતી, પરંતુ ગણેશ વાસુદેવ માવળંકરે રજૂઆત કરી : સેંકડો નાનામોટા લોકો પોતાની શક્તિ, મતિ, ભક્તિ મુજબ જે, સમય આપે છે, જે આવી આવી સેવા આપે છે તેની, ભલા, કદરદાની કેવી રીતે કરીશું ?

દેશપ્રદેશવિદેશમાં ચોમેર પથરાઈ ગુજરાતી જમાત વચ્ચે અનેક સંસ્થાઓમાં, અનેક સ્તરે નાનામોટા લોકોએ પોતાની શક્તિ અને મતિ અનુસાર ભક્તિ કરી છે. આફ્રિકા ખંડમાં આવાં આવાં અદકેરાં નામો સરળતાએ જડે જ છે.



પૂર્વ આફ્રિકાના યુગાન્ડા દેશમાં જિંજા નગરમાં આપણી વસાહતે ઘણાં અગત્યનાં કામો કર્યાં છે. તેમાં જિંજા સેવા દળની પ્રવૃત્તિ પણ કેન્દ્રગામી હતી. અબીહાલ, દક્ષિણ લંડનના નોરબરી વિસ્તારમાં વસેલા આપણા અગ્રગણ્ય શહેરી ઘનશ્યામભાઈ ન. પટેલ પાસેથી આ છબિ આવી મળી છે. નાનજી કાળિદાસ મહેતા લાયબેરી, જિંજાના પટાંગણમાં લેવાઈ આ છબિનો સમયગાળો ૧૯૬૪-૬૫નો હશે.

ચિત્રમાં, આગલી હરોળમાં બેઠેલાં ડાબેથી), સેવા દળના તત્કાલીન મંત્રી અને હાલ ઈંગ્લૅન્ડના હેમલ હેમસ્ટેડ ગામ રહેતા જેઠાલાલ પિત્તામ્બર જોબનપુત્રા, તત્કાલીન સહમંત્રી કાન્તાબહેન કાન્તિભાઈ પટેલ (કદાચ, આજે દક્ષિણ લંડનમાં, કોઈક બરૉમાં, કાઉન્સિલર તરીકે સેવા આપે છે), સેવા દળના પ્રમુખ સદ્દગત નટુભાઈ ગોરધનભાઈ પટેલ (જે ઈન્ડિયન એસોસિયેશન, જિંજાના મંત્રીપદે ય હતા), ઉપ-પ્રમુખ સાવિત્રીબહેન ધૂપેલિયા અને સંસ્થાના ખજાનચી સદ્દગત જયંતીલાલ (નાના) જોવા મળે છે.

વચલી હરોળમાં ઊભેલા (ડાબેથી), ભવાનભાઈ બી. પટેલ (જે હાલ વેમ્બલીમાં વસે છે), સદ્દગત રમણભાઈ જીવાભાઈ પટેલ, એસ. એલ. પટેલ પછીની વ્યક્તિનું નામ સાંભરતું નથી, દક્ષિણ લંડનના નોરબરીસ્થિત ઘનશ્યામભાઈ ન. પટેલ, સદ્દગત જયંતીલાલ ડાહ્યાભાઈ પટેલ (મોટા) તેમ જ, હાલ હેમલ હેમલસ્ટેડમાં વસતા અરવિંદભાઈ ભટ્ટ જોવા મળે છે.

જ્યારે છેક પાછલી હરોળમાં ઊભેલા (ડાબેથી), નાનજી કાળિદાસ મહેતા લાયબેરીના મદદનીશ (જેમનું નામ સાંભરતું નથી), મુકુન્દભાઈ પી. બાવલિયા, સદ્દગત ગોરધનભાઈ છોટાભાઈ પટેલ, હાલ નોર્થ વેમ્બલીમાં વસતા કાન્તિભાઈ પિત્તામ્બર જોબનપુત્રા તેમ જયન્દકાન્ત જે. દવે. એ પછીની વ્યક્તિનું પણ નામ યાદ નથી.

# માનવજાતિ અને વિજ્ઞાન સામે સૌથી મોટી સમસ્યા : એચ.આઈ.વી. ઍઈડ્સ

□ ઇમ્તિયાઝ પટેલ

૧૯૮૧ની સાલમાં, સૌ પ્રથમ, જ્યારે એઈડ્સની માહિતી અમેરિકા તથા અન્ય દેશોમાં પ્રસિધ્ધ થઈ, ત્યારે તે સમયના મોટા ભાગના બુધ્ધિજીવીઓ અને સામાન્ય માણસોએ આ વિષય બાબત દુર્લક્ષ કર્યું. એમનું માનવું હતું કે સમાજના અમુક ચોક્કસ વર્ગ અને અમુકતમુક સમાજની અમુકતમુક વ્યક્તિઓ પૂરતો જ આ રોગ સીમિત છે અને રહેશે. તેમનું માનવું હતું કે ખાસ કરીને જે સમાજમાં સ્ત્રીપુરુષોના સંબંધોમાં વધુ પડતી છૂટછાટ અને સ્વતંત્રતા હોય છે તે સમાજ માટે જ આ વિષય ચિંતાજનક છે અને તે સમાજની જ આ સમસ્યા છે. પરંતુ આજે આટલા દાયકાઓ પછી જે રીતે એઈડ્સનો રોગ, ચારે તરફ, સમાજના દરેક વર્ગને અસર કરી રહ્યો છે, અને આજે આટલા દાયકાઓ પછી પણ, સાબિત થઈ ચૂક્યું છે કે કોઈ પણ બીજા રોગના જંતુની જેમ એઈડ્સનાં વિષાણુ (વાયરસ) માટે પણ ધર્મ, પંથ, નાત-જાત, ગરીબ, તવંગર, ઉંમર, કાળો, ગોરો, સ્ત્રી, પુરુષ, બાળક એવા કોઈ જ ભેદ રહેતા નથી.

---

**ડૉ. ઇમ્તિયાઝ પટેલ આ ક્ષેત્રના માન્યવર તજ્જ્ઞ છે. 'નેશનલ હેલ્થ સર્વિસ'માં વરસોથી સેવા આપતાં ઇમ્તિયાઝભાઈ ભારત અને ગુજરાતમાં પણ આ ક્ષેત્રે નામવર છે. આથીજસ્તો, આ તજ્જ્ઞ પાસેથી, આ લેખ મેળવવામાં "ઓપિનિયન" ભાગ્યશાળી રહ્યું છે.**

---

અંગ્રેજીમાં એક સૂત્ર છે, જે બિલકુલ સાચું છે અને સમજવા જેવું છે : 'AIDS attacks one race and one race only, the Human Race.' એઈડ્સ કોઈને પણ અસર કરી શકે છે અને એઈડ્સ વિશેની હકીકત અને માહિતી દરેક વ્યક્તિએ જાણવી જરૂરી છે, કારણ, એઈડ્સથી બચવાનો આ જ ફક્ત એક માત્ર ઉપાય છે.

એચ.આઈ.વી. (હ્યુમન ઈમ્યુનો ડિફિશિયન્સી વાયરસ) એઈડ્સ (ઍક્વાયર્ડ ઈમ્યુનોડેફિશિયન્સી સિન્ડ્રૉમ) નામનો આ જીવલેણ રોગ, આજે દુનિયાભરમાં, બુધ્ધિજીવીઓ અને વૈજ્ઞાનિકો માટે ચિંતાનો વિષય બન્યો છે. પશ્ચિમના ભણેલા ગણેલા સમાજ સહિત દુનિયાના બીજા દેશોમાં એઈડ્સ અતિ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ક્યારેક ક્યારેક એઈડ્સ રોગ કરતાં તેનો ભય, તે વિશેની અફવાઓ અને આ રોગ પ્રત્યેની ગેરસમજો સમાજમાં અજંપો અને રોગની ભયાનકતા વધારે છે. હકીકતમાં એઈડ્સ વિષેની અધકચરી માહિતી અને અધકચરા જ્ઞાને આપણા સમાજમાં આ વિષય ઉપર ચિત્રવિચિત્ર લાગણીઓ અને મંતવ્યો બાંધી દીધાં છે. એઈડ્સ વિષેનાં અધકચરાં જ્ઞાને આપણા સમાજમાં સામાજિક, ધાર્મિક અને અન્ય બાબતોમાં મૂંઝવણો ઊભી કરેલી છે, અને તે બાબતો ખતરનાક સાબિત થતી જાય છે. સામાજિક પ્રસંગો અથવા ધાર્મિક પ્રસંગો ઉપર વ્યક્તિઓ ઘણી બધી ચર્ચાઓ કરતી હોય છે. આવી મહેફિલોમાં જ્યારે એઈડ્સ વિષેની ચર્ચા છેડાય છે ત્યારે સ્વાભાવિક રીતે, 'સાલું આ એઈડ્સનું લફરું એવું પેઠું છે કે હમજ પડતી નથી. પણ આપણા સમાજમાં તો આની એટલી અસર નઈ થાય.' જેવું વાક્ય સાંભળવા મળે. આવાં બેદરકારીવાળાં વાક્યો ફક્ત અશિક્ષિત વ્યક્તિઓ તરફથી જ સાંભળવાં નથી મળતાં, પરંતુ કહેવાતી શિક્ષિત વ્યક્તિઓ પણ આ વિષયની માહિતી મેળવવામાં નિષ્ફળ ગયા છે.

એક વાત વિચારવા જેવી છે કે દરેક માનવીનું એક સ્વપ્ન હોય છે કે પોતે અને પોતાના પરિવારના સભ્યો તન-મન-ધનથી સુખ-શાંતિમાં જીવન વિતાવે. એ વ્યક્તિ એવું પણ માનતી હોય છે કે પોતાને અને પોતાના પરિવારના સભ્યોને તો એઈડ્સ લાગું પડે જ નહીં, એવી મોટા ભાગની વ્યક્તિઓની દઢ શ્રધ્ધા હોય છે. પરંતુ કમનસીબે, આ દઢ શ્રધ્ધા પાછળ એક નગ્ન હકીકત છૂપાયેલી છે કે આ રોગ દરેકને લાગુ પડી શકે છે. ખેર, આ રોગને સમજવા આપણે એક શૈક્ષણિક દષ્ટિ [educational view] કેળવવી જોઈએ, જેનાથી આપણે પોતાની જાત, પોતાના પરિવાર, પોતાના સમાજ અને પોતાના દેશની સુરક્ષા કરી શકીએ.

---

*વિશ્વ આરોગ્ય સંસ્થાએ, મે ૨૦૦૬ દરમિયાન, બહાર પાડેલા અધિકૃત આંકડાઓ અનુસાર, સન ૨૦૦૫ના અંત ભાગ સુધી, જગતમાં, આશરે ત્રણ કરોડ ૮૬ લાખ જેટલાં લોકો એચ.આઈ.વી / એઈડ્સ રોગના ભોગ બનેલા છે. જ્યારે ગયા વરસે, અંદાજિત ૨૮ લાખ લોકોનું આ રોગને કારણે અવસાન થયું હતું. સહરાના રણ નીચેના આફ્રિકા ખંડના વિવિધ વિસ્તારોમાં સૌથી વધુ આંકડો રહ્યો છે. એ પછીનું સ્થાન એશિયા ખંડનું છે. અને તે પછી અમેરિકા - યુરોપનું સ્થાન છે.*

*બ્રિટનમાં, જૂન ૨૦૦૬ સુધી, ૮૦,૫૫૬ જેટલાં લોકોને એચ.આઈ.વી. રોગ હોવાનું નોંધાયું છે. ૨૨,૨૮૧ લોકોને એઈડ્સ હોવાનું જણાયું છે.*

*યુનાઈટેડ નેશન્સની એજન્સી 'યુએનએઈડ્સ'ના કહેવા મુજબ, ભારત માટેનો અંદાજિત આંકડો પાંચ કરોડ સિત્તેર લાખનો છે. સૌથી મોટો આંક આંધ્રપ્રદેશનો છે. ગોવા, કર્ણાટક પછી મહારાષ્ટ્રનો ક્રમ મૂકવામાં આવ્યો છે. ગુજરાત માટે ૫,૬૩૬નો આંક અંદાજાયો છે. એકલા મુંબઈમાં ૭,૪૮૪ તેમ જ અમદાવાદમાં ૬૨૧ રોગી હોવાનો અંદાજ અપાયો છે.*

**સંદર્ભ : 'યુએનએઈડ્સ / હુ' ૨૦૦૬ રિપોર્ટ ઑન ધ ગ્લોબલ એઈડ્સ એપિડેમિક'**

---

એઈડ્સ પ્રત્યે અણગમો પેદા કરવો અને રૂઢિચુસ્ત વિચારસરણી ધરાવવાથી આપણી હાલત પેલા કબૂતર જેવી થશે કે જ્યારે બિલાડી કબૂતર જોઈ તરાપ મારે છે ત્યારે કબૂતર આંખો બંધ કરી દઈ વિચારે છે કે હું ક્યાં બિલાડી જોઈ શકું છું, જેથી બિલાડી મને ખાઈ જશે ! આ ભ્રમમાંથી આપણે બધાયે બહાર આવવાની જરૂર છે. અને પોતાના મંતવ્યોને શૈક્ષણિક અને વૈજ્ઞાનિક મૂલ્યાંકન આપી એઈડ્સ જેવા વિષયને સમજવાની અને એના ઉપાય વિષે વિચારવાની કોશિશ કરવી જોઈએ.

આપણાં બેદરકારીભર્યાં વર્તનથી અન્ય ભયંકર સમસ્યાઓ ઊભી થઈ શકે છે. ધારો કે કોઈ તદ્દન નિર્દોષ માણસ એઈડ્સનો ભોગ બન્યો અને તે વાત જાહેર થઈ તો રોગની ગેરસમજૂતી થકી સમાજમાં મોટા ભાગના લોકો એ વ્યક્તિ તરફ અને એના પરિવાર તરફ શંકાશીલ અને ઘૃણાની લાગણીથી જોવા લાગશે. આ શંકા - કુશંકાઓ સામાન્ય રીતે નીચેના પ્રકારની હોઈ હશે :

(૧) જરૂર આ માણસ વેશ્યાગામી હશે. અરે, યાર ... ! આમ તો ઘણો ધાર્મિક દેખાતો હતો, પરંતુ આવાં કુકર્મો કરતો હશે, એ તો આપણે ધાર્યું પણ નહોતું.

(૨) તોબા - તોબા ... કંઈ એ હોમોસેક્સ્યુઅલ (સજાતીય સંબંધ - પુરુષ - પુરુષ વચ્ચે શારીરિક સંબંધ ધરાવનાર) તો નહીં હોય ને ? એને તો પત્ની છે. બાળકો છે. છતાં, આવું કુકર્મ ! ખરો જમાનો આવ્યો છે, બાપ !

(૩) તે તેની પત્ની સિવાય અન્ય સ્ત્રીઓ સાથે શારીરિક સમાગમ તો

નહીં રાખતો હોય ? આ વ્યક્તિ તો આમ કરી જ ન શકે ? ભઈ ... આપણને તો માનવામાં જ આવતું નથી. ઉપરવાળો તમારાં કર્મોની સજા આપે જ છે। હાય ... હાય ... ખરું થયું।

(૪) તે કોઈ નશીલી દવાઓનો ઉપયોગ તો નહીં કરતો હોય ની ?। મને જો કે છેલ્લા થોડાક સમયથી એની વર્તણૂકમાં થોડીક વિચિત્રતા લાગતી જ હતી. આવી કુટેવો ન જાણે લોકો કેમ પાડતાં હશે ? અલ્લાહ ... અલ્લાહ ... ભગવાન ... ભગવાન ... શું થશે ?

(૫) હવે તે અને તેનો પરિવાર સમાજમાં શું મોં દેખાડશે ? ભલા માણસ, તેણે પોતાના પરિવારની અને પોતાના સમાજની ઈજ્જતનો તો ખ્યાલ કરવો જોઈતો હતો।

(૬) આજકાલ કોનો ભરોસો થાય ? કોઈ શું કરે છે ? શું નથી કરતું ? તેનો અંદાજો લગાવવો અઘરો છે । બહારથી સારા અને વ્યવસ્થિત દેખાતા માણસો આવાં કામો કરે, તે માનવામાં જ આવતું નથી.

માનવી તરીકે, સામાન્ય રીતે, ઉપરોક્ત શંકા - કુશંકાઓનું ઘેરાવું સહજ છે. પરંતુ હકીકતો જાણ્યા સિવાય કોઈની બાબતમાં આવું નકારાત્મક વલણ શોભાસ્પદ નથી. એચ.આઈ.વી. / એઈડ્સ અન્ય રોગોની જેમ એક રોગ છે. આવા સંજોગોમાં સામાજિક દૃષ્ટિકોણ હકારાત્મક, શૈક્ષણિક અને વૈજ્ઞાનિક હોવો જોઈએ, જેથી આ વિષયને સમજીને આ રોગને ફેલાતો અટકાવી શકાય. બેદરકારીપણું આપણાં બધાં માટે ક્યારેક નુકસાનકારક અને ઘાતક નીવડે છે. આપણને આજે જરૂર છે સભાનતાની અને શિક્ષણની.

આ વિષયમાં ઊંડી ચર્ચામાં ઉતરતાં પહેલાં સામાન્ય માહિતી મેળવી લઈએ કે એચ.આઈ.વી. / એઈડ્સ શું છે અને એઈડ્સ થવાનાં મૂળભૂત કારણો કયાં કયાં છે ?

એઈડ્સના રોગના સૂક્ષ્માતિ સૂક્ષ્મ જંતુઓને 'વાયરસ' તરીકે ઓળખવામાં આવે છે, જેનું વૈજ્ઞાનિક નામ 'એચ.આઈ.વી.' [HIV] એટલે કે 'હ્યુમન ઈમ્યુનો ડિફિશિયન્સી વાયરસ' છે. તે વાયરસ શરીરમાં પ્રવેશ કરે પછી અમુક સમયે એઈડ્સનો રોગ સંપૂર્ણપણે શરીરમાં ફેલાય છે અને કમનસીબે દરદીની રોગપ્રતિકારક શક્તિને નિષ્ફળ બનાવી દરદીને મોતને ઘાટ પણ ઉતારી દે છે.

આપણે જાણીએ છીએ કે કુદરતે મનુષ્યના શરીરમાં એવાં તત્ત્વો મૂક્યાં છે જે વિવિધ પ્રકારના ચેપી રોગોના હુમલાનો સામનો કરી શરીરને તંદુરસ્ત અને સ્ફૂર્તિમય રાખે છે. રોગના ચેપ સામે શરીરમાંના રોગ-પ્રતિકાર તત્ત્વોની લડાઈ ચાલ્યા જ કરે છે. 'એઈડ્સ'નાં વિષાણુ એચ.આઈ.વી. શરીરમાં પ્રવેશ કર્યા પછી કુદરતે શરીરમાં મૂકેલી રોગપ્રતિકારક શક્તિનો ધીમે ધીમે નાશ કરે છે. પ્રતિકારક શક્તિનું મુખ્ય સાધન લોહીમાં ટી-૪ નામના કણ છે. એઈડ્સનાં વાયરસ તો કણમાં પ્રવેશ કરી ત્યાં અડ્ડો જમાવે છે. ત્યાર બાદ એઈડ્સનાં વાયરસ તે કણમાં નિષ્ક્રિય રીતે પડી રહે છે. પરંતુ ખૂબ જ ભેદી રીતે કેટલાક સમય બાદ તે સક્રિય બનીને પોતાની સંખ્યા વધારી ટી-૪ કણનો ભુક્કો બોલાવી દે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ વાયરસ કેટલો સમય ટી-૪માં નિષ્ક્રિય રહે છે તેનો અંદાજો આંકવો મુશ્કેલ છે. વાયરસ સુષુપ્ત અવસ્થામાં હોય તો દરદી નિરોગી લાગે છે. એચ.આઈ.વી. સક્રિય બનવા લાગે ત્યાર પછી જ એઈડ્સનાં લક્ષણો ધીરે ધીરે દરદીને હેરાનપરેશાન કરવા લાગે છે.

એઈડ્સના દરદીને શરૂઆતમાં ઝીણો તાવ, શરદી, શરીરનો દુઃખાવો, ચામડીનાં ચાઠાં, શીળવા, પેટમાં સખત ચૂક આવવી, ઝાડા, માથાનો દુઃખાવો, નિરસતા વગેરે તકલીફોની શરૂઆત થાય છે. એઈડ્સના દરદીમાં, સામાન્ય રીતે, અન્ય ચિન્હો અને લક્ષણો પણ નોંધી શકાય છે. જેમ કે કોઈ ચોક્કસ કારણ વગર વજનનું ઘટવું, શરીરની લસિકાગ્રંથિઓ, ખાસ કરીને, ગળાની ઉપર સોજા આવવો, મોં અથવા અન્નનળીમાં સફેદ ડાઘ કે જખમ થવો, વગેરે. એઈડ્સનો રોગ જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે દરદીને ન્યુમોસિસ્ટીક્સ કેરિનાઈ નામનો ન્યુમોનિયા થાય છે. સાયટોમેગાલો વિષાણુંઓનો ચેપ કે જેમાં નેત્રપટલની આસપાસ સોજા અથવા અંધત્વ અથવા ભયંકર ઝાડા થઈ જાય છે. એઈડ્સની પરાકાષ્ટાની અવસ્થામાં જીવલેણ રોગો શરીર પર હુમલો કરે છે અને રોગપ્રતિકારક શક્તિ અથવા દવાઓનો ઉપાય આ રોગોના હુમલાઓને નિષ્ફળ બનાવવામાં નાકામયાબ નીવડે છે.

સાંસ્કૃતિક અને ધાર્મિક ઊહાપોહ કરવા કરતાં સ્વસ્થ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક મૂળભૂત કારણો આપણે સમજી લેવાં જોઈએ કે આ રોગ કેમ અને કેવી રીતે ફેલાય છે. કારણ સ્વસ્થ મંતવ્ય અને હકારાત્મક વર્તણૂક જ આ વિષય બાબત આપણને સમજ આપશે, અને આમ આપણા સમાજને આપણે ભયંકર રોગના ભરડામાંથી બચાવી શકીશું. કારણ એચ.આઈ.વી. / એઈડ્સને મટાડી શકાય એવી કોઈ પણ સારવાર શોધવામાં વિજ્ઞાનને હજી સફળતા મળી શકી નથી.

એઈડ્સનો રોગ નીચે જણાવેલી બાબતોથી થાય છે :

○ **અસુરક્ષિત યૌન સંબંધથી** - પુરુષ - સ્ત્રી, પુરુષ - પુરુષ તથા સ્ત્રી - સ્ત્રી એમ વિષમ જાતીય તેમ જ સજાતીય અસુરક્ષિત સમાગમને કારણે મુખ્યત્વે આ રોગ ફેલાય છે. આ વિષાણુના સંસર્ગમાં આવેલા પુરુષના વીર્ય દ્વારા અથવા સ્ત્રીના યોનિમાર્ગમાં રહેલાં દ્રવ્ય દ્વારા આ વિષાણુ આપણાં શરીરમાં પ્રવેશી અડ્ડો જમાવે છે.

○ **એચ.આઈ.વી. / એઈડ્સથી સંક્રમિત લોહી ચઢાવવાથી** - એચ.આઈ.વી. / એઈડ્સથી સંક્રમિત લોહી એટલે કે જે રક્તમાં એચ.આઈ.વી.નાં વાયરસ હોય એવું લોહી જો યોગ્ય તપાસ કર્યા વિના કોઈ પણ વ્યક્તિને ચઢાવવામાં આવે તો આ રીતે પણ એચ.આઈ.વી.નાં વાયરસ આપણાં શરીરમાં દાખલ થઈ શકે છે.

○ **કોઈને માટે વપરાયેલી ઈન્જેક્શનની સોયને ચેપ મુક્ત કરાયા વગર વાપરવાથી** - ઈન્જેક્શન માટે વપરાતી સોય જંતુમુક્ત ન કરવામાં આવી હોય, તો તે વિષાણુનાં પ્રસારણ માટે જવાબદાર બની શકે છે. કેફી દ્રવ્યોનું (ડ્રગ્સ) સેવન કરનાર વ્યક્તિ દરેક વખતે નવી / જંતુમુક્ત સોય મેળવવા સમર્થ ન હોવાને કારણે કોઈ વ્યક્તિએ વાપરેલી સોય વાપરે અને આ રોગનો ભોગ બની શકે છે. અમુક દેશોમાં અમુક જાતિઓમાં છૂંદણાં કરવા અથવા શરીર પર ડિઝાઈનો પાડવા માટે પણ સોયનો ઉપયોગ કરવામાં આવે છે. આવા સંજોગોમાં જો સોય જંતુમુક્ત કર્યા વિના વારંવાર વાપરવામાં આવે તો તે પણ આ રોગ ફેલાવવામાં ભાગ ભજવે છે.

○ **એચ.આઈ.વી.ગ્રસ્ત માતા પાસેથી નવજાત શિશુને** - ગર્ભવતી સ્ત્રી આ વિષાણુના સંસર્ગમાં આવેલી હોય તો તેનાં બાળકને ગર્ભાશય દ્વારા અથવા સ્તનપાન દ્વારા આ રોગનો ચેપ લગાડી શકે છે.

આમ, ટૂંકમાં, એચ.આઈ.વી. વિષાણુ રોગીનાં લોહી દ્વારા, વિશેષતઃ સફેદ કણ, બરોળનાં લોહીના રક્તકણ, વીર્ય, સ્ત્રીના યોનિમાર્ગનાં પ્રવાહી, એચ.આઈ.વી.ગ્રસ્ત માતા પોતાના ગર્ભાશય અથવા દૂધ દ્વારા

આ રોગ ફેલાય છે. લાળમાં તથા અશ્રુમાં રહેલાં કેટલાંક ઘટકોમાં આ વિષાણુનાં પ્રતિકાર કરવાની શક્તિ રહેલી હોય છે, જેથી આ રોગ લાળ દ્વારા પ્રસરવાની સંભાવના ખૂબ ઓછી છે. કોઈ વ્યક્તિને વાયરસ હોય તો તેની સાથે રોજિંદા સંપર્ક દ્વારા શું એચ.આઈ.વી. લાગી શકે છે ? આ પ્રશ્ન ઘણી વ્યક્તિઓ અવારનવાર પૂછતી રહે છે અને આ પ્રશ્ન ઘણાં યુવક યુવતીઓ તથા પરિવારોને મૂંઝવતો, સતાવતો હોય છે. જવાબ છે : ના. કોઈ પણ વ્યક્તિ કે જેને એચ.આઈ.વી. અથવા એઈડ્સ છે તેની સાથેનો રોજિંદો સંપર્ક સુરક્ષિત છે. નીચે જણાવેલી બાબતોથી એચ.આઈ.વી. / એઈડ્સ ફેલાતો નથી :

- સ્પર્શ કરવાથી, હાથ મેળવવાથી
- ચુંબન કરવાથી
- ટોઈલેટ સીટ્સ અથવા સંડાસની સહુલિયત સાથે મળીને વાપરવાથી
- ભાગીદારીમાં કપ, ચમચાં, છરી, કાંટાં, કાચનાં વાસણો, રૂમાલ, વગેરેના ઉપયોગથી
- સાથે મળીને જમવાથી, એકબીજાંનાં કપડાં પહેરવાથી અને એક ' સ્નાનગૃહનો ઉપયોગ કરવાથી
- ઉધરસ અને છીંકથી
- સ્વીમીંગ પુલમાં જવાથી
- મચ્છર કરડવાથી
- સાથે કામ કરવાથી કે ઊઠવા - બેસવાથી
- અન્ન, પાણી કે હવા દ્વારા.

એચ.આઈ.વી. / એઈડ્સ વિશે ઘણાં ખોટાં ખ્યાલો અને મંતવ્યો હોય છે. ખોટાં ખ્યાલો અને મંતવ્યોથી આપણી વચ્ચે ઘણી ગેરસમજૂતીઓ ઊભી થાય છે. આશા છે, ઉપરોક્ત, ટૂંકામાં જણાવેલી, વિગતમાહિતી મદદરૂપ બનશે.

એચ.આઈ.વી. / એઈડ્સથી બચવા શું શું કરવું જોઈએ એ પ્રશ્ન પણ સામાન્ય રીતે ઘણી બધી વ્યક્તિઓ પૂછતી હોય છે.

ચાલો, નીચે આપણે ટૂંકામાં, એચ.આઈ.વી. / એઈડ્સ સામે કેવી રીતે રક્ષણ મેળવી શકીએ તેની માહિતી તપાસીએ :

○ સૌ પ્રથમ તો આપણે દરેકે જાતીય સુખ ભોગવવા બાબત ખૂબ જ સાવચેતી દાખવવી પડશે. કારણ એચ.આઈ.વી. વાયરસ જે વ્યક્તિમાં હોય તેની સાથે અસલામત (નિરોધ - કોન્ડમ - વગર) જાતીય સમાગમ કરવાથી કોઈ પણ વ્યક્તિને એચ.આઈ.વી.નો ચેપી રોગ લાગી શકે છે. જેમ કે, આપણે આગળ જોઈ ગયા છીએ તેમ વ્યક્તિનાં લોહી, વીર્ય અથવા યોનિ પ્રવાહીઓ સાથે સંસર્ગ થવાથી વાયરસ એક શરીરમાંથી બીજાં શરીરમાં પ્રવેશી શકે છે. આનો અર્થ આમ પણ થઈ શકે કે લગ્ન પૂર્વે કે લગ્ન બહાર શારીરિક સમાગમ ન રાખવો જોઈએ.

○ જો તમે લગ્ન પૂર્વે અથવા લગ્ન બહાર શારીરિક સુખ ભોગવતા હો તો હંમેશાં સલામત (નિરોધ) સમાગમ કરો. કોન્ડોમના - નિરોધના ઉપયોગના બે ફાયદાઓ છે. એક તો એચ.આઈ.વી.થી બચી શકાય અને અન્ય ગુપ્ત રોગોથી પણ રક્ષણ થશે. પરંતુ ફરીથી આપણે જાણી લઈએ કે લગ્ન પૂર્વે અને લગ્ન બહાર શારીરિક સંબંધ ન રાખવામાં જ આપણી ભલાઈ છે.

○ હવે તો મોટા ભાગના દેશોમાં લોહીની વૈજ્ઞાનિક પધ્ધતિથી બરાબર ચકાસણી થાય છે. તેમ છતાં, જે દરદીને વારંવાર લોહી લેવાની જરૂર પડે અથવા અમુક વખતે કટોકટીમાં આપણને લોહી લેવાની જરૂર પડે તો આ લોહી એચ.આઈ.વી. મુક્ત હોય તેનું અવશ્ય પરીક્ષણ કરાવવું અને ખાતરી કરાવવી.

○ ધંધાકીય લોહી પૂરું પાડનારાઓએ વારંવાર એચ.આઈ.વી.નું પરીક્ષણ - તપાસ કરાવવી જોઈએ, જેથી આકસ્મિક રીતે કે અજાણતાથી એચ.આઈ.વી. જીવાણુઓવાળું પોતાનું લોહી તે અન્ય વ્યક્તિને ન પહોંચાડી શકે.

○ નશીલી તેમ જ માદક દવાનાં સેવન કરતી વ્યક્તિઓએ ઈન્ફેક્શનોના ઉપયોગ બાબત ખૂબ જ કાળજી લેવી અને નશીલી દવાઓનાં સેવન કરતી વ્યક્તિ આપણી ઓળખાણમાં હોય તો તેને એચ.આઈ.વી. અને આ જીવલેણ કુટેવ પ્રત્યે સભાનતા કેળવવી એ આપણી ફરજ છે. માદક દ્રવ્યનું સેવન કરનારાઓએ હંમેશાં ઈન્જેક્શનની નવી સીરિન્જનો જ ઉપયોગ કરવો જોઈએ. નહીં તો, પોતાની જાતને સુખી અને તંદુરસ્ત રાખવા ડ્રગ્સની આદતથી આપણને અને બીજાઓને સરિયામ દૂર રાખવા જોઈએ.

○ ખાસ કરીને, નશીલી દવાઓ - ડ્રગ્સનો ઉપયોગ કરનારાઓને સોય અને સીરિન્જથી ડ્રગ લેવાની પ્રવૃત્તિમાં આવાં સાધનોની એકબીજા સાથે આપલે કરવાથી એચ.આઈ.વી.નું જોખમ ખૂબ જ વધે છે.

○ ચામડીમાં કાણાં પાડતાં સાધનો બાબત ખૂબ કાળજી લો.

○ જ્યારે તમે પરદેશ મુસાફરી કરો ત્યારે તમારું સંરક્ષણ ઘણું જ અગત્યનું બને છે.

આપણે, ટૂંકામાં, માહિતી મેળવી કે દુનિયાના મોટા ભાગના દેશોમાં એચ.આઈ.વી રોગ ફેલાયેલો છે. ખાસ કરીને, ભારત દેશ પણ આ ભયંકર અને ખતરનાક રોગના ભરડામાં આવેલો છે. તમારાં આરોગ્યને લગતી બાબત તમે તમારા ડૉક્ટર અથવા તમારી હેલ્થ ઑથોરિટીના હેલ્થ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે કરો. તમારી જાતને તેમ જ પરિવારને તંદુરસ્ત રાખવા એચ.આઈ.વી. બાબત ચર્ચાવિચારણા ખૂબ જ જરૂરી છે.

અંતમાં, એચ.આઈ.વી અને એઈડ્સ વિષે જેમ બને તેમ વધારે માહિતી મેળવી આ રોગને સમજવાની કોશિશ કરવી. અને વૈજ્ઞાનિક માહિતીને મેળવી સ્વચ્છ રીતે તમારા પરિવારના સભ્યો, મિત્રો અને સમાજને સમજાવી એઈડ્સ વિષેની સભાનતા ચોતરફ ફેલાવો.

**યાદ રાખવું :** એઈડ્સ રોગને સમજવો એ જ માત્ર એઈડ્સથી બચવાનો ઉપાય છે. કારણ હજી સુધી વિજ્ઞાન આ રોગનો ઉપાય શોધવામાં નાકામયાબ રહ્યું છે. *એઈડ્સથી તમને એક માત્ર વ્યક્તિ જ બચાવી શકે છે, અને તે છે તમે પોતે જ.*

વારુ, આ વિષય બાબત વિશેષ ચર્ચાવિચારણાની જરૂર હોય અથવા ખુલાસો કરવા માગતા હો તમે મારો સંપર્ક સાધી શકો છો :

ઈ.મૈલ :imtiaz.patel@bwdpct.nhs.uk

[Jarman Centre,
Blackburn with Darwen NHS Primary Care Trust,
53 James Street, BLACKBURN, Lancashire, BB1 6BE, U.K.]

•

**કોણ સાચું છે તે નહીં –**

**પણ શું સાચું છે, એ વાત અગત્યની છે.**

## દુનિયાનો સૌથી મોટામાં મોટો સાહિત્યમેળો

દુનિયાનો સૌથી મોટામાં મોટો સાહિત્યમેળો દુનિયાના સૌથી નાનામાં નાના નગરમાં દર વર્ષે ભરાય, તે જાણી, તમે અવશ્ય આશ્ચર્યમુગ્ધ બની જશો. આવું નગર વેલ્સના હે-વેલી બ્લેક માઉન્ટન્સની હરિયાળી ખીણમાં હે નદીના કિનારે આવેલું છે. આ નાનકડું ગામ વિશ્વના 'ઈન્ટરનેશનલ બુક - ટાઉન' લેખે ઓળખાય છે. ગામની કુલ વસતિ છે ૧,૩૦૦ની અને બુકશોપ છે ૩૯. એટલે ગામના ૩૯ નાગરિકો માટે એક બુકશોપ છે.

પ્રતિ વર્ષ યોજાતો આ સાહિત્યમેળો મે માસની આખરથી જૂનના પહેલા અઠવાડિયા સુધી ચાલે છે. આ વરસે અમેરિકાના ભાવિ પ્રમુખ પણ મેળામાં હાજર હતા. તેમણે પર્યાવરણ જેવા આજના વિશ્વના સળગતા પ્રશ્ન પર પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું. ઉપરાંત વિશ્વમાંથી જાણીતા સાહિત્યકારો, અર્થશાસ્ત્રીઓ અને જાણીતા ઈતિહાસવિદ ફ્રાન્સીસ ફક્યામા તેમ જ "ગાર્ડિયન" દૈનિકના જાણીતા કટારલેખક ગેરી યન્ગે એમના વિવાદાસ્પદ પુસ્તક 'એનકાઉન્ટર ઈન ધ ડિસયુનાઈટેડ સ્ટેટ્સ' અંગે તેમ જ સાંપ્રત અમેરિકા વિશે પ્રવચન કર્યું હતું. મેળા માટે એક લાખ જેટલી ટિકિટોનું વેચાણ થયું હતું. આમ, આ નાનકડું ગામ વર્ષ દરમિયાન વિશ્વભરમાંથી દસ લાખ જેટલાં પર્યટકોનું યજમાન બને છે.

# સાહિત્યજગતના ઓવારા પરથી

બળવંત નાયક

આ નાનકડા ગામને વિશ્વભરમાં આવું જાણીતું કરવાનો યશ કોને ફાળે જતો હશે ? ... ... તો એ જાણવા માટે પણ આ અનોખા સ્થળનો ઈતિહાસ જાણવો રહ્યો. ... ... આજથી ચાળીસ વર્ષ પર ગામમાં એક જ નાનું ગરાજ. એમાં કામ કરતા મિકેનિકના દીકરા રીચર્ડને બાળપણથી જ પુસ્તકો વાંચવાનો શોખ. ઘરનાં બધાં રવિવારની સવારે દેવળમાં જવાનું ચૂકે નહીં. ઘરનાં બીજાં બધાં દેવળમાંથી પાછાં ફરે ત્યારે રીચર્ડ તો પુસ્તકાલયમાં જ હોય. ત્યાં તે એનાં પ્રિય પુસ્તકો ઉથલાવતો હોય. બાપ એને ગરાજમાં કામ કરવા બોલાવે તો તે ગરાજમાં જવાને બદલે ક્યાં તો પેલાં પુસ્તકાલયમાં જવાનું યા નદી કિનારે લટાર મારવાનું પસંદ કરે.

એક દિવસ તે આમ નદી કિનારે લટાર મારતો હતો. નાના નાના પથ્થરો પાણીની સપાટી પરથી ઉછાળતાં ઉછાળતાં તેની તરંગવિહોણી માનસ-સપાટી પર સપ્તરંગી તરંગ ચમકી ગયો. એ મનોમન બોલી ઊઠ્યો : પુસ્તકો તો અમોઘ જ્ઞાનની ખીણ. બસ. નિર્ધાર પાક્કો બન્યો. એણે જૂનાં પુસ્તકો એકઠાં કરવાનું નક્કી કર્યું. પુસ્તકો ભેગાં થતાં એણે પુસ્તકાલય ઊભું કર્યું. બાદમાં, એને વિચાર આવ્યો : Second-hand books are re-saleable economy ... ને એણે જૂનાં પુસ્તકોનું રી-બાઈન્ડિંગ કરાવી, એવાં પુસ્તકો વેચવાની યોજના ઘડી કાઢી. આ પુસ્તકોનાં વેચાણમાંથી થતી આવકમાંથી બીજાં નવાં પુસ્તકો ખરીદી પુસ્તકાલયમાં વસાવ્યાં. આ નવાં પુસ્તકો લઈ જનારાઓ માટે નોમિનલ ફી રાખવામાં આવી. ...

આ રીતે આ નાનકડા 'ટાઉન - ઑફ - બુકશોપ્સ'નો જન્મ થયો. આજે હવે આ ટાઉન વિશ્વના 'ઈન્ટરનેશનલ બુકટાઉન' લેખે ઓળખાય છે. એનો પ્રણેતા છે પેલા નાનકડા ગરાજના મિકેનિકનો દીકરો રીચર્ડ બુથ. ૨૦૦૨માં અમેરિકાના ત્યારના પ્રમુખ બીલ ક્લિન્ટનની હાજરીમાં રીચર્ડ બુથનું બહુમાન થયું હતું.

## કવયિત્રી એલિઝાબેથ-બેરેટ-બ્રાઉનીંગની સંવત્સરી

કહેવાય છે કે લેખક - કવિનું અવસાન થતું નથી. તે શબ્દસ્થ થાય છે. નિધન પામેલા સર્જકોના સ્મરણમાં ઉજવાતા પ્રસંગો પરથી એ કથન સાચું ઠરતું લાગે છે. આપણા સાહિત્યમાં બળવંતરાય કલ્યાણરાય ઠાકોર નવ્ય કવિતાના અને સોનેટના સર્જક લેખે કાળની સપાટી પર પગલી પાડી ગયા. હરીન્દ્રભાઈ દવે પત્રકાર, નવલકથાકાર અને કવિ લેખે જાણીતા બન્યા છે. અંગ્રેજી સાહિત્યમાં શેકસપિયર એનાં નાટકો અને સોનેટો માટે જેમ જાણીતા છે તેવી જ રીતે એલિઝાબેથ બેરેટ બ્રાઉનીંગ આજે ય શેકસપિયર પછીનાં સોનેટોના સર્જક લેખે તેમ જ પ્રેમકાવ્યો માટે જાણીતાં બન્યાં છે. ચાલુ વર્ષે એમનું દ્વિ-શતાબ્દી વર્ષ છે. બ્રિટન ભરમાં આ વરસે એની ઉમંગભેર ઉજવણી થઈ છે. એણે રચેલાં લવ-સોનેટનો ઉપયોગ વેલેન્ટાઈનના દિવસે પ્રેમીઓ માટેનો લ્હાવો બને છે.

શાળાજીવનમાં ભણેલા બેરટ્સ ઑફ વિમ્પલસ્ટ્રીટ નાટક દ્વારા વિસ્મરણ થતું એનું સ્મરણ આજે અડધી સદી બાદ ફરી તાજું થાય છે ત્યારે અંગ્રેજી શીખવતાં વૃધ્ધ મહારાષ્ટ્રીયન શિક્ષકની અદા પણ નજર સમક્ષ તરી આવે છે. એલિઝાબેથ જ્યારે રોબર્ટ બ્રાઉનીંગ સાથે રહેવા પોર્ટુગલ છૂપી રીતે (પિતાની નજર ચૂકવી) ભાગી જાય છે ત્યારે એના ડેસ્પોટ પિતાની દશાનો ચિતાર તો એ શિક્ષક જ એના હાવભાવ દ્વારા આપી શકે. ડિસેબલ પુત્રી એલિઝાબેથ ગુમાવ્યાનો ગુસ્સો આખરે એલિઝાબેથના કૂતરા પર કરાતો જોવો એ એક કરુણ દૃશ્યોમાંનું એક અતિ કરુણ દૃશ્યનું અમારા આ શિક્ષક આબેહૂબ અનુકરણ કરી બતાવતા ત્યારે અમે વિદ્યાર્થીઓ તો દિગ્મૂઢ બની એ જોઈ રહેતા.

## કવયિત્રી સીલ્વિયા પ્લાથનો આપઘાત

૧૯૬૩નો એ કાળદિવસ. બાળકો નિંદ્રાધીન હતાં. એમને માટે બ્રેડ અને બટર તેમ જ દૂધના બે ગ્લાસ ટેબલ પર મૂકી માતા રસોડા તરફ પગલી પાડે છે. રસોડાનાં બારીબારણાં બંધ કરી દે છે. બારીબારણાંની ફાટ કપડાંથી બંધ કરી દે છે. ગેસ ચાલુ કરે છે. અને નિજનું મસ્તક ઑવનમાં ગડી વાળેલાં કપડાં પર મૂકે છે. ... ... સીલ્વિયાના ડોક્ટરે માયરા નૉરિસ નર્સને સવારના નવેક વાગે તેને ઘરે મોકલે છે. નર્સ લંડનના ૨૩, ફિત્ઝરૉય રોડ પર આવેલ મકાનનો ડોરબેલ વગાડે છે. કોઈ જવાબ ન મળતાં મકાનનું સમારકામ કરતા ચાર્લ્સ નામનો બિલ્ડર તેને ઘરમાં લઈ આવે છે. ઘરમાં દાખલ થતાં જ ગેસની ગંધ આવતાં તેમણે ગેસ બંધ કરી દીધો. બારી ખોલી નાંખી. નર્સે આર્ટિફિશિયલ રેસ્પીરેશન અજમાવી જોઈ. બિલ્ડર રઘરોડ કરતાં બાળકોની સંભાળ રાખી રહ્યો હતો. ત્યાં પ્રામ પર ચીટકાવેલી ચબરખી તેણે જોઈ. એમાં લખ્યું હતું :

Please, call Dr. Horder ..... અને એનો ટેલિફોન નંબર હતો.

એક સપ્તાહ પર સીલ્વિયાએ EDGE નામનું સુંદર કાવ્ય લખ્યું હતું.

The woman is pefected / Her dead / Body wears the smile of accomplishment / Her bare / Feet seem to be saying : / We have come so far; it is over.

બ્રિટનના એક સમયના રાષ્ટ્રીય કવિ ટેડ હ્યુઝની અમેરિકન પત્ની સીલ્વિયાએ લગ્નજીવનમાં નાસીપાસ થતાં આખરે આપઘાત કર્યો હતો. ટેડ હ્યુઝ આયેશા નામની બીજી સ્ત્રીના પ્રેમમાં હતો, તેની સીલ્વિયાને જાણ હતી.

[48 Shackleton Road, SOUTHALL, Middlesex UB1 2JB, U.K.]

# ઢોકરેવાલો

★ હયદરઅલી જીવાણી

પચાસ પંચાવન વર્ષનો એ દુબળો પાતળો આદમી એને મોઢે પડેલી કરચલીઓને કારણે એની ઉંમર કરતાં બેપાંચ વરસ મોટો લાગે. એનું નામ તો હું જાણતો નથી, અને એને 'એય ઢોકરેવાલા' એ સિવાય બીજા કોઈ નામે બોલાવાયેલો મેં સાંભળ્યો નથી. મારી જેમ કરાંચીના ગાર્ડન ઈસ્ટ અને ગાર્ડન વેસ્ટ વિસ્તારોમાં રહેતા ઘણા લોકોને એ ઢોકરેવાલો યાદ હશે. ૧૯૭૧ના સમયમાં પૂર્વ પાકિસ્તાનમાં લોહિયાળ લડાઈ ફાટી નીકળી ત્યારે ત્યાંથી હિજરત કરીને કરાંચી આવેલા લોકોમાં એ પણ હતો. પોતે ચાર ચોપડી ગુજરાતી કરતાં વધુ ભણેલો નહીં. પાસે કોઈ મૂડી નહીં અને ઘરમાં અર્ધો ડઝન ખાવાવાળાં પણ કમાવાવાળું બીજું કોઈ નહીં. તો પણ એણે કોઈની પાસે હાથ લંબાવ્યો નહીં અને પોતાનો ધંધો ગોતી કાઢ્યો.

રોજ સવારે એની 'ઢોકરે ઢોકરે આલુ ઢોકરે'ની બૂમ સંભળાવા લાગી. ઘરમાં બનાવેલાં ઢોકળાં અને મસાલેદાર બટાટા બાલદીમાં ભરીને એ સવારથી સાંજ સુધી ગલીએ ગલીએ ઘૂમતો. ધીમે ધીમે એની ઘરાકી બંધાવા લાગી અને એની 'આલુ ઢોકરે'ની બૂમની સાથે એનાં ઘરાકોની 'એય ઢોકરેવાલા'ની બૂમો પણ સંભળાવા લાગી.

એનો પહેરવેશ પણ એનો એ જ રહ્યો - ઝાઝા વપરાશને કારણે પીળું પડવા આવેલું પહેરણ અને એવા જ રંગની ઈજાર. પગમાં ચપ્પલ. એ એનો પોષાક. 'બિચારાને નવાં કપડાં લેવાં ક્યાંથી પરવડે ?' મહોલ્લાવાસીઓ માંહોમાંહે વાતો કરતાં અને દયા ખાતાં.

એક દિવસ મારી પત્નીએ મને કહ્યું, 'તમારું બ્લુ ખમીસ તમે બહુ પહેર્યું નથી અને પહેરતા પણ નથી. એ ઢોકરેવાલાને આપી દઈએ તો ?'

'આપી દે,' મેં કહ્યું. 'ગરીબ માણસ છે, બિચારો. પણ છે મહેનતુ. અને કોઈ પાસે કંઈ માગતો નથી.'

બીજે દિવસે એની 'ઢોકરે આલુ ઢોકરે'ની બૂમ સાંભળવા મળી ત્યારે મેં મારી પત્નીને કહ્યું, 'જો, ઢોકરેવાલો આવ્યો છે. એને ખમીસ આપી દે.'

એણે ઢોકરેવાલાને બોલાવ્યો અને ખમીસ બતાવીને કહ્યું, 'આ તમને કેવું લાગે છે ?'


'સારું છે,' એણે કહ્યું.

'તમને સારું લાગતું હોય તો લ્યો, તમે પહેરજો.' મારી પત્નીએ કહ્યું.

'ખમીસ સારું છે, બેન,' એ બોલ્યો. 'પણ મને નથી ખપતું,' એમ કહેતો એ બાલદી ઉપાડીને 'ઢોકરે ઢોકરે આલુ ઢોકરે'ની બૂમો મારતો રવાના થયો.

હું એને જતો જોઈ રહ્યો. ખરો સ્વમાની માણસ ! ત્યારે મને ભાન થયું કે તે બિચારો નહોતો. પૈસાટકાની તંગી ભોગવતો હશે, પણ ગરીબ નહોતો. સ્વમાની અને મહેનતુ હોવાને કારણે માનનો અધિકારી હતો.

[9760 Ryan Crescent, RICHMOND, British Columbia,
V7A 2H2, Canada]




## ૨૦૦૬ની સમૂહ શ્રદ્ધાંજલિ

... ને એમ કરતાં પણ
જો ફરક પડતો હોય તો ...
અમુક ઈન કમીંગ ઈ-મેઈલ્સ બ્લોક કરાવી દઉં ...
બાકી .. બક્ષી, બકુલ, બોકર, પારેખ, પંડ્યા તો ગયા !
રમેશ જોશી, દેવવ્રત પાઠક, હસમુખ પાઠક,
કે. કા. શાસ્ત્રીજી, દિલાવરસિંહ જાડેજા, રમણ સોની
અને થોડીક ખાલી જગ્યાઓ

--------------------

--------------------------

--------------------

(યુનેવર નો !!!)
ઘણા બધાનાં 'ઈ-મરણસ'થી સમાચાર જાણ્યા
સાહિત્ય પરિષદ તો બાજુમાં રહી;
ચાર્ટ જોતાં તો એવું લાગે છે કે,
આગામી 'વર્લ્ડ ગુજરાતી કોન્ફરન્સ'
કદાચ
'ઉપર' યોજાય તો નવાઈ નહીં !!!

# કેટલીક વ્યંગ - તઝમીન

★ નિર્મિશ ઠાકર

ગઝલકૂળનો, ઓછો ખેડાયેલો કાવ્યપ્રકાર છે : 'તઝમીન'. તઝમીનકાર અન્ય શાયરના શે'ર સાથે પોતાની ત્રણ પંક્તિ જોડીને 'તઝમીન' કરતો હોય છે, જેમાં મૂળ શે'રના રદીફ, કાફિયા, છંદ, શૈલી અને ભાવવિશ્વને વફાદાર રહેવાનું હોય છે.

મેં 'તઝમીન'ના બાહ્ય સ્વરૂપ - (રદીફ, કાફિયા, છંદ)ને બદલ્યા વિના, એના આંતઃસ્વરૂપમાં ફેરફાર લાવી એક નવું વ્યંગકાવ્ય સ્વરૂપ વિકસાવ્યું અને નામ આપ્યું 'વ્યંગ - તઝમીન'. 'વ્યંગ - તઝમીન'માં મૂળ શે'રના ભાવવિશ્વને બદલી નવા વિષય તરફ ગતિ કરતાં હાસ્ય-વ્યંગ નિષ્પન્ન કરવામાં, નવા 'લક્ષ્ય'નો વેધ તો મૂળ શે'રથી જ થાય, એવી વ્યવસ્થા વિચારી. મારા આ પ્રયોગને રશીદ મીર, ચિનુ મોદી, રમેશ પારેખ જેવા ગઝલના પ્રખર અભ્યાસીઓએ શાસ્ત્રીયતાની એરણ પર ચકાસી, આવકાર્યો. મારો વ્યંગ-તઝમીનસંગ્રહ 'અર્થ આડા થાય તો ?' પ્રગટ થઈ ગયો. ચિનુ મોદી, રવીન્દ્ર પારેખ, આશિત હૈદરાબાદી જેવા ગઝલકારોએ 'વ્યંગ - તઝમીન' રચી પણ ખરી ! આ પ્રકાર ગુજરાતી સાહિત્યમાં સ્થિર

થાય, એવી મારી ભાવના તો હોય જ, પણ ગુજરાતીમાં કટાક્ષકાવ્યો જ એટલાં ઓછાં લખાય છે કે આ નવા કટાક્ષકાવ્ય-પ્રકાર માટે ટૂંકા ગાળામાં મોટી અપેક્ષાઓ રાખવી વાજબી માનતો નથી. આજ લગી તો અભ્યાસીઓ - વિવેચકો જૂના અભ્યાસને આધારે 'જ્યોતીન્દ્ર દવે પછીના હાસ્યસાહિત્યમાં એમના અનુકરણથી વિશેષ કાંઈ નથી.' એવું અજ્ઞાનજન્ય તારણ કાઢતા રહ્યા છે, તે દયાજનક બાબત છે. આ લખનારના કાર્ટૂનસંગ્રહ, કેરિકેચરસંગ્રહ, પ્રતિકાવ્યસંગ્રહ, વ્યંગ - તઝમીન સંગ્રહ, વ્યંગકાવ્યસંગ્રહ, અવળ - વિવેચનસંગ્રહ વગેરે શું જ્યોતીન્દ્ર દવેનું અનુકરણ છે ? જ્યોતીન્દ્ર દવેના સંગ્રહ 'રંગતરંગ'નું પુનર્મુદ્રણ વર્ષ ૧૯૯૦માં થયું છે, એની પ્રસ્તાવનામાં લખાયું છે ... 'સંસ્કૃતમાં કહેવત છે કે વ્યાસ પછી જે લોકોએ લખ્યું એ બધા વિષયો 'એંઠાં છે, વ્યાસે બોટેલા જ છે. આપણે ય કહી શકીએ કે જ્યોતીન્દ્ર પછીનું હાસ્ય જ્યોતીન્દ્રનું અનુકરણ જ છે.'

હમણાં કોઈ મદરેસાવાળાએ મારા પર એક પુસ્તિકા મોકલેલી, એના પહેલા પાને જ લખાયેલું ... 'પૃથ્વી પર જન્મતા કોઈ પણ બાળકનો ધર્મ મુસ્લિમ જ હોય છે.'

સાહિત્યની અને ધર્મની ભાષાઓ એક નથી લાગતી ? નવી પેઢી આ બધું ચૂપ રહી સ્વીકારી શકે ? તમારો ઓપીનિયન શું છે ?

**- નિર્મિશ ઠાકર**

[B-9 / 31, ONGC Colony, PH - 1, Magdalla, SURAT - 394 518, India]
e.mail : nirmish1960@hotmail.com

*

(મૂળ શે'ર)

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે

**- બાલાશંકર કંથારિયા**

(વ્યંગ તઝમીન)

**વાચકને ખાસ સલાહ**

કવિની છે મમત, એને 'જગતનો નાથ' તું કહેજે
કવિતા ઠીક છે, પણ તું કવિથી ચેતતો રહેજે
ન એનાથી રહે છેટું, પછી તો વેઠતો રહેજે
ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.

**- નિર્મિશ ઠાકર**

•

(મૂળ શે'ર)

પરિવર્તન થયું છે મૂલ્યમાં એવું કે બસ તોબા
હતા જે લાખના તે ત્રાંબિયાના તેર છે સાકી !

**- અમૃત 'ઘાયલ'**

(વ્યંગ તઝમીન)

**આજના ખાદીધારીઓ**

પડ્યું છે ગાબડું ચારિત્ર્યમાં એવું કે બસ તોબા
'સફેદી'નું જવું વૈચિત્ર્યમાં એવું કે બસ તોબા
જવું આચારનું શૈથિલ્યમાં એવું કે બસ તોબા
પરિવર્તન થયું છે મૂલ્યમાં એવું કે બસ તોબા
હતા જે લાખના તે ત્રાંબિયાના તેર છે સાકી !

**- નિર્મિશ ઠાકર**

(મૂળ શે'ર)

છે તમારું ધ્યાન બીજે આજકાલ
વાત એક જ છે વિષયમાં ફેર છે

**- 'શૂન્ય' પાલનપુરી**

(વ્યંગ તઝમીન)

**પત્નીની પતિને ચેતવણી**

ઓફિસે થૈ જાય મોડું આજકાલ
કામનો છે ભાર ખાસો આજકાલ ?
'કામ'નો છે અર્થ જુદો, આજકાલ ?
છે તમારું ધ્યાન બીજે આજકાલ
વાત એક જ છે વિષયમાં ફેર છે.

**- નિર્મિશ ઠાકર**

•

(મૂળ શે'ર)

કહ્યું છે સાવ મોઘમ, યોગ્ય જો તમને સૂચન લાગે
ઘડીભર ખોરડું મારું મને ચૌદે ભુવન લાગે

**- ગની દહીંવાળા**

(વ્યંગ તઝમીન)

**પગારવધારાનો પ્રસ્તાવ**

સુણો સાહેબ તો કૈં કામમાં મારું ય મન લાગે
ચડી છે મોંઘવારી એમ કે ઓછું જ ધન લાગે
વધુ છેટાય જળ, તો સ્પષ્ટ છે, ઓછી જલન લાગે
કહ્યું છે સાવ મોઘમ, યોગ્ય જો તમને સૂચન લાગે
ઘડીભર ખોરડું મારું મને ચૌદે ભુવન લાગે

**- નિર્મિશ ઠાકર**

•

(મૂળ શે'ર)

લાગ ભેગો લગાવ છે તારો
ન બન્યો તે બનાવ છે તારો

**- 'આદિલ' મન્સૂરી**

(વ્યંગ તઝમીન)

**'મસાલો' ખોળતા પત્રકારને**

ઝાંઝવા શો પ્રભાવ છે તારો
પ્યાસ દોડે, ઢળાવ છે તારો
શબ્દ શોભે, ઉઠાવ છે તારો
લાગ ભેગો લગાવ છે તારો
ન બન્યો તે બનાવ છે તારો

**- નિર્મિશ ઠાકર**

•

(મૂળ શે'ર)

આજ વરસાદ નથી એમ ના કહેવાય રમેશ !
એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.

**- રમેશ પારેખ**

(વ્યંગ તઝમીન)

**માત્ર એટલે।**

આમ તો સૌ શબ્દને લ્હેરથી ખેંચાય રમેશ।
હાલ જો કે રંગમાં ભંગ શું વરતાય રમેશ।
હાજરી વિવેચકોની છે, ન કૈં ભરહાય રમેશ।
આજ વરસાદ નથી એમ ના કહેવાય રમેશ।
એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.

**- નિર્મિશ ઠાકર**

•

(મૂળ શે'ર)

કોને ખબર કે કેવી હશે તારી કલ્પના
સર્જનને તારાં જોઈને હું તો હતાશ છું

**- શેખાદમ આબુવાલા**

(વ્યંગ તઝમીન)

**પપ્પાને હાથે પુત્રના પ્રેમપત્રો ઝડપાતાં**

આ પત્રમાં લખ્યું છે ... 'અહો ! પ્યારી કલ્પના।'
હે પુત્ર। કહે, કોણ છે આ તારી 'કલ્પના'?
ખુદના જ પત્રમાં જે નથી સારી કલ્પના।
કોને ખબર કે કેવી હશે તારી કલ્પના
સર્જનને તારાં જોઈને હું તો હતાશ છું.

**- નિર્મિશ ઠાકોર**

•

(મૂળ શે'ર)

શ્રધ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?
કુરઆનમાં તો ક્યાંય પયંબરની સહી નથી।

**- જલન માતરી**

(વ્યંગ તઝમીન)

**કચળેલા વકીલની દલીલો।**

જજસા'બ, આ મગજના દુખાવાની શી જરૂર?
સાક્ષી ફરી ગયા તો ખુલાસાની શી જરૂર?
કરશો ના દસ્તખત કે ચુકાદાની શી જરૂર?
શ્રધ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?
કુરઆનમાં તો ક્યાંય પયંબરની સહી નથી।

**- નિર્મિશ ઠાકર**

•

# એક અંગત વાત બાબુલની ...

★ 'આદિલ' મન્સૂરી

***'અસર' : (કાવ્યસંગ્રહ) : ફારૂક ઘાંચી 'બાબુલ'**: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧, ભારત : પ્રથમ આવૃત્તિ - જુલાઈ ૨૦૦૬ : પૃષ્ઠ - ૧૬+૮૮ : ISBN - 81-89166-31X : કિંમત - રૂ. ૬૦*

બ્રિટનસ્થિત (ડૉ.) ફારૂક ઘાંચી 'બાબુલ'ના તાજેતરમાં પ્રગટ થયેલા પ્રથમ કાવ્યસંગ્રહની બીજી જ રચનાનું શીર્ષક છે : **એક અંગત વાત.**

**મારી એક અંગત વાત**
**ભલે**
**શહેર**
**મારા શરીરની**
**આરેપાર પરોવાઈ ગયું**
**હજુ**
**દેહાતી દીવડા**
**ઝબ્યા કરે છે**
**દિલમાં.**

•

૧૦૪ પાનાંના આ કાવ્યસંગ્રહમાં કવિની પોતાની કેફિયત ઉપરાંત બ્રિટનસ્થિત નવી ગુજરાતી ગઝલના નામવર શાયર - વિવેચક 'અદમ'



ટંકારવીની ખૂબ સચોટ પ્રસ્તાવના પણ છે. જેમાં તેમણે કવિની લાક્ષણિકતાઓ અને તેમના કવિકર્મ અને તાજગીપૂર્ણ અભિવ્યક્તિ સંદર્ભે પૂરતો પ્રકાશ પાથર્યો છે.

સૌથી પહેલો સવાલ એ છે કે માણસ કવિતા કેમ લખે છે?

લગભગ છવ્વીસેક વરસના લાંબા સમયગાળામાં સર્જાયેલી કવિતાઓના સંચયમાંથી એનો જવાબ પણ મળી રહે છે. કલોલ, મોડાસા, અમદાવાદ અને બ્રિટન સુધીનાં ગામો, શહેરોનો વિશાળ પટ અને બાળપણ, કિશોરાવસ્થા, મુગ્ધાવસ્થા અને પરિપક્વતાના વિવિધ તબક્કાઓના અનુભવો, ઊર્મિઓ, લાગણીઓ ને જીવનદર્શનને આંખોમાં ભરી બેઠેલ વ્યક્તિ જ્યારે તેને પોતાની રીતે અભિવ્યક્ત કરવા મથે છે ત્યારે તેની એક અંગત વાતમાંથી ઘણાં મહત્ત્વના સંકેત પ્રકટ થાય છે.

બ્રિટનમાં ઓપરેશન થિયેટરની આંજી નાખતી લાઈટોના પ્રકાશમાં દરદીની આંખના ઊંડાણમાં કશુંક શોધતી નેત્ર ચિકિત્સક કવિની આંખમાં અચાનક દેહાતી દીવડા ઝગમગી ઊઠે છે. અને તે ટમટમતા દીવડાઓના ઝાંખાપાંખા પ્રકાશમાં આંખોમાં બંધ ઘૂઘવતા દરિયાના પેટાળમાં ડૂબેલાં જહાજોના પટારા કાયમથી કટાતા. શારડી જેવું કાંઈક ઉતારી દો એમાં પછી મોં નહીં ખોલવાના પટારાના પ્રયત્નો છતાં કિચૂડાટ ... ને ખૂલ્યા પછી પટારામાંયે પ્રવેશી જાય દરિયો અંદરની શૂન્યતા પરપોટા થઈ સપાટી પર આવે ... ડૂબતાં ફેફસાંમાંથી અવતરેલી પાતળી હવાની જેમ : ક્ષિતિજ પર પહોંચતાં પહેલાં એ ઓગળી જાય પાણીમાં એ સાથે જ દરિયો પટારો થઈ જાય, પટારો દરિયો થઈ જાય ... ફરી કોઈ ઈચ્છાનું જહાજ સહેલે દરિયા પર પાંપણ ફરક્યા કરે આછું આછું સઢ ડૂબતાં પહેલાં દરિયો ઘૂઘવવાયા કરે આંખોમાં.

અને નૈત્રચિકિત્સક કવિની આંખોમાં એક તરફ ...

> દૈ જૉણું
> ચિયા મલકના આવી સઢ્યા શ હૉણલાં
> ચિયો કાળોતરો ડહી જ્યો શ મન્
> નેશા નેંણવા ચાશીને હેંડતી'તી તોય
> કુણ આઈન બેહી જ્યુ શ મોંય ?
>
> મારા ગામની સીમમાંથી
> સરી જાય છે – એક કેડી
> હરિયાળાં ખેતરો વચ્ચે
> મારા ગામની સીમમાં
> ખખડે છે ખાલીપો
> ખાંડા ઢોર સક્ષ ભઠ ખેતરને શેઢે
> હાડપિંજર ઊભું હલ્યા કરે છે
> આસ્ફાલ્ટી સડક ઉપર
> મારું ગામ રઝળ્યા કરે છે
> ખાલી વાડીની વાડના
> થોરના અણિયાળા કાંટા પર
> કાંચળી લટકાવી સરકી ગયેલો સાપ
> દૂઝણી ગાયને ડંખે

અને નૈત્રચિકિત્સક કવિની આંખોમાં બીજી તરફ ...

> સાલું સડેલું શહેર
> હીબક્યા કરે છે
> ગટરોમાંથી ઊભરાતી વાસ
> સુએઝ ફાર્મના ફુવારેથી પાછી વળે ત્યારે
> સુકાઈ ગયેલ સર્કલના પથ્થર પર
> માથું પટકી પટકીને
> હીબક્યા કરે છે
> સાલું શહેર.
>
> હળાહળ હિંસાના કાદવમાં
> નગ્ન થઈ સૂતું છે શહેર
> અમદાવાદ
> વાદીઓ, પ્રતિવાદીઓનું રક્ત
> પોળોમાંથી દદડીને રાજમાર્ગો પર સુકાઈ ગયું છે
> લાલમાંથી કાળો પડી ગયેલો એનો રંગ
> સાબરને આરે ઊભેલી પ્રતિષ્ઠાને લાગી ગયો છે

કવિની વેધક આંખોના ઊંડાણોમાં બધાં ય દૃશ્યો, બિંબો, પ્રતિબિંબો અકબંધ છે એટલું જ નહીં પણ કવિતાના હલેસાં લઈ તર્યા કરે છે હજીયે કવિની આંખોમાં.

બાળપણ અને કિશોરાવસ્થામાં જોયેલ ગામ અને ગામનાં દૃશ્યો અને અનુભવો અને મુગ્ધાવસ્થા તથા પરિપક્વતામાં નિહાળેલ શહેર અને મહાનગરો અને એમની રક્તરંજિત વાસ્તવિક્તાના પડછાયા સ્મૃતિનાં જંગલોમાં એકબીજામાં ઓતપ્રોત થઈ ગયા છે. ઓગળી ગયા છે, ભળી ગયા છે. છૂટા પાડી શકાય તેમ પણ નથી હવે.

સમયની કરવત સર્વને ઊભા ચીરી નાખે છે. બે ભાગમાં વહેંચી નાખે છે. એવા બે ભાગ, જે પાછા જોડવાનું કામ ખૂબ અઘરું બની જાય છે. અશક્ય બની જાય છે. અશક્યતાના અવકાશમાં કવિ આંખ ઝીણી કરીને દૂર દૂર કશુંક જોવાનો પ્રયત્ન કરે છે. જ્યારે એને કશું દેખાય છે ત્યારે તે દૃશ્ય આપણને પણ બતાવવા કહે છે :

> ૧૭ના બસસ્ટોપ પર
> પરસ્પર આલિંગીને ઊભેલું યુગલ
> શેના ઈંતેઝારમાં છે ?
> એમને ક્યાં ઈંતેઝાર છે ?
> કદાચ
> મળશે એમને
> રૂટ ૭૧.

દૂર દૂર ટમટમતા દેહાતી દીવડાનો પ્રકાશ અને આંખ સામે મહાનગરની નિયોન લાઈટ્સનો અંધકાર એક અંગત વાત બની કવિના ચિત્તને વિંટળાઈ વળ્યા છે.

કવિ ફારૂક ઘાંચી 'બાબુલ'ના પ્રથમ કાવ્યસંગ્રહ 'અસર'ના પાને પાને એની અનુભૂતિ વાચકને પણ થાય છે. કવિ 'અદમ' ટંકારવીએ પ્રસ્તાવનાના અંતે યોગ્ય જ લખ્યું છે કે :

> તને પણ સુ સૈયર
> ઓને તે હું શુ કેસ ?

ત્યારે સૈયરના બદલે ભાવક તરીકે આપણને એવો ઉત્તર આપવાનું મન થાય છે કે, 'આને કવિતા કહેવાય.'

[Box 922, HOBOKEN, NJ 07030, U.S.A.]

Website : ghazalgurjari.com : e.mail : adil@mansuri.com

# ગુજરાતમાં ઈ.સ. ૧૮૫૭નો બળવો અને તેના નેતાઓ

★ મંગુભાઈ પટેલ

ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો ઈતિહાસ નિરંતર સામ્રાજ્ય વિસ્તાર અને આર્થિક લાભ પ્રાપ્ત કરવાનો ઈતિહાસ છે. જેમ જેમ તેમની શક્તિ વધતી ગઈ તેમ તેમ તેઓએ વેપારની સાથે ભારતની રાજકીય બાબતોમાં પણ ડખલ અને કાવાદાવા શરૂ કરી દીધા હતા.

આ બળવા પાછળ રાજકીય વહીવટી, આર્થિક, સામાજિક, ધાર્મિક તેમ જ લશ્કરી કારણો જવાબદાર હતા. આ બધા અસંતોષના કારણે ૧૮૧૬માં બરેલીએ, ૧૮૩૧-૩૩માં કોલજાતિએ, ૧૮૪૮માં કાંગણાએ તથા ૧૮૫૫-૫૬માં સાન્થાલજાતિએ હથિયારો ઉઠાવ્યાં હતાં. તત્કાલિન કારણોનો પ્રભાવ સૈનિકો પર પણ પડ્યો અને છેવટે તે અસંતોષ ૧૮૫૭માં પરમ સીમાએ પહોંચ્યો. આ કારણે વિદ્રોહનો આરંભ સૈનિકોથી થયો તેમાં અસંતુષ્ટ રાજાઓ અને લોકો પણ જોડાયા.

કોઈ પણ ક્રાંતિ કોઈ એકાદ કારણને લઈને થતી નથી. વર્ષોથી અનેક કારણો કામ કરતાં હોય છે. તાત્કાલિક કારણ તો માત્ર ચિનગારીનું કામ કરે છે. વેલેસ્લીની સહાયકારી યોજના, ડેલહાઉસની ખાલસા નીતિ, પ્લાસીનો બનાવ, રાજાઓ અને જમીનદારો પ્રત્યે અંગ્રેજોની નીતિ. ઈસાઈ-મતનો પ્રચાર. ૧૮૩૫માં કંપનીએ શરૂ કરેલા પોતાના સ્વતંત્ર સિક્કાઓ વગેરે ઘટનાઓને કારણે અંગ્રેજો સામે રોષ વ્યાપક બન્યો. ચરબીવાળા કારતૂસો સૈનિકોએ મોઢેથી તોડવાના તેમાં ગાય અને ડુક્કરની ચરબી વપરાય છે એટલે સૈનિકો વિફર્યા. વિપ્લવવાદી નેતાઓ તરફથી '૩૧ મે સુધી થોભો અને રાહ જુઓ'ની સૂચના મળી હોવા છતાં ૩૪મી પલટનના સિપાઈ મંગળ પાંડેને ફાંસી આપવામાં આવી, તેની શહાદતની ભારે અસર થઈ અને જોતજોતામાં બળવો ભારતના ઘણા ભાગોમાં ફેલાઈ ગયો.

બહાદુરશાહ, જિનત મહલ ને વખ્તખાઁ, નાના સાહેબ, અજિમુલ્લાંખાઁ, મૌલવી અહમદ ઉલ્લાહ શાહ, મૌલવી અહમદશાહ, બેગમ હજરત મહલ, પીરઅલી, કુંવરસિંહ, અમરસિંહ, રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે, ફિરોજ શાહ, વેણી માધવ, ઠાકુર બલભદ્રસિંહ દેવી બખ્શ, તુલસીપુરની રાણી વગેરે ૧૮૫૭ના બળવાનાં મહાન ક્રાંતિવીરો અને વીરાંગનાઓ હતાં. આ બળવામાં હિન્દુ-મુસ્લિમ આંતરિક વિવાદો ભૂલી એક થઈને અંગ્રેજોની વિરુધ્ધ લડ્યા હતાં.

આ બળવાના તણખાએ ગુજરાતને ઢંઢોળ્યું. ગુજરાતમાં ઘણા સમયથી વિવિધ કારણોને લઈ લોકોમાં અંગ્રેજ શાસન પ્રત્યે રોષ ફેલાયેલો હતો. તેવામાં ઉત્તર તથા મધ્ય ભારતમાં સિપાઈઓના બળવાના સમાચાર મળતાં આ બધા લોકોમાં ઉશ્કેરાટ ફેલાયો. ગુજરાતમાં બળવાની પહેલ અમદાવાદમાં રહેલી ૭મી ટૂકડીએ કરી. (જૂન ૧૮૫૭) આ બળવાખોરોની યોજના તો અમદાવાદ, વડોદરા ઉપર ચડી જવાની હતી, પરંતુ તેમને તરત જ દબાવી દેવામાં આવ્યા, જુલાઈમાં પંચમહાલમાં ગોધરા, દાહોદ અને ઝાલોદમાં બળવા થયા અને સૈનિકોએ ભીલો, કોળી તથા નાયકડા જાતિઓના લોકોની સહાયથી સરકારી કચેરીઓનો કબજો લીધો. પરંતુ રેવા કાંઠાના પોલિટિકલ એજન્ટે તેમને હરાવી લોકો ઉપર ઘણો ત્રાસ ગુજાર્યો. આ જ અરસામાં વિજાપુર, ખેરાળુ પાટણ, ભીલોડા, વગેરે સ્થળોના જાગીરદારોએ કોળી, ધારાળા, ઠાકરડા, ભીલ, વગેરે સ્થાનિક લોકોની મદદથી બળવા કર્યા. જ્યારે આણંદના યુવાન મુખી ગરબડદાસ અને તેના સાથીઓ માલાજી, બાબુજી વગેરેએ મહિનાઓ સુધી મહીકાંઠા અને ખેડા જિલ્લાઓમાં અંગ્રેજોનો સામનો કર્યો.

તાજેતરમાં, ખાડિયા ઈતિહાસ સંશોધન સમિતિનાં સભ્યો આશુતોષ ભટ્ટ વગેરેએ ભો.જે. ભવનનાં પૂર્વ અધ્યક્ષ ડૉ. ભારતીબહેન શેલત તાજપુર પહોંચી ગામની ભાગોળે ખોદકામ કરાવતાં ચાર પાળિયાં (ખાંભી) જમીનમાંથી બહાર કઢાવ્યા. એક ખાંભી પરનું લખાણ આવું મળી આવ્યું છે : - 'સન ૧૮૫૭ સં. ૧૯૧૩ ચઈતર શુક્લ પૂ. ઠાકેડ રતનશી ઈંગરેજ લડઈ મેં કામ લગા.' દુઃખની વાત એ છે કે રત્નાજી અને રંગાજી ઠાકોર સિવાયના શહીદ થયેલા અન્ય ક્રાંતિવીરોનાં નામો ઈતિહાસમાં નોંધાયા નથી. કદાચ આ બંને બાહોશ જવાનો ગરબડદાસની સાથે હોઈ શકે. ૯મી જુલાઈ ૧૮૫૭ના રોજ રત્નાજી ઠાકોરે શહીદી વહોરી હતી.

૧૦-૭-૨૦૦૬ના "દિવ્ય ભાસ્કર"માં પ્રગટ થયેલા સમાચાર મુજબ મેરઠમાં મંગળ પાંડે અને તેના સાથીઓ સાથે ૧૮૫૭ના બળવા વખતે બનેલી ઘટનાના અરસામાં જ તાજપુર ગામના લશ્કરમાં જોડાયેલા રત્નાજી ઠાકોર સહિત છ યુવાનોએ ગાય અને ડુક્કરની ચરબીવાળા કારતૂસો મોઢેથી તોડવાનો વિરોધ કરી અંગ્રેજ અફસરો ટેલર અને પામ સામે બંડ પોકાર્યો. વળી, આ જ ગામમાં કેપ્ટન ટેલરે રત્નાજી, રંગાજી ઠાકોર તથા તેમના સાથીદારોને અન્ય દેશી સૈનિકો સામે અમે નહીં લડીએ, એમ કહીને રત્નાજીએ અંગ્રેજોનો ખુલ્લો વિદ્રોહ કરતાં તેમના પાંચ સાથીઓ સાથે છાવણીમાંથી ભાગી છુટ્યા.

કેપ્ટન ટેલરે ધોળકા સ્થિત કેપ્ટન પામને આ બગાવતખોર સૈનિકોને પકડવાનો હુકમ કર્યો અને પોતે પણ સૈનિક ટુકડી સાથે આ ઘોડેસવાર વિદ્રોહીઓ પાછળ પડ્યા. બીજી બાજુ, ધોળકાથી કેપ્ટન પામની ટુકડી આવી જતાં રત્નાજી અને તેના સાથીઓ તાજપુરમાં બંને બાજુથી ઘેરાઈ ગયા. તાજપુરમાં ખેલાયેલા આ યુધ્ધમાં બે વિદ્રોહી જવાનો સ્થળ પર ગોળીબારથી વિંધાયા અને ચારને ત્યાં જ ફાંસી આપવામાં આવી.

વળી, આ જ અરસામાં નાંદોદ - રાજપીપળાની દેશી ટુકડીના સિપાઈઓએ પણ બળવો કર્યો, તેમાં તેમને સ્થાનિક તાલુકદારોનો તથા રાજપીપળાના રાજ્યની નોકરીમાં રહેલા 'વિલાયતી' અર્થાત્ આરબ મકરાણી, સિંધી વગેરે 'પરદેશી' સૈનિકોનો સાથ મળ્યો. તેમણે રાજપીપળાના અંગ્રેજ તરફી સમજીને પદભ્રષ્ટ કરી ત્યાં પોતાની સત્તા સ્થાપી. રેવા કાંઠાના એજન્ટ બકલેએ તેમને હરાવી વેરવિખેર કરી નાખ્યા.

સૌરાષ્ટ્રના ઓખા મંડળનો પ્રદેશ ૧૮૨૦માં વડોદરાના ગાયકવાડે તાબે કર્યો હતો. ત્યારે તે કાર્યમાં ગાયકવાડને અંગ્રેજોએ સાથ આપ્યો હતો. ત્યારથી ઓખાના વાઘેરો અંગ્રેજો સામે રોષે ભરાયા હતા. આ વિપ્લવનો લાભ લઈને જોધા માણેક નામના નેતાની નેતાગીરી નીચે તેમણે બળવો કર્યો હતો. તેમ જ ઓખા, બેટ દ્વારકા વગેરે જગ્યાએથી ગાયકવાડી અને બ્રિટિશ થાણાંઓ ઉખેડી નાખ્યાં. વાઘેરોનો આ બળવો ખરેખર પ્રજાકીય બળવો હતો અને તે ઘણો ઉગ્ર હતો. તેથી તેને સમાવવામાં અંગ્રેજોને ભારે મુશ્કેલી પડી હતી. તે ૧૮૫૮થી ૧૮૬૦ના મધ્ય ભાગ સુધી ચાલુ રહ્યો હતો. વાઘેરોની બાબતમાં ઘણું સંશોધન બાકી છે. ખાસ કંઈ થયું નથી.

ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ બળવાઓ છૂટા છવાયા

અને અસંગઠિત સ્વરૂપે થયા હતા. તેમની નેતાગીરી પ્રમાણમાં નિર્બળ હતી. બીજી બાજુ અંગ્રેજોને ગાયકવાડ જેવા મોટા રાજા તથા અન્ય નાના રાજાઓનો ટેકો હતો તેમ જ ધનિકવર્ગ સ્વાર્થી હોવાને કારણે, બુધ્ધિજીવી વર્ગ તેમ જ રાવસાહેબ, રાવબહાદુર, સી.એસ.ઈ.સી. એસ.આઈ. જેવા ખિતાબધારી ઉદ્યોગપતિઓ બળવાની વિરુધ્ધ હતા.

ઈ.સ. ૧૮૫૮માં ફેબ્રુઆરીમાં મુંબઈના ગવર્નરના આદેશથી ગુજરાતના તે સમયના કમિશનર શેકસપિયરે ગુજરાતની પ્રજાને નિઃશસ્ત્ર બનાવવામાં ઝડપી પગલાં લીધાં. ગુજરાતી પ્રજાને નિઃશસ્ત્ર કરવાના કાર્યમાં મદદ કરવા માટે ગાયકવાડ, ખંભાતના નવાબ, ઈડરના રાય, તથા સૌરાષ્ટ્રના કેટલાક રાજાઓને - ફરજ પાડવામાં આવી જેને કારણે - ૧૮૫૮ જૂન સુધીમાં ગુજરાતની પ્રજાને સંપૂર્ણપણે નિઃશસ્ત્ર કરી શકી. આ પગલાંને ઉપરના વર્ગનો સબળ ટેકો હતો પણ પોતાના બચાવ માટે દશ જેટલા જવાનો રાખતા હતા. આ બાબતનો ચિતાર તે સમયના "બુધ્ધિપ્રકાશ"માં આપેલો છે.

મહાન વિપ્લવવીર તાત્યા ટોપેએ ૨૧મી જૂન ૧૮૫૮ના રોજ ગ્વાલિયર પાસે હાર ખાધી; પછી ઉત્તર ભારતને છોડી તે નર્મદા પાર કરી ગુજરાતમાં આવ્યો. તાત્યા ગુજરાતમાં છે તે માહિતી આપતા સરકારના તારસંદેશા આવ્યા. પણ તેને પકડી શક્યા નહીં. તેણે મદદની આશાએ વડોદરાના ગાયકવાડ ખંડેરાવ પહેલા પાસે સહાય માગી, પણ ગાયકવાડ પ્રથમથી જ અંગ્રેજો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હોવાથી મદદ આપવાનો ઈન્કાર કરીને તાત્યા ટોપેને રોકવા એક લશ્કર રવાના કર્યું. ત્યારે ગુજરાતના લોકો નિઃશસ્ત્ર કરી દેવાના કારણે તાત્યા ટોપેને મદદ કરે તે સ્થિતિમાં રહ્યા નહોતા.

નાંદોદ, દાહોદ, પાલા, જાંબુઘોડા, ગોધરા, સંતરામપુર, ડભોડા, ચાપડ, પ્રતાપુર, અનગઢ, ખાનપુર વગેરે, તેમ જ રેવા કાંઠા. મહી કાંઠા અને લુણાવાડાનો પ્રદેશ ક્રાંતિમાં જોડાયો.

રાજપીપળાનો સૈયદ ખુરાદઅલી, આણંદના ગરબડદાસ, લુણાવાડાના સૂરજમલ, સિપોરના મોતીચંદ બેચરદાસ, વડોદરાના રાયજી મંગાજી, ખેડાના ઠાકોર જયસિંહ અને ઝવેરભાઈ તેમ જ પાટણના મગનલાલ અને તાજપુરના રત્નાજી અને રંગાજી વગેરે મહત્ત્વના ક્રાંતિકારીઓ ગણાવી શકાય. ભીલ, ઠાકરડા, પાટીદાર, મુસ્લિમ બારૈયા જેવી કોમોએ આ વિપ્લવમાં જોડાઈ પોતાનું નામ ઉજાળી પ્રથમ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સહભાગી બન્યા.

કાર્લ માકર્સ સાચું લખે છે : '૧૮૫૭ના બળવામાં ભારત હાર્યું નહોતું. હરાવવામાં આવ્યું હતું. આ સંગ્રામમાં જો કોઈ હાર્યું હોય તો તે રાષ્ટ્રની રૂઢ પરંપરાઓ હતી. તેમાં રાષ્ટ્રીયતાનો વિજય હતો. બળવા બાદ ભારતને નવું રૂપ મળ્યું.'

[432/B, Manthan Twins, opp. Aalay & Tanmay Flats, Judges Bunglows Road, Bodakdev, AHMEDABAD - 380 054, India]

---

*યાદ આવે છે ? : "ઓપિનિયન"ના સપ્ટેમ્બર ૨૦૦૬ના અંકમાં મનેશચંદ્ર કંસારાકૃત વાર્તા - "ખંડિત ખોપરી" આપી હતી. પ્રયોગ તરીકે વાર્તાનો આ, અહીં આપ્યો, અંત ભાગ ત્યારે પ્રકાશિત કર્યો નહોતો. વાચકોને અને લેખકોને અરજ કરીને તે અંત કેવો હોઈ શકે તેની કલ્પના કરી જણાવવાનું સૂચવાયું હતું. ... માનશો ? મુંબઈથી, રતિલાલ ચંદરયા અને અશોક કરણિયાને બાદ કરતા, કોઈએ પણ, કોઈ જ કલ્પના બાંધી નહીં ! ... આશ્ચર્ય જ હોય; વારુ, હવે એ અંત ભાગ અહીં આપીએ છીએ :*

-તંત્રી

**'ક્યાં ખોવાઈ ગયા છો, તમે ?'**

અચાનક અવાજ આવ્યો અને હું ઝબક્યો.

અંબાઈદાસ આવી ગયા હતા અને પેલી આરામખુરસીમાં પાછા ગોઠવાઈ ગયા હતા. મારી આંખો બંધ હતી અને હું વિચારોની ગર્તામાં એવો પડી ગયો હતો કે મને ખબર પણ ન પડી.

'ગજરા મને પાણી આપી ગઈ, પાછી અંદર ગઈ, પણ તમે તો જાણે પથ્થરનું પૂતળું, ન હાલ્યા, ન ચાલ્યા.'

'સૉરી, વિચારોની તંદ્રા આવી ગઈ. તમારું કામ કેવું ગયું ?'

'બહુ જ સરસ. ત્યાં જઈને સૌથી પહેલાં તો મેં તમારી બે ય ગોળીઓ ખાઈ લીધી કે જેથી મગજ જરા આઘુંપાછું ન થાય !'

'એ ગોળીઓ મનને ટાઢુ રાખવામાં ઉપયોગી છે, એનો અર્થ એમ નહીં કે તમારા મગજમાં પાછો હુમલો ન થાય. મને લાગે છે કે હાલ પૂરતું તો તમારો રોગ તમારા વ્યક્તિત્વને બે ભાગમાં વહેંચી નાખે છે અને હુમલા દરમિયાન બન્ને ભાગ સભાન રહે છે. અલબત્ત, તમને અંદર અંદર લાગે એ સ્વાભાવિક છે, પણ એનો તો ઉપાય થઈ શકે એમ છે.'

'હવે તો બેચાર વર્ષમાં રિટાયર થવાનું છે ત્યાં આ ઘો ક્યાંથી લાગી. બીક તો લાગે જ ને. ન કરે નારાયણ ને કોઈ અગત્યનાં કામમાં પડ્યો હોઉં ને આ હુમલો આવે તો મારી શી દશા થાય ? અત્યાર સુધી તો છુપાવ્યું છે લોકોથી, પણ -'

'અરે હા, ગજરાબેને કહ્યું કે તમને માથામાં કેટલાક મહિના પહેલાં દસ્તો વાગ્યો હતો ને તમને તમ્મર આવી ગયાં હતાં.'

'દસ્તો ? માથામાં ? મને ?'

'હા, ભીંતમાં ખીલીઓ મારતા હતા ત્યારે.'

'ખીલીઓ ? અરે હા, યાદ આવ્યું. દસ્તો મારા હાથમાંથી છટક્યો અને ઊછળીને અહીં વાગ્યો.'

અંબાઈદાસે માથાના વાળ ખેંચી જ્યાં વાગ્યું હતું એ જગ્યા બતાવી.

જે કોઈ ઘા થયેલો હશે એ તો સાવ ભુસાઈ ગયો હતો, જરાક આખો ડાઘ રહી ગયો હતો. મેં બીફ કેસમાંથી નાનકડી ફૂટપટ્ટી કાઢી અને કપાળ તથા એની સરખામણીમાં ઘા ક્યાં લાગ્યો હતો એનું ચોક્કસ માપ લઈ ડાયરીમાં નોંધી લીધું.

'કેમ, આ વાગવાને અને મને જે થઈ રહ્યું છે એને કોઈ સંબંધ છે ?' અંબાઈદાસ પૂછ્યું.

'એવા ય દાખલા નોંધાયા છે કે માણસને માથામાં વાગે ત્યારે એની અસર વહેલી મોડી એના માનસતંત્ર ઉપર થાય છે. કોઈકને દુખાવો રહ્યા કરે, કોઈકને માનસિક થાક લાગ્યા કરે, કોઈકને ચક્કર આવવાની શરૂઆત થાય.'

'તો મને જે થઈ રહ્યું છે એનું કારણ મારા માથામાં વાગવાનું પણ હોઈ શકે ?'

'મને લાગે છે કે તમારે હોસ્પિટલમાં આવવું પડશે. ત્યાં બધાં સાધનો છે તો એક્સ-રે બેક્સે-રે વગેરે કઢાવી શકાય.'

અચાનક રસોડામાંથી ખણણણ અવાજ આવ્યો - જાણે કોઈ ભારે ધાતુની વસ્તુ ઊંચેથી નીચે પડી.

'આહ ! ઓહ ! વોય વોય !' ગજરાબેનનો દબાવેલો દબાવેલો ઉદ્ગાર સંભળાયો, જાણે એ અવાજ નીકળે નહીં એ માટે ગજરાબેને સાડીના

પાલવનો છૂચો મારવાનો પ્રયત્ન ન કર્યો હોય.

અંબાઈદાસ અને હું રસોડા તરફ ધસ્યા.

'શું થયું ? શું થયું ?'

લોહી નીતરતા માથા સાથે ગજરાબેને અમારી તરફ જોયું.

એમના હાથમાં દસ્તો હતો.

અંબાઈદાસે કોઈક લૂગડાનો કટકો પડ્યો હતો એ ઉપાડી ગજરાબેનના કપાળે દબાવ્યો, કે જેથી લોહી નીકળતું બંધ થાય.

હું ઝડપથી બ્રીફ-કેસ ખોલી ઈલેસ્ટોપ્લાસ્ટનો આખો રોલ તથા આલ્કોહોલમાં ડૂબાડેલાં રૂનાં પૂમડાં લઈ આવ્યો.

એક બાજુ અત્યંત વેદના થતી હતી છતાં ગજરાબેન અંબાઈદાસ સામે જોઈ બોલ્યાં, 'હવે તો મને પણ તમારા જેવું દેખાશે ને ?'

'ગજરા ! ગજરા !' અંબાઈદાસ રોઈ પડ્યા.

'ગજરાબેન ! ગજરાબેન !' મેં એક હાથે ગજરાબેનના હાથમાંથી દસ્તો છોડાવવાનો પ્રયત્ન કર્યો, સાથે સાથે રૂનાં પૂમડાંથી ઘા ચોક્ખો કરી ઈલેસ્ટોપ્લાસ્ટની પટ્ટી લગાવવા માંડી.

ગજરાબેનને જાણે આ બધાની કાંઈ પડી નહોતી.

ઘડીકમાં અંબાઈદાસ સામે જુએ, ઘડીકમાં મારી સામે, અને બોલે, 'હવે તો હું તમારી સહભાગિની થઈ શકીશ ને ? ... હવે તો હું એમની સહભાગિની થઈ શકીશ ને ?'

[Flat 2, Homefirs House, Wembley Park Drive, WEMBLEY, Middlesex HA9 8HW, U.K.]

•

# ગુફ્તગુ –

## મેડિકલ ટુરિઝમ – એટલે તબીબી ધોરીમાર્ગ કે ?

'મેડિકલ ટુરિઝમ' - એ એક ખૂબ જ જાણીતો બની ગયેલો શબ્દ છે. પરંતુ હવે તેને એક બીઝનેસ તરીકે જોવામાં આવે છે.

હું જે વાત કરું છું તે બધાને સારા કરવા માટે, માત્ર બીઝનેસ ના હોય, પણ તેની સાથે 'હ્યુમન ટચ' પણ જોઈએ. અને આ આપવાનો (અ)મારો પ્રયત્ન છે.

વિદેશમાં વસેલા આપણા ગુજરાતીજનો જ્યારે અહીં અમદાવાદ સારવાર માટે આવે છે, ત્યારે ઘણી વાર તે ખૂબ જ કનફ્યુઝ્ડ હોય છે. ક્યાં જવું ? શું કરવું ? આપણને કદાચ ખોટા માર્ગે તો નહીં દોરે ને ? આ બધી દ્વિધામાંથી બહાર કાઢવાનો અહીં નમ્ર પ્રયાસ કરીએ છીએ.

જ્યારે પરદેશ વસતા ગુજરાતીઓ અથવા તેમનાં સગાંવહાલાંઓને શારીરિક તકલીફ ઊભી થાય ત્યારે તેઓ જ્યાં પણ રહેતાં હોય ત્યાંથી જ ઈ.મેલથી [e.mail : dr_sharad_shah@yahoo.co.in] અમારો સંપર્ક કરે. તો ત્યારથી જ મારા સહિત મારી ટૂકડી તેમની કાળજી લેવાની શરૂઆત કરીશું. અને છેક સુધી સહકાર આપીશું.

આ પછી પણ ભવિષ્યમાં જરૂર પડતાં અંગત દવાઓ પણ એમને ઠેકાણે મોકલી શકાય. માનો કે ઑપરેશન કરાવવું પડે તો તે વખતે અને ત્યાર પછી 'પોસ્ટ - ઑપરેટિવ કેર' માટે પણ અમે સહકાર આપશું.

અમે તમને વિશ્વાસ બંધાવવા માગીએ છીએ કે તમારી બધી જ તકલીફ દૂર કરવાનો પૂરેપૂરો નમ્ર પ્રયત્ન કરીશું. આ બધા માટે અમે સક્ષમ છીએ. બીજા શબ્દોમાં કહેવું હોય તો, તમને અહીં ઘર જેવું લાગે છે.

અમારી વેબસાઈટ છે : spspl.in. યુરોપની ખૂબ જ પ્રખ્યાત અને અગત્યની કંપની BVQI એ ISO 9001 - 2000 પ્રમાણિત ઉચિત પ્રમાણપત્ર પણ આપેલું છે.

- શરદ આર. શાહ

રેડિયોલોજિસ્ટ અને અલ્ટ્રાસોનોલોજિસ્ટ

[7/B, Medicare, Behind M. J. Library, Ellisbridge, AHMEDBAD - 380 006, India]

# એતાનશ્રી –

## ... તો અનિષ્ટોની પરંપરા સર્જાયા વિના રહે નહીં

○ દીપક બારડોલીકરના ચર્ચાપત્ર ("ઓપિનિયન", ઑક્ટોબર ૨૦૦૬, પૃ. ૨૨) અંગે થોડુંક.

એમણે વિધાન કર્યું છે : "અમે નખશિખ મુસલમાન છીએ. અમારાથી કોઈ પણ સજ્જને ડરવાનું હોય જ નહીં. 'જ્યાં અમે ત્યાં સૌ અભય.' અમે અભયદાન કરીએ. ઈન્સાનિયતના પક્ષે રહીએ." આ કપરા કાળમાં સૌ કોઈની સમક્ષ મુસલમાન હોવાનો આ અહેવાલ અને આદર્શ રજૂ કરવાનું કાર્ય આદર તથા આવકાર પાત્ર છે.

પરંતુ તે બાદ એમણે ઉમેર્યું : 'અમારે ત્યાં યહૂદીવેડા હોતા નથી. 'સંદર્ભમાં જોતાં આનો એક જ અર્થ થાય કે યહૂદીઓ એક જાતિ તરીકે 'ભયદાન' કરે છે, 'ઈન્સાનિયત'ને પક્ષે રહેતા નથી. એક શબ્દસાધકની કલમમાંથી આ વાક્ય પ્રગટ થયેલું વાંચી અત્યંત આઘાતની લાગણી થઈ. વિશેષ તો એટલા માટે કે એમની ચર્ચામાં વ્યક્તિગત રીતે કે વસ્તુગત રીતે યહૂદી કોઈ પણ પ્રકારે સંકળાયેલા નથી. અને છતાં ય અમુક દુર્ગુણો 'યહૂદીવેડા' છે, સમગ્ર યહૂદી જાતિના દુર્ગુણો છે, યહૂદી હોવું એટલે જ 'ભયજનક' હોવું, 'ઈન્સાનિયત'થી વિરુધ્ધ હોવું એવી રજૂઆત થઈ ગઈ છે. બેશક, કોઈ પણ લોકશાહી દેશમાં - આ કિસ્સામાં યુનાટેડ કિંગ્ડમમાં - કોઈ પણ પ્રજાજનને કોઈ અન્ય શાસક, શાસન, કે કોઈ ચોક્કસ વ્યક્તિ સમૂહનાં કાર્યો વિશે ટીકા ટિપ્પણ કરવાનો અધિકાર હોય જ છે. બલ્કે એવી જાગૃત ટીકા એ પ્રત્યેક નાગરિકની એક પ્રકારની ફરજ પણ ગણી શકાય. પરંતુ કોઈ જાતિના અમુક તમુક શાસક, શાસન કે એ સમાજના કોઈ ભાગવિભાગનાં કાર્યો અંગે મતભેદ હોવાથી જો એવા શાસક, શાસન, કે ભાગવિભાગના દુર્ગુણોનો આરોપ એ સમગ્ર જાતિ, સંપ્રદાય, કે રિલિજિયન ઉપર કરવામાં આવે તો અનિષ્ટોની પરંપરા સર્જાયા વિના રહે નહીં. અને તે પછી એવા અનિષ્ટોનો ભોગ માત્ર યહૂદીઓ જ નહીં પણ માનવમાત્ર બનશે, પછી તે ચાહે મુસલમાન હોય, હિન્દુ હોય, ક્રિશ્ચિયન હોય કે અનાસ્થાળુ. અસ્તુ.

- 'કૃષ્ણાદિત્ય'

[Boston, U.S.A.]

## સાહિત્યના શોખ પાછળ કોમવાદી ઝેર છુપાયેલું છે

○ "ઓપિનિયન"નો ઉપયોગ નિર્દોષ યહૂદીઓ ઉપર હુમલો કરવા માટે થઈ રહ્યો છે. કેટલાક લોકો ડરપોક પ્રેક્ષકો બનીને જોઈ રહ્યા છે. દીપકજીની ઉશ્કેરણીથી યહૂદીઓનો દ્વેષ કરવા માટે કોઈ કારણ હું જોઈ

શકતો નથી. ડાયસ્પોરા શબ્દમાં જેને માછલીની ગંધ આવે તે કઈ જાતનો સંસ્કાર છે ? દાઉદભાઈ ઘાંચીને હિંદુ શાસ્ત્રો વાંચીને ઉપનિષદનું વચન ટાંકવાનો હક છે; મને કુરાનનો સ્પર્શ કરવાનો અધિકાર નથી. આ કઈ જાતનો સંસ્કાર છે ? યહૂદીઓએ ૧૧૫૦ વરસ સુધી હિન્દુસ્તાન ઉપર આક્રમણો નથી કર્યાં.

રમઝાન માસના પંદરમા દિવસે મક્કામાં જે બંદગી થઈ હતી તેમાં યહૂદીઓ અને ઈસાઈઓ વિષે માનપૂર્વક ઉલ્લેખ થયો હતો. કુરાનના આ ઉસ્તાદ એ અંગે શું કહેવા માગે છે ? દીપકજીને મુસલમાન હોવાનું અભિમાન છે, તો મને હિન્દુ હોવાનું એટલું જ ગૌરવ છે. સુરેશ દલાલની ચિંતા દીપક બારડોલીકરે કરવાની જરૂર નથી. હિન્દુધર્મમાં વહેમોને ઉત્તેજન આપનારનાં વખાણ કરનાર સુરેશ દલાલ અને વેદનિંદા કરનાર નગીનદાસ સંઘવી મારી સામે દલીલબાજી કરશે તો એ બેઉના છોડિયાં પાડી નાખવામાં આવશે !

યહૂદીઓએ પોતાની બુધ્ધિથી સફળતા અને સિધ્ધિઓ મેળવીને માનવજાતનું ગૌરવ વધાર્યું છે. એની સરખામણીમાં ઈરાક અને અફઘાનિસ્તાનમાં જે લોહીની નદી વહી રહી છે એ વિષે માત્ર ઉલ્લેખ જ પર્યાપ્ત છે. સાહિત્યના શોખ પાછળ કોમવાદી ઝેર છુપાયેલું છે. એ સમજનારા મૌન ધારણ કરીને બેઠા છે. એ નવાઈની વાત છે. યહૂદીઓ અમારા વહાલા મિત્રો છે. વાચકોની માગણી હોવા છતાં મારાં લખાણ છપાતાં નથી એ કેટલાંક વિઘાતક તત્ત્વોના પ્રચારનું પરિણામ છે.

## રૈસના ઘોડા !

ગુજરાત સરકારના એક પ્રધાન આનંદીબહેન પટેલ બ્રિટનની મુલાકાતે આવ્યા હતાં ત્યારની વાત છે. તેમની ઈચ્છા એવી હતી કે બ્રિટનના વડા પ્રધાન ટૌનિ બ્લૈરની સાથે ફોટો પડાવવો ! પોતાના દિવાનખાનાને શોભાવવા માટે એથી વિશેષ સંભારણું કયું હોઈ શકે ? અહીંના બે તંત્રીઓને એ વાતની જાણ કરવામાં આવી. બન્ને રૈસના ઘોડાની જેમ થનગનવા લાગ્યા ! 'અમે જ આ મુલાકાત ગોઠવી આપીશું !' બ્રિટિશ પ્રધાન મંત્રીના સરકારી નિવાસસ્થાન ૧૦ ડાઉનિંગ્ સ્ટ્રીટને જાણ કરવામાં આવી. ઉત્તર નકારમાં હતો. 'ટૌનિ બ્લેર પાસે બિલકુલ સમય નથી.'

છેક ૧૯૫૮થી બ્રિટિશ મજૂર પક્ષને મત આપતા એશિયનોના એક વર્ગને નિરાશ કેવી રીતે કરી શકાય ? બીજો સંદેશો આવ્યો; વડા પ્રધાન પાર્લમેન્ટમાં જતા હોય ત્યારે એક મિનિટ થોભશે. ત્યારે ફોટો પાડી શકાશે ! આ સમાચાર આનંદીબહેનના નાતભાઈ તંત્રીને આપવામાં આવ્યા. ફોટો પડી ગયો. આનંદીબહેનના દિવાનખાનાની શોભા અવશ્ય વધી હોવી જોઈએ !

બે હજાર વરસથી ગુલામ રહેલી પ્રજાનું આ લક્ષણ છે. બનેલી ઘટના એવી છે કે ભારતના એક કેન્દ્રીય પ્રધાને બ્રિટનના "ધિ ટાઈમ્સ્" સમાચારપત્રમાં તેમની મુલાકાતનો અહેવાલ આવે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. એ પત્રના ભારત ખાતેના પ્રતિનિધિએ સ્પષ્ટ ના કહી હતી ! એમની મુલાકાત પણ લીધી ન હતી ! પરદેશથી પધારતા કોઈ એન્જિનિયરને કેન્દ્રના પ્રધાન દિલ્લીના વિમાનમથકે લેવા જતા હતા એવા દિવસો પણ હતા ! લન્ડનના ગયા વરસના બોમ્ ધડાકાને સ્ટાર ન્યૂઝે પાંચ કલાકનો સમય આપ્યો હતો. મુમ્બઈમાં પૂરમાં મરણ પામેલા ૮૫૦ માણસોની કરુણ ઘટનાને બ્રિટનના પ્રચારમાધ્યમે બે મિનિટ આપી હતી ! ગુલામની પ્રકૃતિનો અભ્યાસ કરવા જેવો હોય છે ! ગુલામોમાં સંપ પણ હોતો નથી. બીજાના વખાણ કરવાં અને પોતાનાને અવગણવાં એ પણ ગુલામોની એક ખાસિયત હોય છે. પારકાના અપરાધને ક્ષમા આપવી અને પોતાનાના નાનકડા વાંકને ચગાવવો એ પણ દાસપ્રકૃતિનો એક ભાગ છે. પાણીમાં રહીને મગર સાથે વૈર કરવાનો વિચાર નથી; એટલે જ અહીં જ અટકીશ !

## માસીબાની માયા ... ...

૧. ધીરુબહેન પટેલના દવલા એવા એક પંડિત લખે છે : 'દરિયામાંથી મોતી બહાર આવે તેનું મૂલ્ય થાય છે. જો માછલું બહાર નીકળે તો તરફડીને મરે છે !' પરદેશ જતાં અમુક લોકોએ આ વાત યાદ રાખવી.

૨. બીજા એક પંડિત લખે છે : 'રાજા પોતાના દેશમાં જ પૂજાય છે. વિદ્વાન સર્વત્ર પૂજાય છે.' ભણતરનો તાણોવાણો નબળો કરવા માટે મોરારજી રણછોડજી દેસાઈથી માંડીને અત્યાર સુધીના ગુજરાતી નેતાઓની જવાબદારી અંગે વિચાર થવો જોઈએ.

૩. વિદ્યાનું ફલક વિશ્વવ્યાપી છે. એટલે જ જે વિદ્યા ગુજરાતમાં જ કામ આવે તેની યોગ્યતાને પડકારી શકાય. ૧૯૧૮માં મેટ્રિક થયેલા મારા માધ્યમિક શાળાચાર્ય કહેતા : 'એ જમાનામાં અંગ્રેજી, ગણિત અને ભૂગોળમાં નાપાસ થનારનાં બીજાં ઉત્તરપત્રો તપાસવાનો સવાલ જ ન હતો !' ભણનાર અને ભણાવનાર લાજે એવી સ્થિતિ લાવનાર સરકાર હોય કે ન હોય, એ સરખું છે.

૪. ચાર ચાર ડિગ્રીવાળા બ્રિટનમાં આવીને મંદિરમાં ઝાડુ વાળવા તૈયાર છે ! એ ગરીબી કે ભક્તિનમ્રતાને કારણે નથી, પણ એક પાઉન્ડના પંચાશી રૂપિયા મળે છે એટલા માટે છે !

૫. બારેક વરસ પહેલાં બનેલો પ્રસંગ છે. કલકત્તાથી ડૉક્ટર થઈને આવેલા એક ભાઈ લેખિત પરીક્ષામાં પાસ થયા પણ મૌખિકમાં [viva voce] ચાર વાર નાપાસ થયા. ફરીથી પરીક્ષામાં બેસવાની છૂટ ન હતી. 'હું અહીં પ્યાલારકાબી વીછળીશ પણ કલકત્તા પાછો નહીં જાઉં !' અત્યારે હજારો ડૉક્ટરો અહીં આવ્યા છે. તેમને નોકરી મળતી ન હોવાથી અમુક લોકો મંદિરમાં જઈને ઠાકોરજી સાથે ભાત આરોગે છે !

૬. જો કાયદેસર બ્રિટનમાં પ્રવેશવાના વીઝ (વીઝા નહીં) મળ્યા હોય તો અનુકર્તાને (ઍજન્ટ્ને) લાખ્ખો રૂપિયા આપવાની કઈ જરૂર ? વીઝ એ પહેલું પગથિયું છે. કહેવત છે : 'અમિતાભ બચ્ચનનો મહેલ જોઈને પોતાનું ઝૂપડું ભાંગી ન નાખવું !'

૭. કયા દેશમાં જઈને શું કરવું અને શું ન કરવું એ સલાહ આપવાની જવાબદારી ગુજરાત સરકારની છે. ડૉ. પારસ શાહને વીયાગ્રાની (વાજીકરણની) બે હજાર રૂપિયાની એક ગોળી વેંચવાની તક આપનારા અમદાવાદી તંત્રીઓ પરદેશ વિષે સાચી માહિતી આપી શકે તેમ છે.

૮. જે પોતાના દેશમાં સુખી હોય તેણે પરદેશ જવા માટે રઘવાયા ન થવું.

૯. એંશી વરસ સુધી કમાવું જોઈએ એવી શોધ કરનારો પણ ગુજરાતી સમાજ હોવો જોઈએ !

૧૦. કોઈ પૈસાદારના જમાઈ થઈને આવવું હોય તો જુદી વાત છે ! અહીં આવેલા કોઈને રાણીમાએ ગળાના સમ ખાઈને તેડાવ્યા નથી ! અમે ડહાપણનો ભંડાર નથી ! માહિતી મગાશે તો અપાશે !

- રમણીકલાલ કા. ભટ્ટ

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

## એ તો ગજા બહારની વાત છે

○ સપ્ટેમ્બર ૨૦૦૬ના અંકમાં મારા વાર્તાસંગ્રહ 'ફૉર સેલ'નું વિવેચન અનિલ વ્યાસે કર્યું તે માટે તેમનો અને તમારો ખૂબ આભાર. અહીંની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના નેજા હેઠળના તાજેતરના વાર્તાના વર્કશોપમાં પણ અનિલ વ્યાસની ચર્ચા માણવા મળી, તેનો મને આનંદ છે. મારા જેવા વાર્તા લખવા મથતાં મિત્રોને અનિલ વ્યાસ અને મનેશચંદ કંસારાનો લાભ અવશ્ય મળતો રહેશે, એવી મને ખાતરી છે.

પ્રવીણ પટેલ 'શશી'ના 'હડસન કાંઠે ભદ્રાનાં નીર' વાર્તાસંગ્રહ વિશે મને લખવાનું કહેવામાં આવ્યું તે માટે તમારો આભાર. એક વાચકની હેસિયતથી એ સંગ્રહ વિશે વાત કરી. પણ કમનસીબે તંત્રીથી એ વાતનો ઉલ્લેખ ન કરાયો. "ઓપિનિયન"ના વાચકોને એવું લાગે કે ગઈકાલનો આ વાર્તા લખનારો વિવેચકોની જમાતમાં બેસી ગયો કે પેસી ગયો ! વાચકો મને માફ કરે. વિવેચકોની જમાતમાં હું કેટલો વામણો લાગું છું તે વાચકોને દેખાયું હશે. 'વાર્તા વર્તુળ'માં હાજર રહી વાર્તા અંગે સમજ કેળવવા પ્રયત્ન કરું છું. વિવેચન કરવું એ મારા ગજા બહારની વાત છે.

- રમણભાઈ ડી. પટેલ

[62, Orchard Gate, GREENFORD, Middlesex UB6 0QW, U.K.]

## ભાષાની ભમરાળ અને સર્જન સુમિરન …

○ રમણભાઈ ડી. પટેલે મારા વાર્તાસંગ્રહ 'હડસન કાંઠે ભદ્રાનાં નીર' અંગે "ઓપિનિયન"ના સપ્ટેમ્બર અંકમાં પોતાના વિચારો દર્શાવ્યા છે. મારું લખાણ કોઈક વાંચે છે ત્યારે અતિ આનંદ થાય છે. મિત્ર એ જે સહી કાર્ય માટે પુષ્ટિ તો આપે, સાથે ભૂલો સામે લાલ બત્તી પણ બતાવે. પરંતુ ભાષા અને વાર્તાઓ બાબત ઉપસ્થિત થયેલા મુદ્દાઓ વિશે મારા વિચારો દર્શાવવાની રજા લઉં છું :

(૧) ગુજરાતમાં રહેતો ગુજરાતી છે, પરંતુ તેની બહાર જઈ વસેલો પણ ગુજરાતી જ છે. હું તો ત્યાં સુધી કહીશ કે જે ગુજરાતી બોલે તે સર્વ ગુજરાતીઓ છે.(૨) દેશ તેવો વેશ બન્યો, તો જે તે દેશની બોલીનાં શબ્દો ગુજરાતી બોલચાલમાં કેમ નહીં? (૩) પરભાષીનો સંપર્ક આપણી સાથે રહે તો એ સારું એવું ગુજરાતી બોલી શકે. (૪) સંગ, સોબત અને વાતાવરણનો ભાષાને ઘસારો છે. (૫) જેટલા પરભાષી શબ્દો આયાત થાય એટલા આપણા ગુજરાતી શબ્દોની નિકાસ થવાની. (૬) ભદ્રંભદ્રીય શબ્દો સંગ્રહસ્થાનમાં મળે એવો વખત હવે દૂર નથી. (૭) ગુજરાતી ભાષાનો ઉદ્દભવ સંસ્કૃતમાંથી થયો. શુધ્ધતાના કેટલા હિમાયતીઓ સંસ્કૃત ભાષા જાણે છે? (૮) 'હ્રસ્વ' અને 'દીર્ઘ'નો ભેદ હઠે કે 'સ', 'શ', 'ષ' એક બની જાય એ ગુજરાતીનું ખરેખર સર્વસ્વીકૃત સરળીકરણ છે? (૯) ગુજરાતી ભાષા તો એક છે પણ પ્રદેશ પ્રમાણે એની બોલવાની હલક, લહેકો અને ઉચ્ચારણમાં વિભિન્નતા છે. (૧૦) ગાલા વિશાલ શબ્દકોશમાં ગુજરાતીમાં રૂઢ થયેલા ૫૦૦થી અધિક જેટલા અંગ્રેજી શબ્દોની યાદી છે. આ શબ્દોનો ઉપયોગ આપણે ગુજરાતીમાં કરીએ જ છીએ. રમણભાઈએ નોંધેલા શબ્દો પણ એમાં આમેજ છે. (૧૧) લખ્યું તેવું વંચાય છે, એમ બોલ્યું તેવું લખાતું જશે. અમુક ટેકનિકલ શબ્દો માટે કોઈ ગુજરાતી સહી શબ્દો છે પણ નહીં! (૧૨) પરભાષીઓ વચ્ચે બાળકો સ્કૂલ-કૉલેજોમાં ભણે છે. પરંપરાગત લગ્ન સંબંધોમાં ફેરફાર આવ્યો છે. દર દસ ગજરાતી કુટુંબમાં હવે કન્યા કે મૂરતિયો બીજી નાત કે જાતનાં આવે છે. અડધું જૂનું ભૂલાવાનું, અડધું નવું અપનાવવાનું, ભાષા વિનિયોગમાં બીજા શબ્દો પણ અચૂક ઘૂસવાના. વર્ણસંકર પ્રજાનાં સંકર્ણ શબ્દોની આપણી ગુજરાતી ભવિષ્યમાં હશે. બાંધછોડ કરવાનું આપણને કઠે. બાંધો તો રહે અને છોડો તો જાય. આવું કદાચ આપણી ભાષાનું થશે. (૧૩) સામો સમજી શકે એ ભાષામાં બોલાય તો એ એનાં દિમાગમાં ઠસે. પરંતુ એની જ ભાષામાં આપણે બોલીએ તો એ એનાં હૃદયે બરાબર જઈ વસે. વસવું અને વસાવવું, ગુજરાતી ટકાવવું અને ફેલાવવું, આ માટે આપણે કેસરિયાં કરવા પડશે. (૧૪) પશુ-પક્ષીની ભાષા, મૂંગા-બહેરાની સંકેત ભાષા, હાવભાવ પહેચાનવાની ભાષા, કે પર-દેશીઓની ભાષાનાં જાણપણાંથી આપણી ગુજરાતી ભાષાની ક્ષિતિજો વિસ્તરે? (૧૫) અંતર સાથે વાત કરવા કોઈ પણ ભાષાની જરૂર નથી.

મોટી ગોળીમાં છાશ વલોવીને માખણ તારવવાનો આ પ્રયત્ન છે. દાક્તરો માંદા પડે તો બીજા દાક્તર પાસે જવું પડે. આવું લખનારનું પણ. જોડણી, ભાષાશુધ્ધિ, સારાં પુસ્તકોનું પરિશીલન, સાફસૂથરાં લય, પરંપરાગત અને આધુનિક પ્રવાહની જાણકારી જેવાં એમનાં સલાહસૂચનોનો મારે અમલ કરવો જ રહે. તે સાચી પ્રગતિ છે.

'શયદા' અને ર.વ. દેસાઈના ગદ્યમાં પદ્યપંક્તિઓ મૂકવાની શૈલી હતી. અમેરિકી લેખકોની ગદ્યપદ્ય મિશ્રિત વાર્તાઓ મેં વાંચી છે. વાર્તાઓમાં કાવ્યપંક્તિ અંગે મને મિશ્ર પ્રતિભાવો મળ્યા છે. પુષ્ટિ આપે તો કાવ્યપંક્તિને વાર્તામાં સ્થાન છે. વાર્તાને નબળી બનાવે તો એ બરાબર નથી. સામયિકોની વિશિષ્ટ માંગ માટે વાર્તાકાર લવચીક રહે તો એનું ગાડું બરાબર ગબડે. ચિંતન, વર્ણન, વ્યાકરણ, જ્ઞાન-વિજ્ઞાન, આંખે દીઠું કે જીવનમાં અનુભવેલું મેં સાધનરૂપે વાર્તામાં ઉપયોગમાં લીધાં છે. વાચકોને એકઢાળિયું ખપતું નથી. જે એમને ગમે તે મારી દૃષ્ટિએ સહી વાર્તા છે. કાળો-ગોરો શબ્દ દેશમાં ભણેલો. આફ્રિકાવાસીઓની સંગતે આ કાળિયો-ધોળિયો બની ગયો. 'રંગચક્ર'માં રંગભેદનું માનસ મેં છતું કર્યું જ છે. વાર્તાવહનમાં શ્વેત-અશ્વેત શબ્દો બંધ બેસતા નથી. સરળ શબ્દો વાર્તાને સહજ બનાવે. … મોટાં નામો ટૂંકાવીને લખવામાં, બોલાવવામાં તોછડાઈ નહીં પણ પ્રેમનું અનુસંધાન છે. એકી, બેકી, ઢેકી, અહીં હયાત છે. વાર્તાવહનમાં નામલય મદદકર્તા છે.

- પ્રવીણકુમાર સી. પટેલ 'શશી'

[80 Corona Court, OLD BRIDGE, NJ 08857-2854 U.S.A.]

## 'ગધેડા ઉપર અંબાડી ચડાવો છો !'

○ છેલ્લા થોડાક મહિનાઓ પહેલાં હું લંડનમાં હતો. નિયમિતપણે ત્યારે સ્થાનિક લાયબ્રેરીમાં જતો અને ત્યાંના પણ ગુજરાતી સામયિકો વાંચતો. "ઓપિનિયન"માં ગુજરાતી કવિ, સાહિત્યકાર અને સંગીતકારોને જે રીતે તમે આવરી લો છો તે માટે તમારો આભાર જ માનું. સ્પષ્ટ વક્તવ્ય અને શુધ્ધ ગુજરાતી લંડનમાં ઓછું સાંભળવા મળ્યું છે. તમારી બોલચાલમાં પણ આ બાબત સજાગ છો, તે પ્રશંસાને પાત્ર છે.

જાણીતા સાહિત્યકાર, વિવેચક સુરેશ જોશી એકવાર વડોદરા આકાશવાણી પર આવેલા. શબ્દ અને સંગીત બંનેને વિવેચન સાથે રજૂ કરતાં આકાશવાણી કાર્યક્રમમાં ભાગ લેવા વિશે તેમની મરજી ત્યાંના સંગીત વિભાગના વડા જયદેવ ભોજકે પૂછી તો લાક્ષણિક છટાથી તે કહે, 'જયદેવભાઈ તમે ગધેડા ઉપર અંબાડી ચડાવો છો.' જયદેવભાઈએ જવાબ દીધો : સુરેશભાઈ, મારી પાસે અંબાડી છે. નીચે પ્રાણી બદલાયા

કરે છે. જવાબથી નારાજ થવાને બદલે સુરેશભાઈ રાજી થયા. કહેવાનું તાત્પર્ય એટલું જ કે જ્યારે કોઈ કવિને બસમાં કવિતા આવે અને તેમની પાસે કોઈ કાગળ ન હોય તો તે કવિ બસની ટિકિટ પર પણ લખવા માંડે છે. ત્યારે કાગળ કેવો છે તે તપાસવા બેસતો નથી.

આવું જ સંગીતકારનું છે. હું ય 'સંગીત તજ્જ્ઞ' થયેલો સંગીતકાર ખરો ને ! તેમને કોઈ સારી ધૂન (બંદિશ, કમ્પોઝિશન) આવે એટલે તેમના હાથમાં જે કોઈ હોય તેમાંની કોઈ પણ કવિતા પર તે ધૂન ગોઠવવા માંડે છે. કાગળ એ કવિ માટે એક પદાર્થ છે તેમ કવિતા એ સ્વરનિયોજક માટે પદાર્થનું કામ કરે છે. આમ ન થઈ શકે તેમ હોય તો પોતે કોઈ શબ્દો ગોઠવીને પણ બંદિશને રેકોર્ડ કરી લે છે. જુદા જુદા બંદિશકારો પોતપોતાની ક્ષમતા અને આજુબાજુનાં વાતાવરણ અને સ્વભાવ મુજબ સ્વરબધ્ધ કરવાનું કામ કરે છે. ઉદાહરણરૂપે, બટેટાનું શાક થાય, કાતરી થાય, આલુપરાઠા થાય, બટેટાવડા થાય. આમ એક જ બટાટાને વિવિધ રીતે ભોજન વાનગીમાં ઉપયોગ કરાય તેમ કોઈ કવિતા હાથમાં આવે તો તેને જુદા જુદા સ્વરકારો જુદી જુદી રીતે સ્વરનિયોજન કરે છે.

**-પ્રભાતદેવ ભોજક**

[A-26, Janata Nagar, Old Padra Road, Behind Shabri School,
VADODARA - 390 015, India]

## અકેલે હી ચલે થે ... મગર ... કારવાઁ બનતા ગયા

○ ૨૬ ઑગસ્ટ ૨૦૦૬નો "ઓપિનિયન"નો અંક ગુજરાતી ભાષા અને વૈશ્વિક ગુજરાતી સંસ્કૃતિને સાંકળી લઈને, બંનેને એમના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, તેમ જ વર્તમાન જીવનશૈલીની સમસ્યાઓના સંદર્ભમાં, બહુ ખૂબીપૂર્વક વ્યાખ્યાયિત કરે છે. એ શક્ય બન્યું છે તારીખ ૯ જુલાઈ ૨૦૦૬ના રોજ વેમ્બલીસ્થિત પાટીદાર હાઉસમાં 'ગુજરાતી લેક્સિકૉન ડૉટ કોમ'નું સ્વાગત કરવા અને તેના સાહસિક રચયિતા રતિલાલભાઈ ચંદરયાને સન્માનવા માટે યોજાયેલા સમારંભ દ્વારા. અઢીસો જેટલા ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના ગુણાનુરાગી અને વિચારવંત એવા ચાહકોની એ મિજલસે જે ચિંતન કર્યું એ જેટલું તાત્ત્વિક અને નૈતિક મૂલ્ય ધરાવે છે; એટલું જ ઉપયોગિતા મૂલ્ય પણ ધરાવે છે. તેથી જ નવ જુલાઈનું (૯/૭નું) ઐતિહાસિક મૂલય હંમેશાં અંકાતું રહેશે.

સન્માન કાર્યક્રમની ઝાકઝમાળ વચ્ચે રતિભાઈની પારદર્શિતા, સરળતા, સાદગી અને વિનમ્રતા સૌનાં હૃદય સોંસરી કેવી ઊતરી ગઈ એ કાર્યક્રમનું બયાન કહી જાય છે. ફરી સાંભળો દિલનાં ઊંડાણેથી નીકળેલાં એ ભાવવાહી વેણ : 'દોસ્તો, ૧૩ જાન્યુઆરી ૨૦૦૬ના શુભ દિવસથી, મેં તો આ વીસ વરસની કન્યાનું ગુજરાતી આલમને દાન દઈ દીધું છે. એને સાચવી જાણજો. એને કારણે પણ ગુજરાતી બોલનારી, ગુજરાતી વાંચનારી, ગુજરાતી લખનારી પ્રજાનો યુગો સુધી વિસ્તાર થયા કરે એમ કિરતારને નત મસ્તકે પ્રાર્થના કરતો રહું છું. ... દરેકને એક જ વિનવણી : મારી આ ખિદમતને પણ જાળવી જાણજો અને સંવર્ધિત કરતા રહેજો !'

મને શ્રધ્ધા છે કે એમની આ અપીલના પ્રતિઘોષ રૂપે ખંડમાંનું પ્રત્યેક હૃદય 'લબ્બેક, લબ્બેક'ના નાદથી ગૂંજી ઊઠ્યું હશે. હૃદયની સચ્ચાઈભરી વાણી કદી અકારથ જતી નથી, એવું કવિ ઈકબાલના આ શબ્દો સમર્થન કરે છે :

**જો બાત દિલ સે નિકલતી હૈ અસર રખતી હૈ,**
**ઊસે પર નહીં, લૈકિન વો તાકતે પરવાઝ રખતી હૈ**

પ્રાધ્યાપક પ્યારઅલી રતનશીનું વ્યાખ્યાન રતિભાઈના ભગીરથ પ્રકલ્પને બિરદાવતું, બિરદાવતું ભાષાશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, ઈતિહાસ અને આજના વિશ્વના સત્તાપ્રધાન રાજકારણને ગૂંથી લેતું એક ઘણું જ વિચારપ્રેરક ઉદ્દબોધન છે. એમણે ભાષા અને સાહિત્યના એકલા પ્રેરક મૂલ્યને રતિભાઈનો પ્રકલ્પ કેવો સહાયક નીવડી શકવાની ગૂંજાઈશ ધરાવે છે તેનું વિશ્લેષણ કરીને, સમાજની સાંવેગિક એકતા [emotional integration] ને છિન્નભિન્ન કરનારાં પરિબળો સામે લાલબત્તી ધરતાં કહ્યું છે કે: 'I am dismayed to witness signs of a similar development in this country, as fundamentalist extremisms from the sub-continent exert their influence both on the old and young, for very different reasons. That our languages and the cultural heritage associated with them transcend religious divisions is something to be celebrated, and should actively be employed to unite us as sharers of a common legacy rather than to divide us. I hope that is an aim to which we can rededicate ourselves as we acknowledge the debt we owe to Ratibhai for his mammoth achievement.'

ગુજરાતની તળભૂમિના, તેમ જ વિશ્વમાં ઠેર ઠેર પથરાયેલા, ગુજરાતી સમાજના પ્રત્યેક ગુજરાતીએ પ્યારઅલી રતનશીની આ શિખ ભૂલવા જેવી નથી, કારણ કે એના અમલથી જ રચી શકાતો હોય છે એક નાગરિક સમાજ [civil society].

રતિભાઈએ જેમ શબ્દસૃષ્ટિના ક્ષેત્રે એક સફળ મહાપ્રકલ્પ કરી બતાવ્યો છે, તેમ એ શબ્દસૃષ્ટિના વિનિયોગ દ્વારા જ્ઞાન નિર્માણ અને વ્યવસ્થાપનના ક્ષેત્રે ડૉ. ધીરુભાઈ ઠાકરે 'ગુજરાતી વિશ્વકોશ'નો એક ગંજાવર પ્રોજેક્ટ કરી બતાવ્યો છે. બંનેએ એકલવીરની અદાથી આરંભ કર્યો, અનેક સહકાર્યકરોનો સહકાર મેળવ્યો, અને એક જ્ઞાનમૂલક આંદોલન આદરી બતાવ્યું.

આ પંક્તિઓ એ સફળ અભિયાનની ગવાહી પૂરે છે :

**હમ અકેલે હી ચલે થે જાનિબે મંઝિલ, મગર,**
**લોગ સાથ આતે ચલે, ઔર કારવાઁ બનતા ગયા.**

એ સમારંભમાં રતિભાઈને સન્માનતાં, એમના સમાનધર્મી એવા ધીરુભાઈએ પણ, પ્યારઅલીભાઈની ભાષા અને સંસ્કૃતિ દ્વારા સામાજિક સમન્વય સાધનારી વિચારધારાનો પડઘો પાડતાં કહ્યું કે : 'આજે વિવિધ પ્રજાઓ પરસ્પર એવી ઓતપ્રોત થતી જાય છે કે આપણી સંસ્કૃતિને ચુસ્ત વળગી બેસી રહેવું પાલવે તેમ નથી. વિવિધ જીવનરીતિઓના મિશ્રણ કે સમન્વયરૂપ એક વિશ્વસંસ્કૃતિ આકાર લઈ રહેતી દેખાય છે. એ વિશ્વ સંસ્કૃતિના પ્રવાહને ઝીલવા જેટલું બળ અને સામર્થ્ય આપણી ભાષાને મળે એવી પ્રાર્થના કરીએ.' એ પ્રાર્થનાના સન્નિષ્ઠ અનુસરણના અભિયાન તરીકે છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતી વિશ્વકોશનો મહાપ્રકલ્પ હાથ ધરેલો છે.

એવી જ સંકલ્પબધ્ધ ક્રિયાશીલતા દાખવવા ગુજરાતીભાષીઓને ડૉ. ભીખુ પારેખે પણ એ જ સમારંભની વ્યાસપીઠેથી આહ્વાન કરેલ છે. એમણે રતિભાઈને એક સદા પ્રવાહમાન ઘટના[phenomenon] તરીકે બિરદાવી ચંદરયા ભાવનાને [Chanderia Spirit] ઘેર ઘેર અને વ્યક્તિએ વ્યક્તિએ ક્રિયાન્વિત કરવા ત્રણ મુદ્દાની ઝૂંબેશ સૂચવી છે. તે

પૈકી એક છે, માતૃભાષા ગુજરાતી માટે જુસ્સાભર્યું [passionate] સ્થાયી મનોવલણ કેળવવું. બીજો છે, ધર્મ, વર્ણ, જ્ઞાતિ, લિંગ, ઈ. સંકીર્ણતાઓથી મુક્ત એવી સમુદાર ગુજરાતીતાની ભાવનાને સમગ્ર પ્રજાસમૂહના જીવનનો મજબૂત પાયો બનાવવો. અને ત્રીજો છે, સ્વસ્થ અને સંપન્ન ગુજરાતનું નિર્માણ કરવા એક નવી જાગૃતિ, નવી ક્રાંતિ - સાહિત્ય ક્રાંતિ, નૈતિક ક્રાંતિ ઊભી કરવા સારુ ઘેર ઘેર પરિવર્તન લાવવાની ઝુંબેશ હાથ ધરવી.

આ ઉદ્દેશોની પરિપૂર્તિ કાજે ભીખુભાઈ પારેખે ગુજરાતી ડાયસ્પોરાને વતન તરફનું ઋણ અદા કરવા અનુરોધ કરતાં કહ્યું છે કે : 'જેને માટે આપણને ખૂબ પ્રેમ છે, તેવા ગુજરાતીઓમાં આની કેળવણી મળે, નવો વિચાર પ્રગટે તેવું કામ કરવાની હવે જરૂર છે. આ જવાબદારી આપણી બને છે. મુખ્યત્વે એ જવાબદારી ગુજરાતની છે, પણ ડાયસ્પોરામાં રહીને રતિભાઈએ આ કામ જે જવાબદારીથી, લગનથી કર્યું છે, તેમ અહીં કલ્પના કરીને આપણે કામ કરવાની જરૂર છે. અહીંના આપણા અર્થશાસ્ત્રીઓ, વિદ્વાનો, તજ્જ્ઞો, સાક્ષરો, કેળવણીકારોએ ગુજરાત જઈને વખત અને શક્તિ આપવાં જરૂરી બનશે. ... અને આવું જો થશે, તો ગુજરાતમાં સાચો વિકાસ થશે અને વૈચારિક અને સાંસ્કૃતિક ક્રાંતિ આવશે !'

રતિભાઈના સન્માન અવસરે ઉદ્દભવેલાં આ સઘળાં વિચાર સ્પંદનો વિશ્વ ગુજરાતી સમાજના પ્રત્યેક ગુર્જરજનના હૃદયને ઝંકૃત કરી તેને વિશ્વમાનવ બનવા આવતાં વર્ષમાં પ્રેરતો રહે એ પ્રાર્થના.

-દાઉભાઈ એ. ઘાંચી

[Paanch Haatdi Bazaar, KALOL - 382 721, Mehsana District, North Gujarat, India]

## ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ

○ "ઓપિનિયન"ના વિવિધ લાક્ષણિક અંકોનું પાન કરું છું. દેખાઈ આવે છે કે "ઓપિનિયને" હવે તેનો ખરો અર્થ સાર્થક કરી જાણ્યો છે. આ માટે તમને તેમ જ લેખકોને, વાચકોને સહૃદય અભિનંદન પાઠવું છું. ગુજરાતી ડાયસ્પોરિક જગતના વિવિધ સવાલો તેમ જ તાણાંવાણાંની વિષદ અને ઉત્કટ છણાવટ જોઈને આનંદ આવે છે.

દીપક બારડોલીકર અને રમણીકભાઈ ભટ્ટ વચ્ચેનું શાબ્દિક દ્વંદ્વ તેમ જ નિર્મિશ ઠાકરના લખાણ ખાસ તરી આવ્યાં છે. આ 'ડાયસ્પોરા' શબ્દ અંગેના વિવિધ ખ્યાલો, વિચારો જાણવા રસપ્રદ લાગ્યા. દીપકભાઈ, રમણીકભાઈના મંતવ્યો ય રોચક રહ્યાં. આ બધું યથા કાળે વિકાસ પામશે, એમ ખાતરી છે.

જયન્ત પંડ્યા સંબંધક લેખો સુરભિને અને મને ખૂબ જ અડી ગયા. એમની સાથે અમારો જે અંગત નાતો હતો, તેને કારણે સ્વાભાવિક સવિશેષ ગમ્યા હોય. 'ગુજરાતી લેકિસકોન' બાબતનો અંક ગુજરાતી તરીકેનું ગૌરવ વધારી ગયો છે. રતિલાલભાઈ ચંદરયા જેવા માણસે આવડું ગંજાવર કામ કરીને ગુજરાતી જમાતને તે અર્પણ કર્યું છે તેથી કોણ ગૌરવ નહીં અનુભવે. ભીખુભાઈ પારેખનો ઑગસ્ટ અંકમાં ઉઘડતે પાને લેખ મૂક્યો એ સારું કર્યું છે. એમનો એ લેખ ખૂબ જ અગત્યનો છે. એમણે આપણી ભાષાના, આપણી સંસ્કૃતિના તેમ જ જાહેર વિચારવર્તનના જે વિવિધ પાસાઓ છેડ્યા, તેની અગત્યતા સમજવા જેવી છે. રતિભાઈને તેમ જ ભીખુભાઈને સહૃદ અભિનંદન જ આપવાનું મન થાય છે.

ભીખુભાઈના લેખનું મથાળું તમે 'ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ' બાંધ્યું છે. યુનાઈટેડ કિંગ્ડમમાં રહીને "ઓપિનિયન" વાટે તથા 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નાં કામો દ્વારા તમે પણ એ જ ધ્વનિનું સ્થાનમાન મેળવ્યું છે.

-પ્રવીણ ન. શેઠ

[1460 Beverly Drive, ATHENS, GA 30606, U.S.A.]

## ... તો મજેદાર સામગ્રી મળે !

○ જુલાઈ અંકમાં, 'મિર્ઝા ગાલિબ લંડનમાં' નાટકનું ગુજરાતી સંસ્કરણ વાંચવાની લિજ્જત આવી. તંત્રીની નોંધ મુજબ ભદ્રંભદ્રને ક્યારેક લાવણ્યનગરી લંડનની સહેલ કરવાની તક મળી જાય તો મજેદાર સામગ્રી મળે !

'નિર્મોહી' તથા 'એક મોતી ... એક જ્યોતિ'ના લોકાર્પણનો કાર્યક્રમ જે સુચારુ રીતે સમ્પન્ન થયો, તેનો હેવાલ વાંચતાં આનંદ થયો. બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્યની સમૃધ્ધિમાં અણમોલ વધારો કરી રહી છે. પરદેશમાં ભાષાસાહિત્યની આ સેવા સરાહનીય છે. વિવિધ સર્જકોનાં કાવ્યો પરત્વે નિર્મિશ ઠાકરની પ્રતિકૃતિ વાંચવી ગમી. નિર્મિશ ઠાકર ગુજરાતી સાહિત્યમાં હવે વિખ્યાત નામ છે. જાણીતા સર્જક વિવેચક ચન્દ્રકાન્ત શેઠે નિર્મિશ ઠાકર વિશે ખરું લખ્યું છે : 'નિર્મિશ ઠાકર એક સર્જક તરીકે કેવા સંવેદનશીલ છે તે એમનું સર્જન જોતાં તરત સમજાય છે. ગુજરાતી કવિતાના વારસાને એમણે બરાબર રીતે આત્મસાત્ કર્યો હોવાની, એ રીતે ઉત્તમ કાવ્યરસિક હોવાની અને સારા પ્રતિકાવ્ય સર્જક અને વ્યંગસર્જક હોવાની સ્પષ્ટ પ્રતીતિ આપણને કરાવી છે.'

ઑગસ્ટ અંકમાં રતિલાલભાઈ ચંદરયાના સન્માનનો હેવાલ વાંચવા મળ્યો છે. ગુજરાતી લેકિસકોનનું સ્વાગત થયું. આ વિસ્તૃત અહેવાલ અને વિવિધ લેખો વાંચીને ખૂબ જાણવા મળ્યું છે. વિદેશમાં વસવાટ કરવા છતાં, માતૃભાષા ગુજરાતીની તથા ગુજરાતની સંસ્કૃતિનાં સંવર્ધન માટે આવા આવા ઐતિહાસિક કાર્યક્રમો યોજવા માટે અને સફળતાથી સમ્પન્ન કરવા માટે તમને ધન્યવાદ હજો. ત્યાંની અકાદમી વિશે સગવડે વિસ્તૃત લેખ કરવાની મેં ઈચ્છા સેવી છે. હરિકૃષ્ણ પાઠક તથા ભદ્રા વડગામાના લેખો દ્વારા પણ ખૂબ સમજવા અને જાણવા મળ્યું છે. ભદ્રાબહેને ઐતિહાસિક અને સમકાલીન યથાદર્શન કરાવ્યું છે. ધન્યવાદ.

સપ્ટેમ્બર અંકમાં ઉઘડતે પાને રજનીકાન્ત મહેતાનો લેખ વાંચીને વિચારમાં પડી જવાયું. લંડનમાં ધંધાર્થે આવવા તૈયાર લોકોને લેખમાં યથોચિત માર્ગદર્શન આપવામાં આવ્યું છે. 'મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું' સ્થંભમાં અત્યાર સુધીના તમામ ફોટાઓ અને તેની વિગતો વાટે ઘણી જ કામની વિગતો મળી છે. મને આ સ્થંભ બહુ જ ગમે છે. દરમિયાન, જયન્તભાઈ પંડ્યાને અંજલિ આપતા લેખો વાંચ્યા. આ અંકમાં વાર્તાસંગ્રહોનાં વિવરણો ય છે અને સરસ વાર્તા પણ છે.

વચ્ચે, તમારે ત્યાંથી વિજ્યાબહેન ભંડેરી તથા લાલજીભાઈ ભંડેરી, બંને અહીં આવ્યાં ત્યારે મળવાની તક સાંપડી હતી. ત્યારે ત્યાંની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની સરસ અને રોચક આપ-લે કરી હતી. ગમ્યું છે.

-બાબુલાલ ગોર

[65, Bhanushali Nagar, opp. Karmbhoomi Apartment, BHUJ - 370 001, Kutch, Gujarat, India]

# અમને ગૌતમ મળ્યો !

★ જગદીશ દવે

'આજે રામો શોધી નહીં લાવો તો રસોઈ મળવાની નથી.' લતાએ રસોડામાંથી નોટીસ આપી દીધી.

બે દિવસથી અમારો રામો આવતો ન હતો. આમ તો એ નિયમિત હતો ને દેશમાં હોળી વખતે જવાનો હોય તો બદલીમાં કોઈને મૂકીને જતો. પણ આ વખતે શું થયું તે સમજાતું ન હતું.

અમદાવાદમાં સરદાર પટેલ કૉલોનીનો ચોક એટલે રામાઓનો અડ્ડો. બધા રાતે ત્યાં જમાવે. પોતપોતાના શેઠશેઠાણીની ખામીઓની રસિક વાર્તાઓ થતી હોય. તમાકુ ચોળતાં ચોળતાં કે બીડીઓ ફૂંકતાં ફૂંકતાં વાતો ચાલતી હોય.

હું ત્યાં ગયો. પહેલાં તો કોઈ આવવા હા જ ન પાડે. જેમ તેમ એક નાના છોકરાને સમજાવીને લઈ ગયો.

'જો. વાસણકપડાં કચરાપોતું કરવાનાં. ખાવાની બોલી નહીં. વધશે તો આપીશ. બોલ, શું લઈશ?' લતાએ ઈન્ટરવ્યુ શરૂ કર્યો.

'છસો રૂપિયા, બેન. ને બપોરે એક વાર આવીશ. બધું પતાવી નાખીશ.' રામાભાઈ બોલ્યા.

'એ ન ચાલે. રાતનાં વાસણ બપોર સુધી ના રખાય. અમારો રામો તો સવારબપોરસાંજ ત્રણ વાર આવતો.' લતા ઉવાચ.

'ના, બેન. એ મને ન પોસાય. મારે બીજાં ઘણાં કામો છે.' રામાએ પોતાનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું.

'તો તું બે વાર આવજે, બસ?' લતાએ કડદો કર્યો, 'સવારે ને બપોરે. ને અમે બે જણા અને બે છોકરાં. બહારનાં કપડાં તો ધોબીને આપીએ છીએ. કામ કાંઈ બહુ નથી.'

'ઠીક. પણ ચાદરો હું નહીં ધોઉં. દર સોમવારે રજા પાળીશ. ને તમારે પાણીની ટાંકી છે ને? નળ જાય ત્યાર પહેલાં મારાથી નહીં અવાય.' રામકુંવરે શરતો મૂકવા માંડી.

'જો. ટાંકી તો મોટી છે. ને ચાદરો તો કોક વાર ધોવા નાખવી ય પડે.' લતાએ પાણી પહેલાં પાળ બાંધવા માંડી.

'ને વાસણ પલાળી રાખજો. કાચનાં વાસણો માટે રેટ કે વીમ જોશે. ને વારેતેવારે રાજી તો કરશો ને?' ચાદરોનો જવાબ ગળી જઈને પેટાશરતો શરૂ થઈ.

'એ તો બધું તું આવ્યા પછી વાત. ને જો, અહીં ઉપર પાણી ચડતું નથી. બાથરૂમમાં પંપથી બે ડોલ ભરી રાખવાની.' લતાએ પેટાહુકમો જોડ્યા।

'એ તો મારાથી નહીં થાય.' ચોખ્ખી ને ચટ ના પાડતાં આ ભાઈ સાહેબને જરા ય સંકોચ ન હતો।

લતા ઉશ્કેરાઈને કાંઈક સંભળાવવા જતી હતી તેને વારીને હું વચ્ચે પડ્યો:

'ભલે ભાઈ. પણ ફર્નિચર રોજ ઝાપટી લૂછવાનું.' મારે પણ માલિક તરીકે એકાદ કામ તો સોંપવું જોઈએ ને।

લતાને પોતાના પ્રાંતમાં આ દખલગીરી ના ગમી એટલે પાછો દોર પોતાના હાથમાં લઈ લેતા ઉમેર્યું:

'બારીઓ, બારણાં એકાંતરા લૂછવાના. અઠવાડિયે બાવાં પણ પાડવાં પડશે. બધું ચોખ્ખું રહેવું જોઈએ.'

વળી યાદ આવતાં ઉમેર્યું, 'ને હા, દળાવવા ચક્કીએ તારે જ જવાનું છે. કોઈક વાર અચાનક કોઈ ચીજવસ્તુની જરૂર પડે તો નાકેથી લઈ આવવાનું. હું તેના પૈસા જુદા આપીશ.'

'તું ક્યાં રહે છે?' ઘરના વડીલ તરીકે મારે તે જાણવું જરૂરી; ન પધારે તો તેડવા જવું પડે ને।

'કેતન સોસાયટીમાં. વકીલ સાહેબના બંગલામાં.' જાણે બંગલો પોતનો હોય ને વકીલ ભાડે રહેતા હોય એવા ઠાઠથી એણે જવાબ આપ્યો.

'જો, આ કાચનાં વાસણને 'વીમ'થી સાફ કરી નાખ. પછી ચોખ્ખા કપડાંથી લૂછીને આ ઘોડામાં ગોઠવવાનાં. બાકીનાં વાસણ નીચે લઈ જઈને ઉટકવાનાં. ને પ્રેશર કૂકરનું ઢાંકણું કાચના વાસણ સાથે અહીં જ સાફ કરી નાખજે. ને ચીકણાં વાસણ જુદાં રાખ્યાં છે તેને છેલ્લે ઉટકજે. વાસણને ઘોબા ન પડે. ને થાળીમાં ખાવાનું ઢાંક્યું છે તે પછી ખાઈ લઈ થાળી વાટકો સાફ કરી નાખજે.' લતાએ વિષ્ણુસહસ્ત્રનામાવલિ શરૂ કરી.

'આજથી નહીં, બેન. કાલથી આવીશ. આજે આ ખાતો જાઉં છું!'

અને ખાવાની થાળી લઈ એ અગાસીમાં જતો હતો ત્યારે મારાથી પૂછાઈ ગયું: 'તારું નામ શું?'

'ગૌતમ.'

લતા બુધ્ધની જેમ ઊભી રહી હતી।

[93A Harrow View, HARROW,
Miiddlesex HA1 4SZ, U.K.]

---

## તમારા વિના

□ નિરંજના દેસાઈ

*તમારા વિના આ સવારો ઊગે છે,*
*તમારા વિના સાંજ સુંદર ખીલે છે।*
*ફૂલ મ્હેકી ઊઠે, વૃક્ષ મ્હોરી ઊઠે,*
*તમારા વિના પંખી ગાતાં રહે છે।*
*ચંદ્ર ચમકી રહે, સૂર્ય ઝબકી રહે,*
*તમારા વિના વાયુ વ્હેતો વહે છે।*
*કવન કોળી રહે, જીવન સોહી રહે,*
*તમારા વિના મન પ્રભુરત લહે છે।*
*પૂછો તમે છો:*
*અમારા વિના તમને કેવું ગમે છે?*
*પૂછો તમે છો...*
*તમારા વિના મસ્ત ધડકન રહે છે।*
*તમારા વિના બસ ખુશાલી રહે છે।*

**(સદભાવ: 'આવતા રે'જો'માંથી)**

## વિસ્ફોટ

□ ફારૂક ઘાંચી 'બાબુલ'

*મારી આંખમાં ફૂટી નીકળેલું*
*સાતમું આકાશ*
*વાદળ થઈ વરસી પડે*
*અનરાધાર*
*ભીંજાયેલા હ્રદયમાં થાય શરૂ*
*વાવણી*
*લાગણીની*
*એક*
*કાચી માટીનું ખોરડું*
*ઓગળીને થઈ જાય*
*એકાકાર:*
*મારું શરીર*
*અનુભૂતિથી દૂર*
*જાણે*
*અજાણ્યા વાતાવરણમાં*
*પામે વિસ્ફોટ!*
*શેષ:*
*ઝરમરિયાં સંવેદનો*
*ફોરાં ફોરાં.*

**(સદભાવ: 'અસર'માંથી)**

પ્રકાશક : Parivaar Comminications, 4 Rosecroft Walk, WEMBLEY, Middx. HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 300 ગ્રાહક : 193 [17.11.2006]